મહાવીરનો

સાધનાપથ



- ચંદ્રહાસ ત્રિવેદી

મહાવીરનો સાધનાપથ

ચંદ્રહાસ ત્રિવેદી

: મુખ્ય વિક્રેતા :
ગૂર્જર એજન્સી
રતનપોળનાકા, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૨૨૧૪૪૬૬૩, ૨૨૧૪૯૬૬૦

MAHAVIRNO SADHANAPATH

by Chandrahas Trivedi

●

મહાવીરનો સાધનાપથ

© લેખક : ચંદ્રહાસ ત્રિવેદી

●

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૩

પૃષ્ઠ સંખ્યા : ૧૧૨

●

કિંમત રૂ. ૯૦-૦૦

●

: **પ્રકાશક** :

ચંદ્રહાસ ત્રિવેદી

'સુહાસ', ૬૪, જૈનનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૭

ફોન : ૨૬૬૨૦૬૧૦

●

: **વિક્રેતા** :

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

રતનપોળ નાકા, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

ફોન : ૨૨૧૪૪૬૬૩

નવભારત સાહિત્ય મંદિર

જૈન દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

ફોન : ૨૨૧૩૯૨૫૩

નવભારત સાહિત્ય મંદિર

૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨ ફોન : ૨૨૦૧૭૨૧૩

રૂપલ બુક એજન્સી

વલ્લભવિદ્યાનગર, જિ. આણંદ-૩૮૮૧૨૦, ફોન : ૦૨૬૯૨-૨૩૭૧૭૧

●

: **મુદ્રક** :

ચંદ્રિકા પ્રિન્ટરી, મિરજાપુર રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

અર્પણ

પ્રાપ્ત જીવનનો
ઉત્તમ ઉપયોગ કરી લેવા માગતાં
મારાં ધર્મપત્ની **શ્રીમતી સુમિત્રા ત્રિવેદીને**

– **ચંદ્રહાસ ત્રિવેદી**

શ્રી ચંદ્રહાસ ત્રિવેદીનાં પ્રસિદ્ધ થયેલાં પુસ્તકો (સ્વરૂપલક્ષી)

નવલકથા :	૧.	પાછે પગલે	૧૯૯૩
	૨.	સીમાની પેલે પાર	૨૦૦૧
	૩.	બદલાતા રંગ	૨૦૦૪
	૪.	રાજરમત	૨૦૦૯
	૫.	પરલોકવાસીની પ્રીત	૨૦૧૦
વિનોદ વ્યંગ :	૧.	તરંગોની ભીતરમાં	૧૯૯૪
	૨.	અષ્ટમ્ પષ્ટમ્	૨૦૦૦
	૩.	અવળી સવળી વાતો	૨૦૦૩
ટૂંકી વાર્તા :	૧.	પળનાં પલાખાં	૨૦૦૨
આત્મકથા :	૧.	સ્મૃતિની સાથે સાથે	૧૯૯૯
રેખાચિત્રો :	૧.	વાટે ને ઘાટે	૨૦૦૨
નિબંધ :	૧.	જીવતરને જીવી જાણીએ	૨૦૦૦
સંશોધન :	૧.	મૃત્યુ વિજયને પંથે	૧૯૯૬
	૨.	તનાવ : સમસ્યા અને સમાધાન	૨૦૦૦
	૩.	ધ્યાનવિચાર	૨૦૧૨
જૈન ધર્મ :	૧.	મહાવીરની સાધનાનો મર્મ	૧૯૯૪
	૨.	કર્મવાદનાં રહસ્યો	૧૯૯૪
	૩.	જૈન આચાર મીમાંસા	૧૯૯૫
	૪.	જૈન ધર્મનું હાર્દ	૧૯૯૬
	૫.	કર્મસાર	૨૦૧૧
બૌદ્ધ ધર્મ :	૧.	બૌદ્ધ ધર્મ : સિદ્ધાંત અને સાધના	૨૦૦૪
ગીતા ચિંતન :	૧.	ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે (ગીતાનું રહસ્ય ઉદ્‌ઘાટન)	૨૦૦૫
	૨.	ગીતાની ભગવત્તા	૨૦૦૬
	૩.	ગીતાજ્ઞાનસાર	૨૦૦૯
કથા ચિંતન :	૧.	બિંબ પ્રતિબિંબ	૧૯૯૨
(પર્સનલ એસેસ)	૨.	ઘટનાને ઘાટે	૧૯૯૬
	૩.	પારકી ભૂમિ પર ઘર	૧૯૯૯
	૪.	અલ્પનો વિસ્તાર	૨૦૦૧
	૫.	પણ હું મઝામાં છું	૨૦૦૩
	૬.	અંતિમ વળાંક	૨૦૦૭
	૭.	મૃત્યુ : સમસ્યા અને સમાધાન	૨૦૦૮

પ્રાસ્તાવિક

મહાવીરના સાધનાપથ ઉપર યાત્રા કરતાં પહેલાં કોઈ વ્યક્તિને પ્રશ્ન થાય કે સાધનાની આવી યાત્રા જ શા માટે કરવી ? તે વાતને ધ્યાનમાં રાખીને પુસ્તકની શરૂઆતમાં જ આ બાબતની વિશદ ચર્ચા કરવામાં આવી છે. જેથી વાચકને સાધનાપથની યાત્રા કરવાનું મન થાય.

સંસારમાં અનેક ધર્મધારાઓ વહેતી રહે છે. એમાં કઈ ધારા સાચી કે સારી તેની ચર્ચા કરવાનું કંઈ પ્રયોજન નથી પણ આ વિશે એક વાત સ્પષ્ટ તરી આવે છે કે સૌનું લક્ષ્ય સુખની પ્રાપ્તિ છે. ભગવાનની પ્રાપ્તિની વાત ઘણાં બધા કરે છે. પણ છેવટે તો તે આત્યંતિક સુખની જ વાત છે. આ પ્રાપ્તિ માટે બધા ધર્મોએ પોત-પોતાના માર્ગો ચાતરી લીધા છે. આ બધા માર્ગોમાં જૈન સાધનામાર્ગ કેવી રીતે વિશિષ્ટ છે તેની એક પ્રકરણમાં વિગતે ચર્ચા કરવામાં આવી છે.

જૈન ધર્મનો પાયાનો સિદ્ધાંત છે કે જીવ માત્રના દુઃખનું અને ભવોભવના રઝળપાટનું કારણ કર્મ છે. જીવની કર્મસહિત અવસ્થા એ તેનો સંસાર છે. જીવની કર્મરહિત અવસ્થા એટલે અનંત સુખમાં જીવની કાયમ માટે સ્થિતિ જે ધર્મનું લક્ષ્ય છે. જૈન ધર્મનો સાધનામાર્ગ આત્મામાંથી પરમાત્મા થવાનો છે. આ લક્ષ્યને સિદ્ધ કરવા માટે જીવે કર્મરહિત થવું પડે અને તે કેવી રીતે સરળતાથી થઈ શકે તેની વાત આ પુસ્તકમાં વિશિષ્ટ રીતે કરવામાં આવી છે.

આ લક્ષ્યને સિદ્ધ કરવા માટે જૈન ધર્મમાં અનેક અનુષ્ઠાનોનું આયોજન કરવામાં આવેલ છે. પણ એ બધાનું અંતિમ લક્ષ્ય છે કર્મરહિત અવસ્થા. હવે જો કર્મરહિત થવું હોય તો જીવે કર્મ કરવાનું સદંતર બંધ કરવું પડે જે એટલું સરળ નથી અને તત્કાલ થઈ શકે તેવું નથી. તો તેના વિકલ્પમાં નવાં થતાં કર્મોને બને તેટલાં રોકવાં અને પહેલાંનાં જે કર્મો જીવ સાથે લાગેલ હોય (સંચિત કર્મ) તેને કાઢવાં-ખંખેરી નાખવાં એ સરળમાં સરળ

સાધના છે. આ માટેના પારિભાષિક શબ્દો છે : **કર્મનો સંવર અને કર્મની નિર્જરા.**

મહાવીરનો સાધનામાર્ગ કર્મના સંવર અને નિર્જરાનો માર્ગ છે. જે સિદ્ધ કરવા માટે આ પુસ્તકમાં કાયસંવર ઈન્દ્રિયસંવર, વાક્‌સંવર, મનસંવર અને શ્વાસસંવરની વિશેષ ચર્ચા કરવામાં આવી છે. કર્મના ભોગવટા સાથે જીવનમાં નિર્જરા તો સ્વયં થતી જ રહે છે પણ તે જોઈએ તેટલી થતી નથી. તેની સાધનાને વેગ કેવી રીતે આપી શકાય તેની વાત બંધ અને નિર્જરાના પ્રકરણમાં કરવામાં આવી છે.

'ઉપયોગે ધર્મ' નામનું પ્રકરણ એ આ પુસ્તકની વિશિષ્ટતા છે. તેમાં ઉપયોગ, અધ્યવસાય, લેશ્યા ઈત્યાદિનો કર્મ ઉપર શું પ્રભાવ પડે છે તે વાત સમજાવીને કર્મના સંવરની અને કષાયશુદ્ધિની ચર્ચા કરવામાં આવી છે જે કર્મના પ્રવાહને પ્રથમ પડાવ ઉપર જ રોકી દેવા માટે કે તેને પાતળો કરી દેવા માટે ઘણી ઉપયોગી થઈ પડે તેવી છે. જો 'ઉપયોગ' ને સાચવી લઈએ તો આપણે કેટલાંય કર્મોના કે અનિષ્ટ કર્મોના બંધનમાંથી બચી જઈએ. ઉપયોગ-અધ્યવસાય-લેશ્યા એ જૈન ધર્મના મહત્ત્વના પારિભાષિક શબ્દો છે.

કર્મના સંવરની અને કષાયશુદ્ધિની સાધના અમુક સમય પૂરતી જ સાધના નથી. જો જાગૃતિ રાખીએ તો જીવનની પ્રત્યેક પળે કરી શકાય તેવી તે સાધના છે. આ રીતે સાધના કરતા રહીએ તો થોડાક જન્મોમાં તો મુકામે પહોંચીને અનંત સુખમાં સ્થિતિ કરી શકીએ અને આપણા ભવોભવના રઝળપાટનો અંત આવી જાય.

આજના વ્યસ્ત જીવનમાં રોજિંદી પ્રવૃત્તિઓ કરતાં કરતાં પણ સંવરની અને નિર્જરાની મૂળભૂત સાધનાનો માર્ગ દર્શાવતું આ પુસ્તક સાધકને ઘણું ઉપયોગી થઈ પડે તેવું છે. એમાંય વૃદ્ધાવસ્થા કે રોગને કારણે પરવશ બની ગયેલા લોકો માટે તો તે આશીર્વાદરૂપ થઈ પડે તેવું છે.

'સુહાસ' ૬૪, જૈનનગર
અમદાવાદ-૩૮૦ ૦૦૭
ફોન : ૨૬૬૨૦૬૧૦

– **ચંદ્રહાસ ત્રિવેદી**
તા.૧૮-૮-૨૦૧૩

લેખકનો પરિચય



ઈ. સ. ૧૯૩૦માં કપડવંજમાં જન્મ. અર્થશાસ્ત્ર અને રાજકારણના વિષયો સાથે માસ્ટર ડિગ્રી લઈને અમદાવાદ અને મુંબઈની કૉલેજોમાં અધ્યાપન કાર્ય કર્યું. લગભગ પાંચ વર્ષ સુધી દિલ્હીમાં ઑલ ઇન્ડિયા રેડિયો ઉપરથી સમાચાર આપ્યા અને બે વર્ષ સુધી મુંબઈ રેડિયો સ્ટેશન ઉપરથી પરદેશમાં વસતાં ભારતીય ભાઈ-બહેનો માટે સમાચાર આપતા રહ્યા. જીવનના ઉત્તર કાળમાં પચીસ વર્ષ સુધી મૂળ બ્રિટિશ કંપની ગૅનન ડંકર્લિ ઍન્ડ કું.માં રીજીયોનલ મૅનેજરના ઉચ્ચ પદ ઉપર રહ્યા અને ત્યાંથી નિવૃત્ત થયા.

જીવ-જગત અને ઈશ્વર વિશે જાણવાની અદમ્ય ઝંખનાને કારણે વિધ વિધ ધર્મોનો અભ્યાસ કરતા રહેલા અને જેવા નિવૃત્ત થયા કે તુરત જ સાહિત્યસર્જન તરફ વળ્યા. સાહિત્ય તરફની સદાયની અભિરુચિ તેથી સંસ્કૃત, ગુજરાતી અને અંગ્રેજી સાહિત્યનું ઠીક ઠીક પરિશીલન કર્યું. જીવનનાં સાઠ વર્ષ પછી લખવા માંડ્યું. છતાંય આજ સુધીમાં તેમનાં ત્રીસ ઉપર પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે. તેમણે ધર્મ ઉપર તો લખ્યું જ, પણ સાહિત્યનાં વિધ વિધ સ્વરૂપોને સ્પર્શીને પણ ઘણું લખ્યું છે. તેમણે નવલકથાઓ લખી, આત્મકથા લખી, ટૂંકી વાર્તાઓ લખી અને હાસ્યવિષયક પુસ્તકો પણ લખ્યાં. 'તનાવ' જેવા મનોવૈજ્ઞાનિક વિષય ઉપર લખ્યું તો 'મૃત્યુ' જેવા ગહન વિષય ઉપર પણ લખ્યું. 'કર્મવાદનાં રહસ્યો' નામનું તેમનું પુસ્તક ઘણું વખાણાયું અને તેની સાત આવૃત્તિઓ પ્રસિદ્ધ થઈ.

છેલ્લાં પંદર-વીસ વર્ષથી તેઓ ગુજરાત સમાચારની 'અગમ નિગમ'ની પૂર્તિના 'ધર્મલોક'માં ચિંતનાત્મક લેખો **'વિમર્શ'** શીર્ષક હેઠળ લખે છે.

ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી માનવતાલક્ષી સાહિત્ય માટેનું પારિતોષિક તેમના **'પારકી ભૂમિ પર ઘર'** પુસ્તક માટે આપવામાં આવેલ છે. હ્યુમન સોસાયટી ઑફ ઇન્ડિયા તરફથી તેમને તેમની સત્ત્વશીલ નવલકથા **'સીમાની પેલે પાર'** માટે કનૈયાલાલ માણેકલાલ મુનશી ઍવૉર્ડ આપવામાં આવેલ છે. મૌલિક ચિંતનના પથ ઉપર આજે પણ તેમની કલમ આગળ વધી રહી છે.

અનુક્રમણિકા

૧	સાધના શા માટે ?	૯
૨	સાધનાના વિધ વિધ માર્ગો	૧૭
૩	મહાવીરનો સાધનાપથ	૨૭
૪	સહજ સાધના	૪૦
૫	યોગસંવર-૧	૪૯
૬	યોગસંવર-૨	૫૯
૭	બંધ અને નિર્જરા	૭૧
૮	ઉપયોગે ધર્મ	૮૪
૯	સિદ્ધિને માર્ગે	૯૮
	શબ્દસમજ	૧૧૨

આવરણ ચિત્ર : ધરતીમાંથી ઊગી નીકળતું ફૂલ જીવાત્માનું સૂચક છે. ફૂલમાં દેખાતો પ્રસન્ન રંગ વિકાસની સંભાવનાઓ દર્શાવે છે. ચિત્રની અંતર્ગત દેખાતો પ્રકાશનો પુંજ સિદ્ધિનો દ્યોતક છે. વચ્ચે દેખાતા વિધવિધ રંગો જીવાત્માની બદલાતી કષાયરંજિત લેશ્યાઓના રંગ છે. અજ્ઞાતના અંધકારમાંથી આવતા જીવાત્માઓએ કષાયોથી મુક્ત થઈ સકળ કર્મોનો ક્ષય કરી સિદ્ધિપદ સુધીની યાત્રા કરીને અનંત અવ્યાબાધ સુખમાં અવસ્થિત થવાનું છે. આ છે સાધનાપથ.

૧ સાધના શા માટે ?

જીવનમાં આપણે કોઈ પણ પ્રવૃત્તિ કરીએ ત્યારે આપણા મનમાં તેના માટે જાણતાં-અજાણતાં લક્ષ્ય બંધાયેલું હોય છે. નિરર્થક લાગતી પ્રવૃત્તિ પાછળ પણ આપણું એક લક્ષ્ય હોય છે. કોઈ સ્થૂળની પ્રાપ્તિની વાત ન હોય તો પણ છેવટે આનંદ મેળવવાનું લક્ષ્ય તો હોય છે. પ્રાણી માત્ર આનંદ માટે-સુખ માટે પ્રવૃત્તિ કરે છે.

અબોલ એવાં પશુ-પક્ષી પણ કંઈ મેળવવા આમતેમ ફરતાં હોય છે કે ઊડતાં હોય છે. જે જીવોમાં મનનો વિકાસ થયો હોતો નથી તેમની પ્રવૃત્તિ પ્રમુખતયા કંઈ ખાવા-પીવાનું શોધવા માટે થતી હોય છે. છાંયડામાં ઊભું રહેલ પ્રાણી તડકો આવતાં તેની જગા બદલીને બીજે જ્યાં છાયા હોય ત્યાં જાય છે. શિયાળો હોય તો પશુ તડકો જોઈને બેસે છે અને તડકા પ્રમાણે પોતાની જગા બદલે છે. એ જ રીતે વરસાદથી બચવા પ્રાણીઓ આમતેમ આશ્રય શોધતાં નજરે પડે છે. ભેંશ જેવાં પાણીપ્રિય પશુઓ જ્યાં પાણીનું ખાબોચિયું જુએ ત્યાં બેસી પડે છે. આ બધામાંથી એક જ સાર નીકળે છે કે જીવ માત્ર સુખનો ઇચ્છુક હોય છે અને જ્યાં તેને સુખ લાગે તે તરફ તે ગતિ કરે છે, પ્રવૃત્તિ કરે છે.

આપણે ઉપર જે વાત કરી તે ખાસ તો એવા જીવોને અનુલક્ષીને કરી કે જેમનામાં મન અને બુદ્ધિનો વિકાસ થયેલો હોતો નથી. પૂર્વના પુણ્યયોગે આપણે આજે મનુષ્યના ભવમાં આવી પડ્યા છીએ જ્યાં આપણને મન અને બુદ્ધિ પ્રાપ્ત થયેલાં છે, જેને કારણે આપણે જોઈ વિચારીને પ્રવૃત્તિ કરી શકીએ તેમ છીએ, પણ મોટે ભાગે મનુષ્યો વિચારીને પ્રવૃત્તિ કરતા નથી. તેઓ પણ જન્મજાત સંજ્ઞા-કે વૃત્તિના પ્રેર્યા જ પ્રવૃત્તિ કરતા દેખાય છે. મનને અનુકૂળતા લાગે કે સુવિધા રહે તે તરફ સામાન્ય રીતે માણસની પ્રવૃત્તિ હોય છે.

જીવ માત્ર નાનો હોય કે મોટો હોય, ચાર સંજ્ઞાઓ લઈને જન્મે છે. આ

ચાર સંજ્ઞાઓ છે: **આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ.** જીવ આહાર ઉપર જ નભે છે. જન્મતાંની સાથે જ જીવ આહાર ગ્રહણ કરવા માંડે છે. આહારની સંજ્ઞા લઈને જ જીવ જન્મે છે. તે જ રીતે ભય, મૈથુન અને પરિગ્રહની સંજ્ઞા પણ જીવ જન્મની સાથે જ લઈને આવે છે. જીવમાત્રની પાસે પોતાનો પ્રાણ બચાવવાની સહજવૃત્તિ હોય છે. જીવને જ્યાં લાગે કે તેના પ્રાણને ખતરો છે ત્યાંથી જીવ વગર વિચારે પણ ખસીને જ્યાં સુરક્ષિતતા લાગે તે તરફ સરકી જાય છે. મૈથુન-પ્રજાઉત્પત્તિની અને પરિગ્રહની સંજ્ઞા પણ જીવની સાથે જન્મજાત રહેલી હોય છે. જીવ અલ્પ વિકસિત અવસ્થામાં હોય તો ત્યાં સંજ્ઞાઓ સ્પષ્ટ ન વર્તાય પણ તે તેની સાથે રહેલી તો હોય જ. જેમ જીવ વિકસિત તેમ તેની સંજ્ઞા સ્પષ્ટ.

પરિગ્રહ એ પણ જન્મજાત સંજ્ઞા છે. દરેક જીવનું શરીર તે તેનો પ્રથમ પરિગ્રહ છે. શરીરના પરિગ્રહની પાછળ તો જીવનો સમસ્ત સંસાર રચાય છે અને નભે છે. વિકસિત જીવોમાં પરિગ્રહની પસંદગીને અવકાશ હોય છે જે અલ્પ વિકસિત અવસ્થાના જીવોમાં શક્ય હોતો નથી. આપણા સભ્ય સમાજના લોકોની આટલી બધી દોડધામનું કારણ જ પરિગ્રહની સંજ્ઞા છે. જેનામાં પરિગ્રહની વૃત્તિ ઓછી તે ઓછું દોડવાનો, જેનામાં આ વૃત્તિ વધારે તે જીવનભર દોડતો જ રહેવાનો. જો માણસ પોતાના પરિગ્રહને પરિમિત કરી દે - મર્યાદિત રાખે તો તે વધારે શાન્તિથી જીવી શકે અને કદાચ વધારે સુખે જીવી શકે. પરિગ્રહ એ આજના સમાજનું દૂષણ છે - જે વિકાસના લેબાસમાં સમાજ ઉપર છવાઈ ગયું છે.

જીવનમાં માણસ દોડતો જ રહે છે, જન્મથી મૃત્યુ સુધી દોડતો જ રહે છે તે આ સંજ્ઞાઓનો પ્રેર્યો. અલ્પવિકસિત જીવો પાસે તો વિચાર શક્તિ નથી તેથી તેઓ તો દોડ્યા કરે કૂટાયા કરે, તેમનું જન્મવું, જીવવા માટે ભટકવું અને મરવું તેમના હાથમાં નથી હોતું - તેમના નિયંત્રણમાં નથી હોતું, પણ માનવીની પાસે તો મન છે, બુદ્ધિ છે, વિચારશક્તિ છે છતાંય તે દોડ્યા કરે છે તે જોઈને નવાઈ લાગે છે.

આપણે તો વિચારશીલ વ્યક્તિ છીએ. આપણે જરા થોભીએ અને વિચારીએ, હું શાના માટે દોડું છું? તેના ઉત્તરમાં આપણી અંદરથી એક

ધીમો અવાજ સંભળાશે કે હું સુખ માટે દોડું છું. આનંદ મેળવવા દોડું છું જે સુખ છે તેને કાયમી કરવા માટે જીવનભર ઝઝૂમ્યા કરું છું. આટલી વાત સ્પષ્ટ થઈ જાય એટલે આગળ વિચાર કરવાનો માર્ગ મોકળો થઈ જવાનો. હવે આપણે આપણા ચિંતનની ધારાને આગળ લઈ જઈએ તો બે પ્રશ્નો ઊભા થવાના. એક તો જે સંજ્ઞાઓની તૃપ્તિ માટે આપણે દોડીએ છીએ, આટલા બધા આરંભ-સમારંભ કરીએ છીએ તેની હવે આપણને જરૂર છે ખરી કે પછી આપણી પાસે ઘણું બધું આવી ગયું છે છતાંય કેવળ જન્મજાત સંજ્ઞાઓને કારણે વગર જરૂરના દોડ્યા કરીએ છીએ? જે લોકોને ખાવાના સાંસા પડતા હોય તેઓ દોડે - જિંદગીમાં ઝઝૂમે તો તેને ક્ષમ્ય ગણી શકાય. જેમનું જીવન સુરક્ષિત હોય નહીં, કાલનો દિવસ કેવો ઊગશે કે શું ખાઈશું તેની ચિંતા રહેતી હોય તે સતત દોડતો રહે તે વાત કંઈ સમજી શકાય પણ જેઓ બધી વાતે તૃપ્ત હોય, ભાવિની કંઈ ચિંતા કરવી પડે તેમ ન હોય, છતાંય તેઓ દોડ્યા જ કરે તો તેને શું સમજવું?

એનો સીધો સાદો એ અર્થ થયો કે આપણું સ્ટેશન આવી ગયું, આપણું ગામ આવી ગયું છતાંય આપણે ગાડીમાંથી ઊતર્યો જ નહિ. ગાડી ગમે તેટલી સુખ-સુવિધાવાળી હોય, કદાચ લાંબા અંતરની હોય છતાંય તેનું આખરી સ્ટેશન આવવાનું જ એ વાત તો નક્કી. તે વખતે તો આપણે ઊતર્યા વિના છૂટકો થવાનો નથી. એવી પરિસ્થિતિમાં મુકાઈએ ત્યારે લાગવાનું કે જ્યારે ઘર-ગામ આવ્યું ત્યારે ઊતરી ગયા હોત તો અત્યારે વધારે સુખ-શાન્તિમાં હોત પણ આપણે ગાડીમાં બેઠા જ રહ્યા. ગાડી સુખ-સુવિધાવાળી હતી તેથી મુસાફરી કરતા જ રહ્યા એટલે હવે એવા સ્થાને ઊતરવાનું આવ્યું કે જ્યાં આપણને કોઈ ઓળખતું નથી. પ્રદેશ અજાણ્યો છે. વળી રાતનો વખત છે. હવે શું થશે? માનવીના જીવનની આ વાત રૂપક દ્વારા રજૂ કરાઈ છે.

તેનો તાત્ત્વિક અર્થ એ છે કે જ્યારે દેવ-ગુરુ-ધર્મ સુલભ હતા સંજ્ઞી પંચેન્દ્રિય અવસ્થામાં હતા ત્યારે જીવનનું લક્ષ્ય સાધી ન લીધું તો હવે શું થવાનું? ભવાટવીમાં ફરી આવી તક મળેય ખરી અને ન પણ મળે. માટે જે સમય મળે તેને સાધી લો અને મળેલી તકને ગુમાવશો નહિ.

મોહવશ થઈને દોડવું તે એક સંજ્ઞા છે. માણસ તેને આધીન થઈને જીવનભર દોડ્યા કરે છે. તે દોડે છે ઘણું પણ પહોંચતો કયાંય નથી. જે લોકો આ વાત સમજીને સ્વયં અટકી જાય છે અને માર્ગ બદલી નાખે છે. તેઓ વધારે સુખી થાય છે. કેટલાક સુજ્ઞ લોકો તો દોડતા પહેલાં જ વિચારી લે છે કે હું જે બાજુ દોડું છું તેની દિશા તો બરાબર છે ને? હું જેને માટે દોડું છું તે સુખ-શાન્તિ મને ત્યાંથી મળશે કે પછી મારો ફેરો ફોગટ જશે?

આપણને જીવનભર દોડાવનાર જે ચાર સંજ્ઞાઓ છે તે કયારેય તૃપ્ત થતી નથી. જેમ જેમ આપણે તેને સંતોષતા જઈશું તેમ તે વધારે વકરવાની. અગ્નિમાં આપેલી ઘીની આહુતિથી અગ્નિ કયારેય તૃપ્ત થતો નથી, ઊલટાની તેની આગ વધારે પ્રજ્વલિત થાય છે અને તેમાંથી મોટા ભડકા નીકળે છે. તેવું સંજ્ઞાઓની બાબતમાં છે. સંજ્ઞાઓની તૃપ્તિથી આપણને જે આનંદ આવે છે તે ક્ષણિક હોય છે. માણસ માને છે કે સંજ્ઞાઓ તૃપ્ત થતાં સુખ-શાન્તિ મળશે પણ વાસ્તવિકતા તેનાથી ઊલટી છે. આપણે પ્રયાસ કરીએ છીએ સુખમાં જવાનો અને ઊતરીએ છીએ દુઃખમાં કારણ કે આપણે વાતને મૂળથી જ અવળી પકડી છે.

આ બધી ચર્ચા ઉપરથી એ વાત સ્પષ્ટ રીતે ફલિત થાય છે કે જીવ માત્ર સુખનો ઈચ્છુક છે પણ ખોટો માર્ગ પકડ્યો હોવાને કારણે તે દુઃખમાં ઊતરી આવે છે અને તેનું મહામૂલું જીવન વેડફી દે છે. બીજી બાજુ સાધનાનો માર્ગ એવો છે કે જે આત્યંતિક સુખમાં જઈને જ વિરમે છે અને એ એવું સુખ છે કે જે એક વખત સિદ્ધ થયા પછી ચાલ્યું જતું નથી. સાધનાથી પ્રાપ્ત થતા સુખને અવ્યાબાધ સુખ કહે છે. વ્યાબાધ વગરનું સુખ. આપણે સંજ્ઞાઓની તૃપ્તિથી જે સુખ મેળવીએ છીએ તે વ્યાબાધવાળું સુખ છે. વાસ્તવિકતામાં તે સુખ જ નથી હોતું. તેને સુખાભાસ કહીએ તો વધારે યથાર્થ છે. વ્યાબાધવાળું સુખ એટલે આપણને કયાંક અસુખ લાગે - પીડા લાગે અને તેને દૂર કર્યા પછી આપણને જે સુખની લાગણી થાય તે સુખ. આપણે જીવનમાં જે સુખ પાછળ દોડીએ છીએ તે એક પ્રકારના દુઃખનિવારણથી પીડાના શમનથી મળતા સુખથી વિશેષ નથી.

જો ઉદાહરણથી આ વાતને સમજીએ તો એમ કહી શકાય કે શરીરમાં

આવતી ચળને ખણવાથી જે સુખ લાગે તેના જેવું સુખ. તે કંઈ ખરું સુખ નથી. ખરું સુખ તો સ્વાસ્થ્યમાં છે. ચળ જ ન આવે તે વધારે સારું કે પછી ચળ આવે અને આપણે ખણવું પડે તે વધારે સારું ? સાધનાથી મળતું સુખ એ જીવને સ્વાસ્થ્યથી મળતા સુખ જેવું છે, જેને અવ્યાબાધ સુખ કહે છે. સાધનાનું લક્ષ્ય આ સુખ છે.

જેને એમ જ હોય કે મને તો વ્યાબાધવાળા સુખમાં મજા આવે છે તેને માટે સાધનાપથ નથી. જેને એમ જ હોય કે ભલે મને ખરજવું થયું. તે છે તો મને તે ખણવાની મજા આવે છે. આવી વ્યક્તિના ખરજવાને મટાડવાની જરૂર જ ક્યાં રહી ? ગ્રામીણ પ્રદેશમાં એક કથા પ્રચલિત છે. કોઈ એક ધીટ માણસની પીઠ ઉપર બાવળિયાનું ઝાડ ઊગ્યું. તે શરીરમાં ભોંકાય ત્યારે ઘણી પીડા થાય. લોકો આ માણસ તરફ સહાનુભૂતિ બતાવતાં બોલે – બિચારાને કેટલું દુઃખ ! ત્યારે આ માણસ કહે મને તો બાવળિયાથી રાહત છે તેના લીધે મને છાંયડો થાય છે તેથી મને તાપ નથી લાગતો.

આમ જે લોકોને સંસારનાં દુઃખગર્ભીત સુખો ગમતાં જ હોય તેમની પાસે સાધનાની વાતો કરવાનો અર્થ નથી. તેવા લોકો માટે આપણે કંઈ કરી શકીએ નહિ. જેમને ઈન્દ્રિયોનાં સુખો જ ગમતાં હોય, સંજ્ઞાઓની તૃપ્તિમાં જ આનંદ આવતો હોય, જેમને જેવું હોય તેવું જીવન ગમતું જ હોય તેમના પ્રતિ ઉદાસીન ભાવ રાખવાનું શાસ્ત્રોમાં વિધાન છે. તેમના માટે આપણે કહી શકીએ કે હજુ તેમનો કાળ પાક્યો નથી. હજુ વાર છે.

જેઓ એમ કહે છે કે સંસાર રૂડો-રૂપાળો છે. એમાં અમને તો મઝા આવે છે. એમાનાં મોટા ભાગના લોકો સુખી સંપન્ન હોય છે. પૂર્વજન્મોનાં પુણ્યોને કારણે જીવનમાં તેમના પાસા સવળા પડતા હોય છે. વળી તેઓ જુવાનીના જોશમાં હોય છે. પણ કોઈનો પુણ્યોદય ભાગ્યે જ કાયમ એક સરખો રહે છે. જ્યાં પુણ્ય પરવારે છે ત્યાં બાજી પલટાઈ જાય છે. ધારેલા પાસા પડતા નથી. જે લોકો આપણાં માન-સન્માન કરતા હોય છે તેઓ આપણને જોઈને મોં ફેરવી લે છે.

એમાંય વળી વૃદ્ધાવસ્થાના ઓળા ઊતરવા માંડે છે ત્યારે તેઓ ભયભીત થઈ જાય છે અને પછી બચવા માટે આમતેમ ઝાવાં નાખે છે. પણ ગયેલો

સમય પાછો આવતો નથી. જે સમય ચૂકી ગયા તે તો ગયો જ. પછી જે સમય હાથમાં રહ્યો તે ઘણો અલ્પ હોય છે. વળી એ પણ વિપરીત હોય તો સાધના કરવાનું મુશ્કેલ બની જાય છે. આવા લોકોને પછી તો વ્યાબાધવાળું સુખ પણ દુર્લભ બની જાય છે. તેમના ભાગ્યમાં પછી તો ખણવાથી મળતું સુખ પણ નથી હોતું. તેમને તો તે વેળાએ ચળનુંય દુઃખ અને ખણવાનુંય દુઃખ. આમ અંતે તેઓ બંને રીતે પીડાતા કણસતા, નિઃસાસા નાખતા શેષ જીવન વિતાવે છે.

જો વાતની સમાલોચના કરીએ તો **સાધના સુખ માટે છે** – અવ્યાબાધ સુખ માટે છે. સંસાર એટલે જ દુઃખ અને એમાં જે સુખ લાગે છે તે કેવળ આભાસી હોય છે. તેનાથી મળતું સુખ વ્યાબાધવાળું હોય છે. જેને વાસ્તવિકતામાં સુખ જ ન કહી શકાય. **આચાર્ય હરિભદ્રસૂરિએ** યથાર્થ કહ્યું છે જે દૂધમાં વિષ ભળેલું હોય તેને દૂધ કેમ કહી શકાય! તેમ જે સુખમાં દુઃખ ભળેલું હોય તેને સુખ કેમ કહેવાય!

સાધનાનું લક્ષ્ય અવ્યાબાધ સુખ છે. આ સુખ સ્વાસ્થ્યના સુખ જેવું છે. એટલું જ નહિ પણ તે એક વાર આવ્યા પછી જતું નથી રહેતું. જો મુક્તિ પણ આવ્યા પછી ચાલી જતી હોય અને વળી પાછા આ લોકમાં અવતરવું પડતું હોય તો તે મુક્તિ પણ મુક્તિ ન કહેવાય. ભગવાન મહાવીરે એ વાતનું પ્રતિપાદન કર્યું કે એક વાર જીવાત્મા સર્વકર્મથી રહિત થઈ જાય, શુદ્ધ થઈ જાય પછી તેને નવાં કર્મ લાગી શકતાં નથી, તેથી તો જૈન ધર્મમાં મુક્તિનું આટલું મહત્ત્વ છે. મહાવીરનો માર્ગ એ મુક્તિનો માર્ગ છે. વળી આ મુક્તિ અનંત અવ્યાબાધ સુખની દાતા છે. તેથી તો તે સિદ્ધ કરવા માટે આપણે પુરુષાર્થ કરવાનો છે અને આવો પુરુષાર્થ કેવળ માનવભવમાં જ થઈ શકે તેમ છે. આવી મુક્તિ પ્રાપ્ત કરવાનો માર્ગ મહાવીરે અંકિત કર્યો છે.

જે લોકો પોતાના લક્ષ્ય વિશે સ્પષ્ટ થઈને માર્ગ પકડે છે તેઓ મોડા-વહેલા પોતાનું લક્ષ્ય સિદ્ધ કરીને રહે છે. જો માર્ગ સાચો હોય, તેની દિશા બરોબર હોય તો મંજિલ મળી રહેવાની શક્યતા ઘણી વધી જાય છે. મહાવીરનો માર્ગ આત્મામાંથી પરમાત્મા બનવાનો છે. જે માર્ગે યાત્રા કરીને મહાવીર પરમાત્મા બની ગયા તેનું અહીં નિરૂપણ કરવાનો મેં પ્રયાસ કર્યો છે.

સંસારમાં વિવિધ સાધનાપથો જોવા મળે છે. સૌને પોતાનો સાધનાપથ પૂર્ણ લાગે અને તેના અનુયાયીઓ માનતા રહે કે દુનિયામાં આ એક જ માર્ગ સાચો છે અને તે જ આપણને પરમ આનંદની સ્થિતિમાં લઈ જશે – લક્ષ્ય સુધી પહોંચાડશે. વળી આ માર્ગો ઘણીવાર તો એકબીજાથી તદ્દન વિપરીત દિશામાં જતા હોય છે તેથી વિચારશીલ વ્યક્તિ મૂંઝાઈ જાય કે કયો પથ સાચો કે કયો પથ ખોટો? આ બાબત સ્પષ્ટ ન થવાને કારણે ઘણા લોકો તો માર્ગ માત્ર મૂકી દે છે અને સંજ્ઞાપ્રેરિત જીવન જીવ્યા કરે છે અને અમૂલ્ય જીવન વેડફી નાખે છે.

આપણે અહીં એ વાતની ચર્ચામાં નથી પડવું કે કયો સાધનાપથ સાચો કે ખોટો કે કેટલે અંશે વિશ્વસનીય, પણ વિચારશીલ વ્યક્તિએ સાધનાપથ ઉપર આગળ વધતાં પહેલાં એ વાતની ખાતરી કરી લેવી કે આપણે જે માર્ગ પકડ્યો છે તે માર્ગ લક્ષ્ય સુધી લઈ જશે કે ક્યાંક અધવચ અટકી જશે કે પછી ગોળ ગોળ ફરીને જ્યાંથી આપણે નીકળ્યા હતા ત્યાં જ આવીને ઊભા રહેવાનું તો નહીં થાય ને? બહુ ઓછી વ્યક્તિઓ આ રીતે વિચાર કરીને પોતાનો સાધનામાર્ગ પસંદ કરે છે. મોટા ભાગના લોકો તો પરંપરાથી મળી આવેલ માર્ગને પકડીને જીવન પૂરું કરી નાંખે છે. આવા લોકોની અંતિમ સમયે સ્થિતિ 'રાહ કહીં ? રાહી કહીં ? રાહબર કહીં ?' જેવી હોય છે. બાકી જે માર્ગ લક્ષ્ય સુધી ન પહોંચાડે તેને માર્ગ જ કેમ કહેવાય?

અહીં આપણે એક એવા સાધનાપથની વાત કરવી છે કે ચર્ચા કરવી છે જેનું લક્ષ્ય અવ્યાબાધ સુખ અને તે પણ શાશ્વતકાળ સુધીનું. જ્યાં કેવળ અસ્તિત્વનો આનંદ વિલસતો હોય, ક્યાંય કંઈ ખોટ વર્તાતી ન હોય. સ્વયં તુષ્ટ અને સ્વયં પર્યાપ્ત વાસ્તવિકતામાં આ અવસ્થા જ આપણો સ્વભાવ છે. આપણે તેને ચૂકી જઈએ છીએ કારણ કે આપણે વિભાવોમાં રાચીએ છીએ. આપણે વિભાવોને જ સ્વભાવ માનીને જન્મોજન્મ જીવ્યા છીએ પણ આજે હવે આપણે સ્વભાવની અભિમુખ થયા છીએ અને સાધનાપથ વિશે વિચાર કરી રહ્યા છીએ. સામાન્ય રીતે આપણે સ્વભાવને છોડીને વિભાવોમાં રાચીએ છીએ જે ક્યારેય શાશ્વત-કાયમ રહેનારા નથી હોતા. આપણે જન્મની સાથે મૃત્યુ લઈને આવ્યા હોઈએ છીએ અને રોજ આપણે

મૃત્યુ સમીપે જઈએ છીએ. આ પરિસ્થિતિમાં જીવે કંઈ સાધવા જેવું હોય તો તે છે ધર્મ-સ્વભાવમાં આવી જવાનું.

અત્યારે આપણે ત્યાં ધર્મનો અર્થ સંકુચિત થઈ ગયો છે. ધર્મ એટલે સંપ્રદાય નહીં, ધર્મ એટલે વસ્તુનો સ્વભાવ. આપણો સ્વભાવ હંમેશાં આપણી સાથે રહેનારો હોય છે. આપણા આત્માનો સ્વભાવ અનંત અવ્યાબાધ સુખ છે. પણ આપણે વિભાવોમાં રમતા હોવાને કારણે તેનાથી વંચિત રહીએ છીએ. આ જન્મમાં આપણે જે કાંઈ કરવાનું છે તે વિભાવો છોડીને સ્વભાવમાં આવી જવાનું. આપણે આપણા ગુણોનો - સંપદાઓનો આર્વિભાવ કરવાનો છે. આ છે માનવજીવનનું ઉત્કૃષ્ટ લક્ષ્ય. આ લક્ષ્ય તરફ જે દોરી જાય તે સાધનાનો પથ.

આ પુસ્તકનો હેતુ ભગવાન મહાવીરે ચાતરેલા સાધના પથનું સરળ રીતે નિરૂપણ કરીને તે સૌને સુલભ કરી આપવાનો છે. મહાવીરનો માર્ગ ઘણો તર્કબદ્ધ છે. સાંગોપાંગ છે. મહાવીરનો સાધનાપથ સૂક્ષ્મ છે પણ કલિષ્ટ નથી. ઘણાને તે કષ્ટમય દેખાય છે પણ વાસ્તવિકતામાં તે આનંદથી વિભૂષિત થયેલો છે. આપણે જો તેને તત્ત્વમાં જઈને સાધીએ તો તે અત્યંત સરળ અને સચોટ છે. આ પુસ્તકમાં આ વાત વિગતે દર્શાવવામાં આવેલી છે.

૨. સાધનાના વિધ વિધ માર્ગો

આપણને કોઈ દુઃખ હોય અને આપણે તેનું નિવારણ કરવું હોય તો દુઃખનું કારણ શોધવું જોઈએ. કારણ જાણ્યા વિના નિરાકરણ થઈ શકે નહીં. જ્યાં સુધી માણસને બધું જોઈતું મળી રહે છે ત્યાં સુધી તે કારણ શોધવાની પળોજણમાં પડતો નથી. વળી એ પણ ખરું કે કારણ શોધવા જેટલી માણસમાં શક્તિ અને વૃત્તિ બંને જોઈએ. પશુ-પક્ષીઓ પોતાના દુઃખના કારણની પળોજણમાં ક્યાં પડે છે? સંજ્ઞાઓ - instinct થી દોરાઈને તેઓ જીવ્યા કરે છે. આપણને જાણીને નવાઈ લાગે કે મનુષ્યભવમાં મોટા ભાગના માણસો કારણની પળોજણમાં પડતા નથી અને જેવું જીવન આવી મળ્યું તેવું જીવ્યા કરે છે. તેઓ પોતાના દુઃખ-નિવારણ માટે ઝાઝો કે ઊંડો વિચાર કરતા નથી અને જે આવે તેને સ્વીકારી લે છે.

જે માણસ જાગ્રત હોય છે, વિચારશીલ હોય છે અને જેની પાસે કારણ શોધવા જેટલી ફુરસદ હોય છે કે સમય કાઢી શકે છે તે જ દુઃખનાં કારણો શોધવા લાગે છે અને પછી તેના નિવારણ માટે પ્રયાસ કરે છે. વળી એ પણ ખરું કે દુઃખ જેવા પ્રાણપ્રશ્નનું કારણ શોધવાનું અને એનું નિવારણ કરવાનું એટલું સરળ નથી. આવી શક્તિ બધાની પાસે નથી હોતી અને એમ કરવાની ઇચ્છા પણ નથી હોતી. લોકો સામાન્ય રીતે જેમ જીવતા હોય એમ જીવ્યા કરે છે અને સુખ-દુઃખ સહેતાં સહેતાં જીવન પસાર કરી દે છે.

મોટા ભાગના લોકો દુઃખ નિવારણનો જે માર્ગ તેમને સુલભ હોય, તેમને જન્મથી જે મળ્યો હોય તે પકડીને જીવી લે છે. સામાન્ય રીતે માણસ દુઃખ નિવારણ માટે સુખ-શાંતિ માટે તેના પોતાના ધર્મ પ્રતિ નજર નાખે છે અને તેના આચાર-વિચાર-આદેશ વગેરે અપનાવી લે છે. પણ એ રીતે બહુ ઓછા લોકોના હાથમાં દુઃખ નિવારણનો સાચો માર્ગ

આવે છે અલબત્ત એ રીતે માણસને થોડોક સધિયારો મળી રહે છે એની તો ના ન કહેવાય.

આજે આપણે જગતમાં જે બધા ધર્મો જોઈએ છીએ તે દુઃખ નિવારણ માટે કે સુખની સિદ્ધિ માટે મહાપુરુષોએ સ્થાપેલ છે. જ્યારે કોઈ વિચારશીલ વ્યક્તિને ચિંતન કરતાં દુઃખનું કારણ મળી આવે છે કે તેના નિવારણનો માર્ગ મળી આવે છે ત્યારે સાધનામાર્ગની નિષ્પત્તિ થાય છે. વળી એ પણ ખરું કે આમ માર્ગ મળ્યો હોય તેવી બધી વ્યક્તિઓ પણ સાધનામાર્ગની સ્થાપના કરતી નથી. જે બડભાગી લોકોને માર્ગ મળ્યો હોય છે એમાંથી કોઈક જ બહુજન સમાજના કલ્યાણ માટે માર્ગ સ્થાપે છે. અને પ્રચલિત કરે છે. અને એ રીતે સંસારમાં વિધ વિધ ધર્મો અસ્તિત્વમાં આવ્યા હશે એમ લાગે છે. સમય જતાં આવા ધર્મોના અનુયાયીઓમાંથી કેટલાક માણસોએ જ ધર્મ વિશે જરા જુદી રીતે વિચાર કરતાં તેમાંથી ફાંટા પડી જઈને કેટલાય સંપ્રદાયો ઊભા થઈ જાય છે. તેને કારણે આજે આપણી સમક્ષ અનેક ધર્મો અને સંપ્રદાયો છે અને સૌને લાગે છે કે તેમની પાસે જે છે તે જ સાચો ધર્મ છે અને તે જ સાચો માર્ગ છે.

પ્રત્યેક ધર્મના સ્થાપક તો માનવી માત્રના સુખનો-કલ્યાણનો વિચાર કરીને ધર્મનો માર્ગ બતાવતા હશે પણ એ બધાના દર્શનમાં તરતમતા હોય છે તેથી સર્વ ધર્મ સરખા હોતા નથી. અહીં આપણે એમ કહી શકીએ કે સર્વ ધર્મનું લક્ષ્ય દુઃખનિવારણ અને સુખશાંતિમાં સ્થિતિ હશે પણ દરેકનો માર્ગ એ લક્ષ્ય સુધી લઈ જતો હશે એમ ન કહી શકાય. જેણે જ્યાં સુધી જોયું તેણે ત્યાં સુધી બતાવ્યું હશે એમ માનીએ. એમાં કયાંક આત્મવંચના પણ હોય તો કયાંક આત્મશ્લાઘા પણ હોય. વળી કોઈકે વાત વધારીને પણ કહી હોય તો કોઈકે વાત ગોપવીને પણ રજૂ કરી હોય. આ બધી તો મહાપુરુષોના અંતરની વાતો છે તેના વિશે આપણે શું કહી શકીએ? આ બધામાંથી નીર-ક્ષીરને છૂટાં પાડવાનું કામ ઘણું દુષ્કર છે. અને એમ કરવાની જરૂર જ શી છે? જ્યાં આપણી સમક્ષ રાજમાર્ગ પડ્યો હોય ત્યાં આડે-અવળે શા માટે ફંટાઈને સમય વેડફીએ? ગમે તેટલું આયુષ્ય મળ્યું હોય તો પણ તે અલ્પ જ ગણાય, માટે મળેલા સમયને ઉત્તમ રીતે સાધી

લઈએ તે જ આપણે માટે ઈષ્ટ છે.

સંસારમાં માનવીના દુઃખના નિવારણ માટે, તેનાં સુખ શાંતિ માટે જે મહાપુરુષોએ વિચાર કર્યો અને બહુજન સમાજ સમક્ષ પોતાને મળેલ માર્ગ મૂક્યો તેમાં ઉપનિષદોની રચના કરનાર ઋષિમુનિઓ, મહાવીર, બુદ્ધ, હજરત મહંમદ પેગંબર, અષો જરથુષ્ટ, મોઝી (મુસા), ઈશુ ખ્રિસ્ત, ગુરુ નાનક ઈત્યાદિ છે. આ મહાત્માઓએ સ્થાપેલ માર્ગો આજે વિદ્યમાન છે અને અનેક લોકો જે તે માર્ગ અપનાવીને જીવન વ્યતીત કરે છે. અહીં તો પ્રમુખ માર્ગોનો જ ઉલ્લેખ કરેલ છે. પણ આ પ્રત્યેક માર્ગમાંથી ફંટાઈને નાના માર્ગો પણ નીકળેલા છે. તેમનો ઉલ્લેખ અહીં નથી કરવામાં આવ્યો પણ તેને લીધે તેઓ અલ્પ છે એમ નથી માનવાનું.

વાસ્તવિકતામાં હિંદુ ધર્મનો માર્ગ એક નથી પણ તેમાંથી અનેક માર્ગો નીકળેલ છે. હિંદુ ધર્મની પ્રત્યેક ધર્મધારા માતબર છે અને પ્રચલિત છે. હિંદુ ધર્મના પ્રત્યેક આચાર્યને જે દર્શન લાધ્યું તેને આગળ કરીને તેમણે પોતાના માર્ગની સ્થાપના કરી છે. એમાં ષડ-છ દર્શનોનો સમાવેશ થઈ જાય છે. આ દર્શનોને આસ્તિક દર્શનો કહેવામાં આવે છે કારણ કે તેમાં ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર કરવામાં આવેલો છે. આ દર્શનો વેદોને પ્રમાણભૂત ગણે છે. દરેક દર્શનના આચાર્યએ પોતાના સ્થળ અને કાળને અનુરૂપ અર્થઘટન કરીને તત્કાલીન સમાજની આવશ્યકતાને નજરમાં રાખીને પોતાના માર્ગની સ્થાપના કરી હોય તેમ લાગે છે. આ છ દર્શનો વચ્ચે તાત્ત્વિક ભેદ સૂક્ષ્મ છે. સામાન્ય માણસ તો પોતાને મળેલી પરંપરાને અનુલક્ષીને ધર્મ પાળતો હોય છે અને એ પ્રમાણે તેનો સાધનામાર્ગ હોય છે.

બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મનો આ છ દર્શનોમાં સમાવેશ નથી કરવામાં આવતો કારણ કે તેઓ વેદોને પ્રમાણ ગણતા નથી. વળી તેઓ સંસારની રચના કરનાર તરીકે કોઈ હસ્તીનો સ્વીકાર કરતા નથી. તેમણે સંસારને સ્વયંભૂ માન્યો છે. તેમની પ્રમુખ દલીલ એ છે કે જો ભગવાન સ્વયંભૂ હોઈ શકે તો પછી સંસાર પણ સ્વયંભૂ હોઈ શકે. આ દલીલ ઘણી તાર્કિક છે. આજના વૈજ્ઞાનિક યુગમાં તે વધારે સ્વીકાર્ય બની રહે છે. પરંતુ માણસ ધર્મને તર્કથી ઓછો મૂલવે છે.

ધર્મ મોટે ભાગે શ્રદ્ધાનો વિષય છે. તેની સાથે માણસ લાગણીના તંતુથી જોડાયેલ હોય છે. જન્મતાંની સાથે બાળકને જે ધર્મ, અધર્મ કે જે પરિસ્થિતિ મળે છે તેનાથી તેનું મન (conditioned) ઘડાઈ જાય છે. પછી તે એવું ટેવાઈ જાય છે કે તેમાં આવતી બધી વાતો તેને સહજ સ્વીકાર્ય બની જાય છે. આ બાબત ભારતના મહાન વિચારક જે. **કૃષ્ણમૂર્તિ** કહેતા કે જ્યાં સુધી માણસ પોતાની જન્મદત્ત પરિસ્થિતિના ઊંડાણ સુધી પહોંચીને તેની અસરોમાંથી મુક્ત થતો નથી ત્યાં સુધી તેને સત્યનો સાક્ષાત્કાર થતો નથી. પણ આ કામ દુષ્કર છે. તેથી લોકો મોટે ભાગે પોતે જે વિચારધારામાં જન્મ્યા હોય તેને જ સત્ય માનીને તેના બતાવેલ માર્ગને ઈષ્ટ કે ઉત્તમ માનીને જીવે છે અને મરે છે. આ વાત સ્વાભાવિક છે. પોતે જે સંપ્રદાયમાં જન્મ્યો હોય તેનાથી દૂર ઊભા રહીને તેને તટસ્થતાપૂર્વક મૂલવવાનું કામ માણસ માટે ઘણું કપરું છે.

આપણે વિધ વિધ ધર્મોને કારણે આવી મળેલ સાધના માર્ગોનો ઉલ્લેખ કર્યો છે. પણ આ વિષય ઉપર આપણે અન્ય રીતે વિચાર કરી શકીએ જે આપણને સત્યની વધારે નજીક જવામાં સહાય કરી શકે. વિધ વિધ સંપ્રદાયોને વચ્ચે લાવ્યા વિના અથવા તો તેમને બાજુએ રાખીને આપણે સાધનાની દષ્ટિથી વિચાર કરીશું તો આપણા લક્ષ્યને સમજવાનું આપણા માટે વધારે સરળ બની રહેશે. અને એ પણ ખરું કે સાધનાના લક્ષ્યને સમજ્યા વિનાની યાત્રાનો કંઈ અર્થ નથી.

ભલે તબીબી સંશોધનો અને શરીરની સંરચના સારી રીતે જાણી શકવાને કારણે આપણું આયુષ્ય વધ્યું હોય પણ તેમ છતાંય તે ઘણું મર્યાદિત છે. પૃથ્વીના લાખ્ખો વર્ષના અસ્તિત્વની સામે આપણા આયુષ્યમાં દશ-વીસ વર્ષનો વધારો થયો હોય તેથી શું ફેર પડવાનો હતો? તેને અલ્પ માનીને જ આપણે જીવનની મળેલી એકેક પળનો ઉપયોગ કરી લેવો જોઈએ અને વધારે તો એટલા માટે કે આ રીતે ઉપયોગ કરી લેવાની સુવિધા આપણને કેવળ માનવભવમાં જ પ્રાપ્ત થાય છે.

સાધના માર્ગ વિશે વિગતે વિચાર કરવા માટે આપણે તેનું વિભાજન કરીએ તો આપણને જે પ્રમુખ ધારાઓ મળે છે એમાં જ્ઞાનમાર્ગની

સાધના, કર્મમાર્ગની સાધના અને ભક્તિમાર્ગની સાધના છે. દરેક સાધના માર્ગમાં આ ત્રણેય વાતો ઓછે-વત્તે અંશે આવ્યા વિના રહેતી નથી; પણ એમાં મૂળ વાત શું છે, કયા સિદ્ધાંતને આધારે તે ઊભી છે તે વાત ઘણી મહત્ત્વની બની જાય છે.

આ ત્રણેય ધારાઓથી અલગ પડીને મહાવીરે અને બુદ્ધે પોતાનો સાધનાપથ ચાતર્યો હતો. કેટલાક અસ્તિત્વવાદીઓએ એવો વિચાર પણ આગળ કર્યો હતો કે આ સાધનામાર્ગ શોધવાનો કંઈ જ અર્થ નથી. માનવી એટલો અસહાય છે કે તે કંઈ કરી શકતો નથી. અર્થાત્ કે જે રીતે અસ્તિત્વની વ્યવસ્થા છે તેમાં ફેરફાર કરવાનું તેનું ગજું નથી અને તેનો અવકાશ પણ નથી. માટે પ્રસન્નતાપૂર્વક જે રીતે જીવી શકાય તે રીતે જીવતા રહો અને મોત આવે ત્યારે તેનો પણ પ્રસન્નતાથી સ્વીકાર કરી લો. અસ્તિત્વવાદીઓની વાત તદ્દન કાઢી નાખવા જેવી નથી. તે સત્ય નહીં હોય, તો પણ તેમાં સત્યનો અંશ તો છે - એમ લાગ્યા વિના નથી રહેતું.

સાધના માર્ગનું જ્ઞાન-કર્મ અને ભક્તિમાં કરવામાં આવતા વિભાજનમાં સંસારના લગભગ સર્વ સાધનામાર્ગો એક કે બીજી રીતે આવી જાય છે. તેથી આપણે તેને આગળ કરીને વધારે વિચાર કરીએ. સૌ પહેલાં જ્ઞાનમાર્ગ લઈએ તો તેના પાયામાં અસ્તિત્વ સાથે તાલ મેળવીને પ્રસન્નતાપૂર્વક જીવવાની વાત આવે છે. તેમના મતે સંસારમાં ક્યાંય સુખ કે દુઃખ જેવું કશું છે જ નહીં. આપણને જે સુખ-દુ;ખ લાગે છે તે આપણા અજ્ઞાનના કારણે. જેમ સ્વપ્નમાં માણસને સુખ કે દુઃખ લાગતું હોય પણ જેવું સ્વપ્ન ઊડી જાય કે પછી સ્વપ્નનું સુખ કે દુઃખ રહેતું નથી. તેમ એક વખત માણસને જ્ઞાન થઈ જાય કે તે અસ્તિત્વથી ભિન્ન નથી પછી સુખ-દુઃખનો લોપ થઈ જાય છે. આ અસ્તિત્વને જ્ઞાનમાર્ગીઓએ વિધ વિધ નામે ઓળખાવ્યું છે.

અસ્તિત્વની સૌથી વધારે પ્રચલિત ઓળખ **'બ્રહ્મ'** શબ્દથી કરવામાં આવે છે. પણ આ બ્રહ્મ શું છે, કેવું છે તે વિશે પૂછતાં એક જ ઉત્તર મળે છે. નેતિ-નેતિ-નેતિઃ તેને હકારાત્મક રીતે કહી શકાય તેમ નથી. બહુ બહુ

તો આપણે તેના માટે એમ કહી શકીએ કે તે આ નથી; તે તે નથી. આમ એ વાતને જો તર્કથી મૂલવવા જઈએ તો એનો એ અર્થ થાય કે આ 'બ્રહ્મ'ને ઓળખી શકાય જ નહીં. તે જેમ છે - તેમ છે. આપણે તેને શિર નમાવીને અર્થાત્ કે તેને સ્વીકારીને રહી શકીએ. જો તે પ્રસન્નતાપૂર્વક કરી શકીએ તો સાધના. જો રો-કકળ કરીને કરીએ તો સંસાર. 'બ્રહ્મ'ને પ્રશ્ન પૂછી શકાય નહીં. અર્થાત્ કે તે વિશે કોઈનેય ખબર નથી. તે અજ્ઞેય છે. બહુ બહુ તો એટલું તે વિશે કહી શકાય કે તે કંઈક છે પણ શું છે તે કોઈ જાણતું નથી.

આ જ વાતને આપણે બીજી રીતે મૂકી શકીએ કે 'બ્રહ્મ'ના સ્વીકાર વિશે આપણી પાસે બીજો વિકલ્પ જ નથી. આપણે જો કંઈ કરી શકીએ તો એટલું જ કરી શકીએ કે તેની સાથે એક પક્ષે તાદાત્મ્ય સાધીને કે અનુભવીને જીવીએ. આપણે એમાં એમ જ માનવાનું કે 'તે હું જ છું.' તે મારાથી ભિન્ન નથી. જો આલોચનાત્મક રીતે વાતને મૂલવીએ તો તેનો એ અર્થ થયો કે સકળ બ્રહ્માંડ એક ઓરકેસ્ટ્રા જેવું છે. આપણે તેની સાથે આપણો સૂર મેળવીને જીવીએ તો સુખી. જો તેની સાથે વિસંવાદનમાં જીવીએ તો દુઃખી. જો વાતની સમાલોચના કરીએ તો સંસાર કે અસ્તિત્વ જેમ છે તેમ છે અને તેની ઉત્પત્તિ વિશે આપણે કંઈ જાણી શકીએ તેમ નથી. આપણે અસ્તિત્વ સાથે તાદાત્મ્ય સાધીને, તેના સૂરમાં સૂર મેળવીને જીવીએ તે જ સાધના અને આ વાત લક્ષ્યમાં રાખીને જ્ઞાનમાર્ગીઓએ તેમના આચાર-વિચાર ગૂંથ્યા હોય એમ લાગે છે.

આ જ વાતને ભક્તિમાર્ગીઓએ બીજી રીતે લીધી હોય તેમ લાગે છે. તેઓ અસ્તિત્વનું પૃથક્કરણ કરી શકયા નહીં કે તેમ કરવાની પળોજણમાં પડ્યા જ નહીં. તેઓ એક ધારણા લઈને આગળ વધ્યા કે ઉપર આસમાનમાં કયાંક કોઈ એક હસ્તી છે જે સર્વશક્તિશાળી છે. તે આ સંસારનું સર્જન કરે છે, તે જ આ સંસારનું પાલન કરે છે અને તે જ તેનું વિસર્જન કરે છે. તે સર્વ શક્તિમાન છે. તે ધારે તેમ કરી શકે તેમ છે. કર્તુમ્, અકર્તું અન્યથા કર્તું સમર્થ એવા અસ્તિત્વને તમે ભગવાન કહો કે પરમાત્મા કહો - તેની સત્તાની સામે તમે કોઈ અવાજ ઉઠાવી શકો જ

નહીં. સંસારમાં આમ કેમ છે, આમ કેમ નથી એવો કંઈ વિચાર જ આપણે કરવાનો નહીં. જે છે તે પરમાત્માની ઈચ્છાથી છે, જે નથી તે પણ તેની ઈચ્છાથી નથી. એ વિશે આપણે કંઈ પ્રશ્ન કરવાનો જ નહીં. એમણે તો ત્યાં સુધી વાત કરી કે કોઈ જીવને મુક્ત કરવો કે ન કરવો તે બધું પરમાત્માને આધીન છે. તેની વ્યવસ્થા વિશે કંઈ પ્રશ્ન કરવો તે પણ અવિનય છે. તે તો તેની સર્વ સત્તા સામે બળવો કર્યા જેવી વાત થઈ જાય. આવા લોકોને તો તે સર્વસત્તા પળવારમાં નષ્ટ કરી નાખી શકે.

સ્વભાવિક છે આવી વિચારસરણીવાળા લોકોનો સાધનામાર્ગ **સમર્પણ** વિના બીજો શું હોઈ શકે? સમર્થ પ્રતિ શરણાગતિ તે જ માર્ગ. જો પ્રેમથી કરો તો તે પ્રસાદ બની જાય. જો તેની વ્યવસ્થામાં સંદેહ કરો તો તે પાપ બની જાય. સંસારમાં આપણને જે કંઈ મળ્યું તે તેની કૃપાથી મળ્યું. જે ન મળ્યું તે વિશે આપણે તેને પૂછનારા કોણ? તેને જે ઠીક લાગ્યું તેણે તે કર્યું. આવા લોકો માટે તો એક જ સૂત્ર : **ઈશ્વરેચ્છા બલિયસી.** તેને જો ઠીક લાગશે તો તે આપણને તેની પાસે બોલાવી લેશે અને ત્યાં અનંતકાળ સુધી તેની સેવા કરવાનો આપણને લાભ મળશે. જો તે કૃપા નહિ કરે તો આપણે સંસારમાં રખડતા રહેવાના. તે વિશે આપણે ફરિયાદ કરીએ તો તે સાર્વભૌમ સત્તાનો અનાદર કર્યો કહેવાય.

આપણે જીવનમાં જે કંઈ કરવાનું છે તે આવું સમર્થ અસ્તિત્વ જેમ રાખે તેમ આનંદથી રહેવાનું. તેની નિત સેવા કરવી તે જ સાધના માર્ગ. તે પ્રસન્ન થશે તો તે આપણો ઉદ્ધાર કરશે. આવા સમયે અસ્તિત્વને - પરમાત્માને કે ભગવાનને શું ગમશે કે શું નહીં ગમે તે જેમણે બતાવ્યું તેમને લોકોએ ગુરુસ્થાને સ્થાપી તેમને અનુસરવા માંડ્યા. આવા ગુરુઓમાં કંઈ ચમત્કારિક વાતો જોવા મળી કે જાણવા મળી એટલે લોકોના અમુક વર્ગે તેમને ગુરુ તરીકે સ્વીકારી લીધા અને તેમણે જે કહ્યું તે માની લીધું. આ ગુરુઓએ પોતાને ભગવાનના દૂત તરીકે ઓળખાવ્યા, તો કેટલાકે એવો દાવો કર્યો કે તેઓ ભગવાનનના સીધા સંપર્કમાં છે અને તે સમયની પરિસ્થિતિ અને તે સ્થળ-કાળમાં સમાજના અમુક વર્ગોએ આ લોકોને સ્વીકારી લીધા - તેમની વાત માની લીધી.

બાકી ક્યારેય કોઈ ભગવાને આવીને અર્થાત્ કે સ્વયં પ્રગટ થઈને એમ કહ્યું નથી કે આ મારો દૂત છે કે આ મારો પ્રતિનિધિ છે કે આ મારું પ્રિય પાત્ર છે. કોઈકે કહ્યું અને આપણે માન્યું - એના જેવી આ વાત વધારે લાગે છે. આ રીતે જ સંસારના ઘણા બધા ધર્મો અસ્તિત્વમાં આવ્યાનું દેખાય છે. અને તેના સ્થાપકો પરમપુરુષો તરીકે ઓળખાયા હોય એમ લાગે છે.

જે ધર્મોએ કોઈ એક સમર્થ અસ્તિત્વનું - હસ્તીનું પ્રતિપાદન કર્યું તે બધામાં એક કે બીજી રીતે શરણાગતિ, સમર્પણ કે ભક્તિની વાતનું પ્રાધાન્ય રહેલું છે અને તે જ તેમનો સાધનામાર્ગ બની રહેલો દેખાય છે. આ વર્ગની ધર્મધારાઓમાં શરણાગતિ અને ઈશ્વરકૃપા મહત્ત્વનાં બની જાય તે સ્વાભાવિક છે. અને જે તે ધર્મના સ્થાપકોએ તેમની વિચારસરણી ભગવાનને નામે જ આગળ ધરી છે અને સમાજના જે તે વર્ગોએ માની લીધું કે આ મહાપુરુષોને પરમાત્માએ આપણા કલ્યાણનો માર્ગ બતાવવા મોકલ્યા છે.

સંસારના ધર્મો જે ત્રણ ધારાઓમાં વહે છે તેમાં કર્મની ધારા વધારે પ્રચલિત અને વ્યવહારુ છે. અહીં એ વાતે સ્પષ્ટ થઈ જઈએ કે આ કર્મ ધારા જૈનોના કર્મવાદથી ઘણી ભિન્ન છે. જૈન ધર્મમાં કર્મને છોડવાની વાત પ્રમુખ સ્થાને છે. જ્યારે અહીં આપણે કર્મની જે ચર્ચા કરીએ છીએ તેમાં કર્મયોગની વાત છે. ગીતા કર્મયોગની પુરસ્કર્તા છે. ગીતાનું એ સાર તત્ત્વ છે.

પ્રાચીન કાળમાં ઉપનિષદમાં ઋષિમુનિઓએ માનવીના સુખ વિશે વિચાર કર્યો ત્યારે તેમને લાગ્યું કે સંસારમાં સુખ છે નહીં. સંસાર અસાર છે. સાચું સુખ આત્મામાં છે. તે પ્રાપ્ત કરવું હોય તો તે માટે સંસાર છોડવાનું - સંન્યસ્ત લેવાનું આવશ્યક છે. પણ બધા સંસાર છોડે તો સંસાર ચાલે કેમ? સંન્યાસી નભે કોના ઉપર? સાથે સાથે તેમને પ્રજાની ઉત્પત્તિ માટે સંસાર આવશ્યક લાગ્યો તેથી તેમણે મનુષ્યના જીવનનું ચાર ભાગોમાં વિભાગીકરણ કર્યું. બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થ આશ્રમ અને સંન્યાસ આશ્રમ. આ રીતના **આશ્રમધર્મમાં** કર્મને છોડવાની અને કર્મને

રાખવાની બંને વાતો આવી ગઈ.

આમ છતાંય કેટલાક તત્ત્વજ્ઞોએ સંન્યાસ ઉપર જ ભાર મૂક્યો અને ગમે તે ઉંમરે પણ સંન્યાસ લેવાની વાતની હિમાયત કરી. તેમના મતે સંસાર જ દુઃખનું કારણ છે તો તેને છોડવામાં વિલંબ શા માટે કરવો? આ ધારા હિંદુ ધર્મમાં જ **શ્રમણધારા** તરીકે ઓળખાઈ. એમાં વિત્ત ઉપાર્જન માટે કર્મ કરવાની છૂટ નહીં, પણ શરીરના નિભાવ માટે જે આવશ્યક વસ્તુઓ હોય તે બહુજનસમાજ પાસેથી ભિક્ષા લઈને ગ્રહણ કરવાની છૂટ રહી. આમ સંન્યાસીને પોતાના નિભાવ માટે ગૃહસ્થો ઉપર જ આધાર રાખવાની વાત તો રહી જ.

આ વિચારધારાને લીધે દેશમાં સંન્યાસીઓ, બાવાઓ વગેરેનો મોટો વર્ગ ઊભો થયો જે દેશના અર્થતંત્ર ઉપર બોજ સમાન બનતો ગયો. જેઓ જ્ઞાનસહ સંન્યાસ લેતા હતા, તેઓ લોકોને ધર્મનો ઉપદેશ આપવાનું કાર્ય કરતા અને એવા સંન્યાસીઓ સામે લોકો આદરથી જોતા હતા. આ ધારા કર્મસંન્યાસની ધારા તરીકે પ્રતિષ્ઠિત થઈ અને અદ્યાપિ પર્યંત તે ચાલુ રહેલ છે. આ પણ એક સાધનામાર્ગ છે.

શ્રમણધારાને બીજે છેડે **કર્મયોગ** આવીને ઊભો રહ્યો. સંસારમાં બધા સંન્યાસી બને તો સંસાર નભે જ નહીં. આમ પરાવલંબી બનીને જીવવું કેટલું વાજબી ગણાય? વળી સંન્યસ્ત જીવન એટલું સરળ પણ નથી. આવી બધી બાબતોનો વિચાર કરીને કેટલાક તત્ત્વચિંતકોએ કર્મયોગનો માર્ગ સ્થાપિત કર્યો. મહર્ષિ વ્યાસને આ માર્ગના મુખ્ય પુરસ્કર્તા કહી શકાય. ગીતામાં અન્ય યોગોની વાત કરવામાં આવી છે પણ તેમાં કર્મયોગને જ વધારે આગળ કરવામાં આવ્યો છે.

કર્મયોગમાં કર્મ રહે છે પણ તેને કુશળતાપૂર્વક કરવાની વાત છે. જીવનમાં કર્મ કર્યા વિના ચાલે તેમ જ નથી. સંન્યાસી ભલે સ્વયં કર્મ ન કરે પણ તેમના નિભાવ માટે સમાજમાં અન્ય કોઈએ તો કર્મ કરવું જ પડે છે. અને એ રીતે કર્મસંન્યાસ પૂર્ણ રીતે તો નથી જ પળાતો. જન્મ્યા એટલે કર્મમાંથી છૂટી શકાય તેમ જ નથી. તેથી કર્મ તો કરતા રહેવું પણ તે ફળની અપેક્ષા વિના કરવું. જેથી કર્મ રહે પણ કર્મનો ડંખ ન રહે. જ્યાં

ફળની અપેક્ષા જ ન હોય ત્યાં માણસને દુઃખી કોણ કરી શકે? વળી અપેક્ષા વિના થતું કર્મ વધારે સારી રીતે થતું હોય છે કારણ કે તે શુદ્ધ ભાવથી થતું હોય છે. કર્મયોગમાં બીજી પણ એક વાત સામેલ કરવામાં આવી કે જો કર્મમાંથી કર્તૃત્વ ભાવ કાઢી નાખીએ તો કર્મનું ફળ તો રહે જ પણ તેના તરફની આસક્તિ ન હોવાને કારણે તે સુખ-દુઃખનું કારણ ન બને. સંસારમાં રહીને સાધવાનો આ યોગ છે. તે આકાશી ન લાગે; તેની વાત વ્યવહારુ વધારે છે. આ પણ એક સાધનામાર્ગ છે જેની વાત એકદમ કાઢી નાખી શકાય તેમ નથી.

આપણે સૈદ્ધાંતિક દૃષ્ટિએ સાધનામાર્ગનું ત્રણ રીતે સામાન્ય વિભાજન કરીને વિચાર કર્યો જેથી તેમાં પરોક્ષ રીતે સર્વધર્મના સાધનામાર્ગોનો તત્ત્વાર્થ આવી જાય. એમાં જ્ઞાનયોગમાં - જ્ઞાનમાર્ગમાં અસ્તિત્વ સાથેના તાદાત્મ્યની વાત પ્રમુખ સ્થાને છે. ભક્તિમાર્ગમાં પરમાત્મા જેવી સર્વસમર્થ હસ્તીની ધારણા અને તેની શરણાગતિની અને તેની કૃપાની વાત પ્રમુખસ્થાને છે. કર્મયોગમાં ફળની અપેક્ષા રાખ્યા વગર કર્મ કરવાની અને કર્મમાંથી કર્તૃત્વભાવ કાઢી નાખવાની વાત પ્રમુખસ્થાને છે.

સર્વધર્મોના સાધના માર્ગની અંતર્ગત જ્ઞાન, ભક્તિ (સમર્પણ) અને કર્મની વાત એક કે બીજી રીતે આવી જ જાય છે. આ ત્રણેય માર્ગની વિશિષ્ટતા એ છે કે તેમાં જે અસ્તિત્વ છે તેને અનુલક્ષીને અનુરૂપ થઈ જવાની વાત છે. પણ એમાં ક્યાંય અવ્યાબાધ સુખની સિદ્ધિ માટે પુરુષાર્થ કરવાની વાત નથી. જે કંઈ હસ્તી છે તેને સમર્પિત થઈને - તેની કૃપાનું પાત્ર બનીને - તેમા સૂરમાં સૂર મિલાવીને જીવવાની વાત વિશેષ છે. આ બધાય માર્ગોમાં કર્મનો ઉલ્લેખ થયેલો છે, પણ એક આવશ્યક ક્રિયા તરીકે. પણ માનવજીવનને અસર કરનાર એક સ્વતંત્ર પરિબળ તરીકે કર્મને કોઈએ ઓળખ્યું નથી અને એ રીતે મહાવીરનો માર્ગ સૌથી ભિન્ન પડી જાય છે.

---

૩. મહાવીરનો સાધનાપથ

આપણે પ્રમુખ સાધનામાર્ગો ઉપર થોડોક વિચાર કર્યો. એમાં મોટે ભાગે કોઈ અજ્ઞાત અસ્તિત્વ-પરમાત્માને શરણે થવાની વાત અગ્રસ્થાને છે. એમાં પરમાત્માની મરજી પ્રમાણે ચાલવાની, તે ખુશ રહે તેમ વર્તવાની વાતનું પ્રાધાન્ય દેખાય છે. જે ધર્મો ફરિસ્તાઓએ કે પરમાત્માના પ્રતિનિધિઓએ સ્થાપેલા છે એમાં સર્વસમર્થ પરમાત્માનાં ફરમાનોની વાત વિશેષ છે. આ ફરિસ્તાઓએ બહુજન સમાજને પરમાત્માનાં ફરમાનોથી માહિતગાર કર્યા છે અને પરમાત્મા તમારી પાસેથી શું ઈચ્છે છે તેની વિગતો જણાવી છે. કેટલાક સંપ્રદાયોમાં એ વાતો ઉપર ભાર મૂકવામાં આવ્યો છે કે જો તમે પરમાત્માના આદેશોનું પાલન નહીં કરો તો તમે શિક્ષાને પાત્ર ઠરશો અને તમારે ઘણું સહન કરવું પડશે. જો તમે પરમાત્માના કહ્યા પ્રમાણે રહેશો તો પરમાત્મા રાજી રહેશે અને તમને સ્વર્ગમાં મોકલી આપશે.

હિંદુ ધર્મની શાખાઓમાં વાત જરા હળવી રીતે રજૂ થયેલી દેખાય છે કે જો તમે પરમાત્માને ગમતું કરશો તો તે તમને તેમની પાસે બોલાવીને રાખશે. ત્યાં તમને અનંતકાળ સુધી તેમની સેવાનો લાભ મળશે. અને તે સેવાના આનંદને જ પર્યાપ્ત ગણવામાં આવે છે. કયાંક પરમાત્મામય થઈ જવાની વાત છે પણ જે ઘણી સંદિગ્ધ લાગે. તેમાં કંઈ સ્પષ્ટતા ન દેખાય.

આ બધા ફરિસ્તાઓ કે દેવોના દૂતો કે ભગવાનના ભક્તોએ પરમાત્મા શું ઈચ્છે છે, તેમને શું ગમે છે તે વાતો બહુજનસમાજમાં વહેતી કરી છે પણ એમાં આપણને પરમાત્મા સ્વયં આમ ઈચ્છે છે કે કહે છે તેનાં પ્રમાણો નથી મળતાં. બસ, આપણે માની લેવાનું કે આ લોકો પરમાત્માને પ્રિય હતા અને પરમાત્માએ તેમને સાધન બનાવીને તેમના વિચારો આપણને જણાવ્યા. આ બધા દૂતો એવો દાવો કરતા હોય છે કે અમને

પરમાત્માએ સ્વયં કહ્યું પણ તે વાતની તેઓ તર્કગમ્ય ખાતરી કરાવી શકતા નથી. ગીતા જેવાં પુસ્તકોમાં ભગવાનના મુખમાં મૂકીને જે વાતો રજૂ કરવામાં આવી છે તેમાં પણ તેના રચયિતાના વિચારો વ્યક્ત થતા લાગે છે. એમાં રચયિતાના સ્થળ અને સમયની અસરો સ્પષ્ટ વર્તાય છે.

આમ બહુજનસમાજ જેને સત્ય માનીને ચાલે છે તેને એક પ્રકારની ધારણાથી વિશેષ ન કહી શકાય. જેમનામાં વિશ્વાસ મૂકીને ધર્મનાં ધારા-ધોરણો નક્કી થયેલાં હોય છે અને જેને નામે વહેતાં થયેલાં હોય છે તે બધાં કોઈ બહુશ્રુત વિચારકોએ નક્કી કરેલાં હોય તેવાં વધારે દેખાય છે. ક્યાંક તો આપણને આંધળાના ગોળીબાર જેવી વાતો પણ જોવા મળે છે.

આપણા ઘણા બધા ધર્મોની આ પાયાની વાત છે. જે વાત પાયામાંથી જ ખોટી હોય તે આગળ જતાં ગેરસમજ ઊભી કરે છે. આવી ગેરસમજને કારણે ધર્માંધતા ઊભી થાય છે જે વકરતાં યુદ્ધોમાં પરિણમે છે. જ્યાં વસ્તુનું દર્શન યથાર્થ ન હોય ત્યાં તેણે સ્થાપેલા માર્ગ ઉપર કેટલો વિશ્વાસ મૂકી શકાય? જો ડૉક્ટર કે વૈદ્યનું નિદાન જ ખોટું હોય તો રોગ મટે કેવી રીતે? કહેવાય છે કે અત્યાર સુધી પૃથ્વીના પટ ઉપર જેટલાં યુદ્ધો થયાં છે તેમાંનાં મોટા ભાગનાં ધર્મને નામે જ થયાં છે તે વાત વિચારવા જેવી છે. ઘણીવાર લાગે છે કે ધર્મ વિશે પુનર્વિચાર કરવાનો સમય પાકી ગયો છે. ક્યાંક આપણે ભળતી વાતોમાં તો ભરાઈ નથી ગયા?

આ પરિસ્થિતિમાં ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધે સ્થાપેલા માર્ગ આજના વૈજ્ઞાનિક યુગમાં વધારે તર્કગમ્ય લાગે છે. લગભગ અઢી હજાર વર્ષ પહેલાં સ્થપાયેલ આ માર્ગો વધારે વિશ્વસનીય લાગે છે. આ માર્ગોની એક વાત વિશિષ્ટ એ છે કે તે કોઈ ભગવાનને નામે સ્થપાયેલ ન હતા કે કોઈ ભગવાને સ્થાપ્યા ન હતા. આ માર્ગના પ્રણેતાઓ આપણા જેવા માનવી હતા. તેમણે માનવીના – જીવમાત્રના દુઃખનો વિચાર કરીને તેના નિવારણનો માર્ગ શોધી કાઢ્યો અને તેમણે સ્વયં ચાલીને તે તય કર્યો. આ રીતે ભગવત્તા પ્રાપ્ત કરી હોવાને કારણે તેઓ ભગવાન કહેવાયા. તેમણે સ્થાપેલ માર્ગ ભગવત્તા સુધી લઈ જાય છે.

ભગવાન બુદ્ધે તેમના માર્ગમાં આત્મા-પરમાત્માની વાત કરી નથી

પણ માનવીના દુઃખની વાત કરી - જીવના દુઃખની વાતને પ્રાધાન્ય આપ્યું. તેમણે કહ્યું : સંસારમાં દુઃખ છે; આ દુઃખનું કારણ છે, દુઃખનું નિવારણ થઈ શકે તેમ છે અને આ માટેનો માર્ગ અષ્ટાંગવાળો છે. એમાં કોઈ ભગવાનને રીઝવવાની વાત નથી, કંઈ માની લેવાની વાત નથી. પોતાની જાતે પ્રતીતિ કરતાં આગળ વધવાની વાત છે.

ભગવાન મહાવીરે જીવમાત્રના દુઃખનો વિચાર કર્યો પણ તેઓ એકલા દુઃખનિવારણ ઉપર અટકયા નહીં. તેમણે જીવાત્માની ઉત્કૃષ્ટ અવસ્થા સુધી પહોંચવાની વાત કરી. તેમણે અનંત ચતુષ્ટયીના આવિર્ભાવની વાત કરી. તેમણે આત્માના અવ્યાબાધ સુખની શાશ્વત સ્થિતિનું લક્ષ્ય બતાવ્યું. (અવ્યાબાધ એટલે દુઃખના નિવારણથી મળતું સુખ નહીં, પણ સ્વયંનો સુખાનુભવ).

મહાવીરને સર્વ દુઃખનું કારણ કર્મમાં લાગ્યું. તેમણે જોયું, જાણ્યું કે માણસ જે છે તે તેના કર્મને કારણે જ છે. માણસ જે રીતે વર્તે છે તેના ઉપર પણ તેનાં ગત જન્મોનાં કર્મની અસર હોય છે. પળે પળે કર્મ ઉદયમાં આવતાં રહે છે અને જીવાત્મા તે ભોગવતો જાય છે. મહાવીરે નિરીક્ષણ કર્યું કે માણસનું સમસ્ત જીવન બે પરિબળોના પરિણામરૂપ બની રહે છે. અંદરથી ઉદયમાં આવતાં કર્મોની અસરોનો પ્રવાહ સતત આવતો રહે છે. તેને ઔદયિક ભાવ કહે છે. તો બીજી બાજુ બહારની પરિસ્થિતિ અને નિમિત્તોનો પ્રભાવ જીવાત્માના વર્તન ઉપર પડતો રહે છે. જીવાત્મા નિમિત્તોની - સંજોગોની જે પ્રતિક્રિયા કરે છે તે તેનો પુરુષાર્થ બને છે. આમ જીવન પુરુષાર્થ અને પ્રારબ્ધ - ઉદયમાં આવતાં કર્મના પ્રભાવ - વચ્ચેના સંઘર્ષ જેવું બની રહે છે. જીવ વિકસિત હોય તો તે સભાનતાપૂર્વક પુરુષાર્થ કરે છે; તેમ ન હોય તો તેનો પુરુષાર્થ અંતઃવૃત્તિઓથી - જન્મજાત સંજ્ઞાઓથી પ્રેરિત હોય છે.

જે માણસ જાગેલો હોય છે તે વૃત્તિઓને આધીન થતો નથી અને નિમિત્તોને પણ વશ થતો નથી. તે આ બંનેના પ્રભાવથી બચીને ચાલે છે. તે નથી ઔદયિક ભાવને વશ થતો કે નથી નિમિત્તોને વશ થતો. તે પોતાના સ્વભાવમાં રહે છે. સ્વભાવમાં રહેનાર - આત્મસ્થ બનીને જીવનાર

વ્યક્તિ કર્મના તીવ્ર બંધ કરતો નથી. તે જે કંઈ કર્મબંધ કરે છે તે પણ અલ્પકાળ માટેનો હોય છે. આ રીતે બંધાયેલ કર્મ આસાનીથી આત્માથી છૂટાં પડી જાય તેવાં હોય છે. આ રીતે જે પુરુષાર્થ થાય છે તેને આત્મિક પુરુષાર્થ કહે છે જે કર્મની પરંપરા તોડવા માટેનો હોય છે.

જો માણસ વિચારશીલ ન હોય, કર્મની વ્યવસ્થાનું તેને જ્ઞાન ન હોય, જાગેલો ન હોય તો તે ઔદયિક ભાવોને આધીન થઈને ઘસડાતો રહેવાનો અને નિમિત્તોને વશ થઈને વર્તવાનો. ભગવાન મહાવીરના ચિંતનનો નિષ્કર્ષ હતો કે કર્મના ઉદયને બને એટલા અલિપ્ત રહીને ભોગવો અને નિમિત્તોને વશ ન થતાં તેને કેવળ દ્રષ્ટાભાવથી જોયા કરો. મહાવીરના માર્ગના આ બે કિનારા છે. તેની વચ્ચે તેમની સાધના વહે છે.

આપણે એ જોયું કે કર્મ ઉદયમાં આવે તે પ્રમાણે માણસના જીવન ઉપર તેની અસર વર્તાવા માંડે છે. પણ આ વાત અહીં અટકતી નથી. કર્મ ઉદયમાં આવીને ભોગવાઈ ગયા પછી તેની પરંપરા મૂકતું જાય છે – તે કર્મની વિષમ વાત છે. તેનું નિરસન કરવા માટે કર્મના મૂળ સુધી પહોંચીને તેનો પરાભવ કરવાની આવશ્યકતા ઊભી થાય છે.

જીવ કર્મ પ્રમાણે આયુષ્ય ભોગવે છે અને ભવાંતરમાં ભટકે છે. તેમાંથી તેને બહાર નીકળવાનો માર્ગ સૂઝતો નથી કારણ કે કર્મ આત્માના મૂળ ગુણોનો ઘાત કરે છે. આત્માનો ઘાત કરી શકવા માટે કર્મ સમર્થ નથી પણ તે આત્માના ગુણોને આચ્છાદિત કરીને જીવને તેની સંપદાથી વંચિત રાખે છે. આત્માના ચાર પ્રમુખ ગુણો છેઃ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય. જો આત્મા સાથે કર્મ ન હોય તો આત્મા તેની અનંત સંપદાઓ ભોગવી શકે અને શાશ્વત કાળ સુધી તેમાં અવસ્થિત થઈ શકે.

કર્મને કારણે જીવને દૃષ્ટિભ્રમ થાય છે. તેને કારણે તે વસ્તુ કે વિષય જે સ્વરૂપે છે તે સ્વરૂપે જોઈ શકતો નથી. જ્યાં દર્શન અશુદ્ધ હોય ત્યાં જ્ઞાન પણ વિપરીત જ થવાનું. કર્મને કારણે મોહ છે અને મોહને કારણે કર્મ છે. મોહ એ વિષવેલ છે. તેને તોડ્યા વિના આત્મા અમૃતફળ સુધી પહોંચી શકતો નથી. મોહને કારણે આત્મા પોતાના સ્વભાવમાં – ચારિત્રમાં વર્તી શકતો નથી. આત્મામાં અનંત શક્તિ છે પણ કર્મથી તે આવૃત હોવાને

કારણે માણસના જીવનમાં અનેક અંતરાયો આવતા રહે છે. ધારેલી તો શું પણ હકનીય વસ્તુ મળતી નથી. યોગાનુયોગ જો મળે તો ભોગવી ન શકાય કે વાપરી ન શકાય. વસ્તુ આપવાની ઈચ્છા હોય પણ આપી શકાય જ નહીં. ટૂંકમાં કહીએ તો કર્મને કારણે આત્મા પોતાના સ્વભાવમાં રહી શકતો નથી પણ વિભાવોમાં જ રાચ્યા કરે છે.

જીવ જ્યાં સુધી વિભાવોમાં રાચે છે ત્યાં સુધી તે તેની અનંત સંપદાઓઓ આવિર્ભાવ કરી શકતો નથી. તેથી આત્માના ગુણોનો ઘાત કરનાર ઘાતી કર્મોને તોડવાં એ સાધનાનું પ્રથમ ચરણ છે. સાધનાના બીજા ચરણમાં આત્મા સાથે વળગેલાં અઘાતી કર્મોનો જીવે ધ્વંસ કરવો પડે છે. ત્યાર પછી તે મુક્ત થઈ શકે છે. અઘાતી કર્મો આત્મા જે શરીરમાં વ્યાપીને રહેલો હોય છે તેને સ્પર્શતાં હોય છે. તેમાં નામ, ગોત્ર, આયુષ્ય અને વેદનીય કર્મો આવે છે.

શરીરનો દેખાવ તેની પ્રકૃતિ નામકર્મને લીધે હોય છે. જીવનો જે કુટુંબમાં જન્મ થાય છે તે પ્રમાણે તેને જીવનમાં તકો મળે છે. કયા કુટુંબમાં જ્ઞાતિ-જાતિ પરિવારમાં જન્મવું તે ગોત્રકર્મને આધીન હોય છે. આયુષ્ય એટલે કે જીવ જે શરીર લઈને આવ્યો છે તે કયાં સુધી અહીં રહેશે અને કયારે તે છોડવું પડશે. આ બાબત આયુષ્ય કર્મને આધીન હોય છે. વેદનીય કર્મ એટલે વેદના જે અનુકૂળ પણ હોય અને પ્રતિકૂળ પણ હોય. અનુકૂળ સંવેદન ગમે, પ્રતિકૂળ સંવેદનથી જીવને અશાંતિ લાગે. વેદનીય કર્મ જે રીતે ઉદયમાં આવે તે રીતે જીવને શાંતિ કે સંક્લેશ થાય છે. વેદના થાય છે શરીરને કારણે, પણ ભોગવે છે આત્મા. ટૂંકમાં શરીરના નિમિત્તે જીવ જે કંઈ ભોગવે છે સહન કરે છે તે બધાં અઘાતી કર્મો કહેવાય છે. આ કર્મ આત્માના ગુણોનો ઘાત કરતાં નથી પણ જીવને શરીરના બંધનમાં રાખીને કષ્ટે છે.

ભગવાન મહાવીરે માનવીના દુઃખનું - રઝળપાટનું નિદાન કર્યું કે જો આત્માને પોતાની અનંત સંપદાઓનો આવિર્ભાવ કરવો હોય, જન્મ-મરણના બંધનમાંથી કાયમ માટે મુક્ત થઈ જવું હોય તો તેણે સકળ કર્મરહિત થવું પડશે. આમ તેમણે દુઃખ મુક્તિનો અને સુખ સિદ્ધિનો જે

માર્ગ બતાવ્યો તે તેમનો સાધનાપથ.

મહાવીર તેમના લક્ષ્ય માટે અત્યંત સ્પષ્ટ હતા તેથી તે લક્ષ્ય સિદ્ધ કરવાના માર્ગ વિશે પણ સ્પષ્ટ રહી શક્યા. તેમણે જીવાત્માના દુઃખનો વિચાર કર્યો. દુઃખનું કારણ તેમને કર્મમાં લાગ્યું. કારણ મળી ગયા પછી તેમણે તેના નિરાકરણનો માર્ગ પણ શોધી કાઢ્યો. આ માર્ગ કર્મથી રહિત થવાનો. સકળ કર્મથી રહિત થવું હોય તો કર્મને આવતાં રોકવાં જોઈએ, જે કર્મ ભેગાં થયાં હોય તેને આત્માથી અલગ કરી નાખવાં જોઈએ. આ સ્થિતિ સિદ્ધ કરવા માટે તેમણે વિશદ રીતે વિચાર કર્યો અને ઉપાસનાંની વિધિ વિકસાવી. તેઓ આટલેથી ન અટકયા પણ તેઓ સ્વયં આ માર્ગે આગળ વધ્યા અને લક્ષ્ય સિદ્ધ કરીને રહ્યા. તેમણે જે માર્ગ જાણ્યો અને જોયો તેનો તેમણે ઉપદેશ કર્યો. જેમણે તેમના ઉપદેશનો સાક્ષાત્કાર કર્યો તે પણ કર્મથી મુક્ત થઈને અનંત આનંદની અવસ્થામાં સ્થિતિ કરી શકયા.

મહાવીરે એ વાતનું પ્રતિપાદન કર્યું કે જીવ દુઃખી છે તે તેની સાથે રહેલ કર્મને કારણે. સ્વભાવિક છે કે વિચારશીલ વ્યક્તિને પ્રશ્ન થાય કે જીવ સાથે કર્મ આવ્યું કયાંથી? મહાવીરે આ બાબત ઘણું મનન-ચિંતન કર્યું અને તેને અંતે તેમને લાગ્યું કે જીવનો કર્મ સાથેનો સંયોગ અનાદિનો છે. અસ્તિત્વમાં જીવ અને કર્મ સાથે જ હોય છે અને તેને કારણે જ જીવ વિધ વિધ અવસ્થાઓમાં હોય છે અને જન્મ મરણ કરતો રહે છે. જન્મ થયો એટલે જરા-વૃદ્ધાવસ્થા થવાની અને તે આગળ વધતાં મરણ થવાનું. મરણ થયું એટલે વળી પાછો જન્મ થવાનો. આમ આ ચક્ર અનંત કાળથી ચાલતું રહે છે.

જીવ જન્મ મરણ કરતો રહે છે એ વાત ઉપચારથી કહેવાય છે. બાકી જીવ મરતો નથી કે જન્મતો નથી પણ તેણે ધારણ કરેલ શરીર જન્મે છે અને મરણ પામે છે.

જીવાત્માએ જો આ જન્મ-મરણના દુઃખમાંથી મુક્ત થવું હોય, આ વિષચક્રમાંથી બહાર નીકળવું હોય તો તેણે એવું કંઈ કરવું જોઈએ કે જેથી જન્મ ન થાય. જન્મ થયો એટલે સુખ-દુઃખનું ચક્ર ચાલતું થઈ જવાનું. મહાવીરે મૃત્યુને રોકવાની વાતને પ્રાધાન્ય ન આપતાં, જન્મને રોકવાની

વાતને મહત્ત્વની ગણી. જન્મ ન થાય તો વૃદ્ધ થવાનું નહીં અને પછી તો મૃત્યુ પણ ઘટિત થવાનું નહીં. જીવ માત્રના દુઃખનું કારણ જન્મ છે અને જન્મનું કારણ કર્મ છે. જીવનમાં આપણને જે સુખ લાગે છે તે ભ્રામક છે કારણ કે તે વ્યાબાધનું સુખ છે, જેને સુખ કહી શકાય નહીં.

કર્મ એ બીજ છે. એ બીજમાંથી સંસાર ઊભો થાય છે અને જીવની યાત્રા અનંત કાળ સુધી ચાલતી જ રહે છે. જીવ કર્મને લઈને જન્મે છે એટલી વાત નથી. જીવ કર્મને કારણે જ જન્મે છે. તે જ્યાં જન્મે છે, જેવો જન્મે છે તેને માટે તેના આગળના ભવનાં કર્મો જવાબદાર હોય છે. જેવાં કર્મ તેવો જન્મ અને જેવો જન્મ તેવું જીવન. જેવું જીવન એવું મરણ અને જેવું મરણ એવો બીજો જન્મ. અને જન્મ એટલે વળી પાછું દુઃખનું ચક્ર. આ ચક્રવ્યૂહમાંથી છૂટવા માટે જન્મને રોકો અને જન્મને રોકવો હોય તો કર્મને રોકો. **મહાવીરનો આ બીજમંત્ર છે.**

મહાવીરે આત્માની અનંત સંપદાનું લક્ષ્ય બતાવ્યું પરંતુ તેમણે એ પ્રસ્થાપિત કર્યું કે આત્માની અનંત સંપદા બહારથી મેળવવાની નથી. વાસ્તવિકતામાં તે આત્માનો સ્વભાવ છે. આત્માએ એ સંપદાઓનો આવિર્ભાવ કરવાનો છે અને તે માટે જે પુરુષાર્થ કરવાનો છે તે કર્મથી રહિત થવાનો. આપણે કલ્પના પણ ન કરી શકીએ એટલાં કર્મ (તેના સંસ્કાર) આપણી સાથે હોય છે. કર્મ જ આપણી મતિને ભ્રષ્ટ કરે છે. કર્મને કારણે જ આપણને સુખ-શાંતિનો સાચો માર્ગ મળતો નથી. માર્ગ દેખાય તો તે તરફ રુચિ થતી નથી. રુચિ થાય તો તે તરફ ગતિ થતી નથી. આપણો કોઈ ખરો શત્રુ હોય તો તે કર્મ છે. પણ આપણને તે શત્રુ લાગતો નથી. જે દુશ્મન છે તેને મિત્ર માનીને આપણે તેને પોષીએ છીએ અને હોંશે હોંશે કર્મ કરતા રહીએ છીએ અને તેને કારણે આપણે આપણી અનંત સંપદાઓથી વંચિત રહી જઈએ છીએ.

મહાવીર પાયાની વાત લઈને આગળ ચાલે છે અને તે કર્મનો પરાભવ કરવાનો આખો માર્ગ ચાતરી બતાવે છે. મહાવીરે કર્મને નિઃશેષ કરવાનો માર્ગ સ્વયં તય કરેલો છે. તેઓ દૂર ઊભા રહીને સૈન્યને દોરનારા સેનાપતિ નથી. તે મોખરે રહીને સૈન્યને દોરનારા સેનાપતિ જેવા છે. વળી કર્મના

પરાભવનો તેમણે જે માર્ગ ચાતર્યો તેમાં તેમણે પદચિહ્નો પણ મૂક્યાં છે. જેથી પાછળ આવનારા સર્વજીવોને આગળની યાત્રા માટે માર્ગદર્શન મળી રહે. આ યાત્રા છે આત્માના વિકાસની. તેનાં ચૌદ ગુણસ્થાનો મહાવીરનાં પદચિહ્નો જેવાં છે. જેને જોઈને કર્મની સામે યુદ્ધે ચડેલ જીવાત્મા આગળ વધી શકે અને છેવટે અંતિમ લક્ષ્ય સુધી પહોંચી જઈ શકે.

દુઃખના આત્યંતિક નિવારણ માટે અને અનંત અવ્યાબાધ સુખમાં શાશ્વત સ્થિતિ કરવા માટે કર્મને આત્માથી અલગ કરવાં જ પડે. કર્મ સ્વભાવે કલુષિત છે. આત્મા સ્વભાવે શુદ્ધ છે – નિર્મળ છે પણ કર્મને કારણે તે દૂષિત થઈ જાય છે. આત્મા અનંત સંપદાઓનો સ્વામી હોવા છતાંય કર્મને કારણે તે સંપદાઓનો આવિર્ભાવ કરી શકતો નથી. મહાવીરે પ્રસ્થાપિત કર્યું કે આત્મા સર્વ સંપદાઓથી પર્યાપ્ત છે પણ તેના ઉપર લાગેલ કર્મને કારણે આત્મા તેનો આવિર્ભાવ કરી શકતો નથી. કર્મને કારણે આત્મા વિભાવોમાં રમે છે. કર્મથી તે મુક્ત થઈ જાય તો તે સ્વભાવમાં આવી જાય છે.

મહાવીરે જીવ માત્રના દુઃખનું નિદાન તો કર્યું અને તેના ઉપચારનો માર્ગ પણ બતાવ્યો. જે કર્મ જીવના દુઃખનું કારણ છે તેને ખસેડવું હોય – તેનું નિરસન કરવું હોય તો તે કર્મને ઓળખવું પડે. શત્રુને જાણ્યા વિના, તેની કામ કરવાની નીતિ-રીતિ જાણ્યા વિના તેનો પરાભવ ન થઈ શકે. કર્મની વાત તો જગતના ઘણા બધા ધર્મોમાં એક કે બીજી રીતે આવે છે, પણ મહાવીરે કર્મને જે રીતે ઓળખ્યું તે રીતે કોઈએ તેને ઓળખ્યું હોય તેમ લાગતું નથી. કર્મની કામ કરવાની નીતિ-રીતિ જાણીને તેનો પરાભવ કરવાના માર્ગની નિષ્પત્તિ કરીને મહાવીરે જીવ માત્ર માટે અનંત સુખનો માર્ગ મોકળો કરી આપ્યો.

સંસારમાં એક મહાવીર માત્ર છે જેમણે કહ્યું કે કર્મ એ જડ પરમાણુઓ છે. તેના ગુણધર્મો જડ પદાર્થ જેવા જ છે અને તેનો પરાભવ-નિરસન એ રીતે જ થઈ શકે. રખે કોઈ એમ માને કે જડમાં શક્તિ નથી હોતી. જડમાંય ઘણી શક્તિ હોય છે. અણુશક્તિ એ જડની જ શક્તિ છે ને! વીજળી શક્તિ પણ જડની જ શક્તિ છે. ઘણી યાંત્રિક

શક્તિઓ જડને જ કારણે હોય છે. જડની શક્તિનું નિર્માણ જીવ દ્વારા થાય છે. જીવના સંસર્ગથી જડ જીવંત બની જાય છે અને જડના સંસર્ગથી જીવ-ચૈતન્ય ઘડીભર જડની જેમ વર્તે છે. જડ અને જીવ પરસ્પરને અસર કરે છે. છતાંય બંને ભિન્ન જ રહે છે. બંને પોતાના સ્વભાવમાં વર્તે છે. જડ ચૈતન્ય બનતું નથી અને નથી ચૈતન્ય જડ બનતું. કર્મ એ પદાર્થ છે એવી વાત કરનાર મહાવીર પ્રથમ હતા અને એ પ્રતિપાદન કરવાને કારણે જ તેમણે સ્થાપેલ મોક્ષ માર્ગ પણ વિશિષ્ટ બની રહ્યો છે. તેમણે કહ્યું કે કર્મને જીવથી અળગું કરો એટલે જીવ પોતાના સ્વભાવમાં આવી જશે. પછી જીવે અન્ય કંઈ કરવાનું રહેશે નહીં. કર્મ અળગું થતાં જીવ સ્વયં શિવ બની જશે. આ રીતે મહાવીરનો સાધનામાર્ગ સૌથી અલગ પડી ગયો છે અને વિશિષ્ટ બની રહ્યો છે.

ઘણી વાર કેટલાક માણસોને સંદેહ થાય છે કે જડ ચેતનને કેવી રીતે પ્રભાવિત કરી શકે? અને ચેતન જડને કેવી રીતે અસર કરી શકે? આમ જોઈએ તો ચેતનનો બધો વ્યાપાર (દોડ) જડને મેળવવા માટે હોય છે. મનુષ્ય જન્મે છે ત્યારથી તે જડ પદાર્થોમાં જ રાચે છે. નાનું બાળક રમકડાંથી રીઝે છે અને રમકડાં માટે રડે છે. મોટાઓ ગાડી-વાડી-બંગલા-ફર્નિચર-ફિકસર જેવાં મોટાં રમકડાં મેળવવા અને માણવા પાછળ આખું જીવન ખર્ચી નાખે છે. જો જરા સૂક્ષ્મતાથી વિચારીએ તો લાગે કે **આખો સંસાર જ જડ અને ચેતનની રમત જેવો છે.**

આપણું શરીર વાસ્તવિકતામાં જડ છે પણ ચેતનના સંસર્ગથી તે જીવંત બને છે. જેવો ચેતન સાથેનો તેનો સંબંધ તૂટી જાય છે કે શરીર પુનઃ જડ બની જાય છે. જો ચેતન જડથી પ્રભાવિત ન થાય અને પોતાનામાં અવસ્થિત થઈને રહે તો તેનો સંસાર સમાપ્ત થઈ જાય અને તે જ તાત્ત્વિક રીતે આપણા જીવનનું લક્ષ્ય હોવું જોઈએ. ચેતન અને જડનો સંબંધ કાલાન્તરનો છે. ચેતન હંમેશાં જડનો સંયોગ ઝંખે છે તે તો સંસારનું કારણ છે.

આપણે જ્યારે માંદા પડીએ છીએ ત્યારે જે ઔષધો લઈએ છીએ તે જડ એવાં દ્રવ્યો જ છે. પણ તેના સંસર્ગથી આપણું શરીર સ્વસ્થ થવા

લાગે છે. આપણા રોગોના નિવારણ માટે આપણે જડ પદાર્થો ઉપર જ વધારે આધાર રાખીએ છીએ. આપણે જે સાધના કરવાની છે તે જડ પ્રત્યેની પ્રીતિ ઓછી કરવાની, જડ સાથેનો સંસર્ગ ઓછો કરવાની. જડ પ્રત્યેના રાગને કારણે સંસાર છે. આ રાગ ન રહે તો સંસારમાં રહેવા છતાંય જીવાત્મા મુક્તિનો અનુભવ કરી શકે. આપણું અંતિમ લક્ષ્ય જડ એવા કર્મથી સર્વથા મુક્ત થઈને કેવળ ચૈતન્યમય બની રહેવાનું, આત્મસ્થ થવાનું હોવું જોઈએ.

સ્વાભાવિક છે વિચારશીલ વ્યક્તિના મનમાં એ પ્રશ્ન ઊઠે કે ચેતનનો જડ એવા કર્મ સાથે પ્રથમ સંપર્ક ક્યારે થયો જેને કારણે જીવને જન્મ-મરણની પરંપરામાં જોતરાવું પડ્યું. આમ જોઈએ તો ચેતન સ્વયં કર્મનો સંસર્ગ કરવા ગયું ન હતું. પણ અસ્તિત્વમાં જડ અને જીવ (ચેતન) સાથે જ પડેલા હતા. આમ કરનાર કોઈ ન હતું પણ આ પરિસ્થિતિ સહજ અને સ્વાભાવિક હતી. અસ્તિત્વમાં અનંત પરમાણુઓ છે. એક જ સ્વભાવવાળા પરમાણુઓ ભેગા થતાં જ શ્રેણી રચાય છે. તેને વર્ગણા કહે છે. એ જ રીતે અસ્તિત્વમાં અનંત જીવો છે. અનાદિ કાળથી બધું આમ જ પડેલું છે - સ્વયંભૂ છે. અનંત આકાશમાં અનંત જીવો અને અનંત પરમાણુઓ (તેની કેટલીય વર્ગણાઓ) બધા એક બીજાની નિકટ પડેલાં હોય છે. તેથી તેમનો સહજ સંપર્ક હોય છે. એમાં જડ અને જીવ વચ્ચેનો મૂળભૂત તફાવત એ છે કે જીવને સંવેદન હોય છે અને જડને સંવેદન હોતું નથી. સંવેદનને કારણે જીવમાં સ્વભાવગત રાગ અને દ્વેષ હોય છે. અનુકૂળ સંવેદન (સ્પર્શ, શબ્દ, રૂપ, રસ અને ગંધ) ગમે અને પ્રતિકૂળ ન ગમે. રાગ-દ્વેષની સ્વાભાવિક ચીકાશને કારણે કર્મ બનવાની ક્ષમતાવાળા પરમાણુઓ જીવને ચોંટી જાય છે. આમ જીવ અને કર્મ ઓતપ્રોત થઈને અસ્તિત્વમાં રહેલાં હોય છે. અસ્તિત્વની આ સહજ અવસ્થા છે. પારિભાષિક ભાષામાં આ અવસ્થામાં રહેલા જીવોને નિગોદના જીવો કહે છે.

જીવની વિકાસયાત્રા અહીંથી શરૂ થાય છે. અહીંથી બહાર નીકળવા માટે જીવ સ્વયં કંઈ પુરુષાર્થ કરી શકતો નથી. તેનામાં તેવી સભાનતા નથી હોતી અને તેવી શક્તિ પણ નથી હોતી. જેમ નદીના વહેણ સાથે તણાતા

પથ્થરો, અથડાતા-કુટાતા ગોળ થઈ જાય છે અને ગમે ત્યાં જઈ પહોંચે છે, નદીના કિનારે ઊગેલાં વૃક્ષોની ડાળીઓ - તેનાં પાંદડાં નદીના પાણીમાં તણાતાં તણાતાં ગમે ત્યાં જઈ પહોંચે છે અથવા તો સાગરમાં જઈ પહોંચે છે. તેમ અનાયાસે જ જીવ નિગોદમાંથી નીકળીને એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રીઈન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય બનીને આગળ વધતો જાય છે. જીવ જ્યાં સુધી સંજ્ઞી (મનવાળો) પંચેન્દ્રિય ન બને ત્યાં સુધી તે વિકાસ માટે સભાનયાત્રા કરી શકતો નથી. ત્યાં સુધી તેના વિકાસમાં જે ઘટિત થાય છે તે બધું અનાયાસે જ થતું રહે છે. અસ્તિત્વના ઉષઃકાળે સર્વ જીવોની આ સ્થિતિ હોય છે. એમાંથી જે ભાગ્યશાળી જીવો સંજ્ઞી પંચેન્દ્રિયની અવસ્થા સુધી પહોંચી શક્યા તેમાં આપણે છીએ. આ સૌભાગ્યનો પૂર્ણ લાભ લઈને અનંત સુખમાં શાશ્વતકાળ માટે સ્થિતિ કરવાનો પુરુષાર્થ અહીં આપણે કરી શકીએ છીએ અને તે કેવી રીતે થઈ શકે તેની વાત આ પુસ્તકમાં કરેલી છે.

કેટલાક લોકો એમ માને છે કે કોઈ કાર્ય કારણ વિના બનતું નથી. અસ્તિત્વ પણ કાર્યકારણની શૃંખલાથી પર હોઈ શકે નહીં. તેથી આ અસ્તિત્વ - સંસારનો કોઈ કર્તા હોવો જોઈએ. કર્તા વિના કાર્ય નીપજે નહીં. ઉપર ઉપરથી આ વાત જલદીથી ગળે ઊતરી જાય તેવી લાગે છે. પણ જરા ઊંડાણથી વિચાર કરીએ તો આ વાતનું સમાધાન મળતું નથી. આવા લોકોએ અસ્તિત્વના કારણરૂપ કે કર્તારૂપ ભગવાનની ધારણા કરી અને ઘણા બધા ધર્મો આવી ધારણામાંથી જ ઊતરી આવ્યા હોય એમ લાગે છે. આ બધા ધર્મોના પુરસ્કર્તાઓએ આ ધારણાને પોતાની રીતે સજાવીને બહુજન સમાજ સમક્ષ મૂકી હોય એમ ઘટાવી શકાય.

આ તર્ક સ્વતંત્ર રીતે નભી શકતો નથી. જો સંસારનો કોઈ રચયિતા હોય તો તે ભગવાન કે પરમાત્માનું કોણે સર્જન કર્યું? તેનોય સર્જનાર પણ કોઈ હોવો જોઈએને? તો ભગવાનની ધારણાવાળા એમ કહે છે કે ભગવાન તો સ્વયંભૂ છે. તે ઇચ્છે ત્યારે જન્મે અને તે ઇચ્છે ત્યારે પોતાના અસ્તિત્વનો લોપ કરી દે. તો તેની સામે આપણા મનમાં પ્રશ્ન ઊઠે કે જો ભગવાન સ્વયંભૂ હોઈ શકે તો આ બ્રહ્માંડ - સંસાર પણ

સ્વયંભૂ હોઈ શકે - એ માનવામાં વાંધો ક્યાં રહ્યો?

વળી આ બાબત બીજો પણ એક વિચાર આવ્યા વિના રહેતો નથી કે જો એવો કોઈ ભગવાન હોય તો તેણે આ સંસારની રચના શું કરવા કરી? અને જો કરી તો પછી આવી વિષમ શા માટે કરી? તેની પાછળ તેનો હેતુ શો? તેના ઉત્તરમાં આ લોકો ઘણું ખરું એ દલીલ રજૂ કરે છે કે આ તો ભગવાનની લીલા છે. ભગવાનને એકલતા લાગી એટલે તેમણે એકમાંથી અનેકનું સર્જન કર્યું. એનો તો એ અર્થ થયો કે ભગવાન સ્વયં પર્યાપ્ત નથી તેથી તેમણે એકમાંથી અનેક થવાનું પસંદ કર્યું. જે સ્વયં પર્યાપ્ત ન હોય તેને ભગવાન કેમ કહેવાય? જેનામાં ભગવત્તા પૂર્ણતયા પ્રગટી હોય તેને જ ભગવાન કહી શકાય.

તો બીજી બાજુ કેટલાક એવી દલીલ કરે છે કે આ સંસાર એ તો સ્વપ્ન જેવો છે. તેનું વાસ્તવિકતામાં અસ્તિત્વ જ નથી. તો પછી જેનું અસ્તિત્વ જ નથી તેમાંથી મુક્ત થવાનું જ ક્યાં રહ્યું? સ્વપ્ન ચાલે ત્યાં સુધી તેને ચાલવા દેવાનું. તો પછી જીવનમાં આ બધા ધમપછાડા શા માટે? પછી જાગો તોય શું અને ઊંઘો તો પણ શું?

ભગવાને સંસારનું સર્જન કર્યું, તે તેનું પાલન કરે છે અને તે જ તેનું વિસર્જન કરે છે એ વાત કેવળ શ્રદ્ધાગમ્ય છે, જન્મજાત શ્રદ્ધાને કારણે એ વાત નભે છે બાકી આવા સર્જક ભગવાન હોવાની વાત ઝાઝી ગળે ઊતરે એવી નથી. વાસ્તવિકતા એ લાગે છે આ બધું સ્વયંભૂ છે અને આમ ચાલ્યા કરે છે. એમાં આપણી કંઈ દખલ ચાલે તેમ નથી. **અસ્તિત્વ જેમ છે, જેવું છે તેવું સ્વીકારી લીધા સિવાય આપણી પાસે બીજો વિકલ્પ નથી. તેમ છતાંય અસ્તિત્વના ચોકઠામાં રહીને આપણે ઘણું કરી શકીએ તેમ છીએ.** આપણે કર્મ રહિત થઈને અનંત સુખમાં સ્થિતિ કરી શકીએ છીએ. એમાં કંઈ બાધ આવે તેમ નથી કારણ કે તે સ્થિતિ પણ અસ્તિત્વની જ અંતર્ગત છે.

ભગવાન મહાવીરની વિચારસરણી આ બધાથી ભિન્ન અને વાસ્તવિક છે. તેમણે પ્રતિપાદન કર્યું કે સંસાર સ્વયંભૂ છે. તદ્દન સુષુપ્ત અવસ્થામાંથી સંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવના વિકાસક્રમમાં પુરુષાર્થનું ઝાઝું મહત્ત્વ નથી.

જીવે જે પુરુષાર્થ કરવાનો છે તે સંજ્ઞી પંચેન્દ્રિય અવસ્થામાં આવ્યા પછી જ કરવાનો છે અને આ પુરુષાર્થ છે સંસારના કારણરૂપ કર્મનું નિવારણ કરીને આત્માની શુદ્ધ અવસ્થા પ્રાપ્ત કરવાનો. મહાવીરના માર્ગમાં સંસારનું કારણ - દુઃખનું કારણ કર્મ છે અને કર્મનું નિવારણ એ મોક્ષનું કારણ છે. **સકળ કર્મનો ક્ષય એ મહાવીરનો માર્ગ છે.** સકળ કર્મનો ક્ષય થયા પછી જીવાત્માએ કંઈ કરવાનું રહેતું નથી. જેમ વાદળ ખસતાં જ સૂર્યનો દેદીપ્યમાન પ્રકાશ રેલાઈ જાય છે તેમ કર્મરહિત થતાં જ આત્મા પોતાના શુદ્ધ સ્વભાવમાં અવસ્થિત થઈ જાય છે. ત્યાર પછી આત્મા પરમાત્મા બની જાય છે, સ્વયં પર્યાપ્ત બની જાય છે. તેને ક્યાંય કંઈ ઊણપ વર્તાતી નથી. સ્વયંમાં સ્થિતિ કરીને તે કૃતકૃત્ય થઈ જાય છે.

મહાવીરનો સાધનામાર્ગ વિશદ છે, સૂક્ષ્મ છે તેથી તે ઘણાને અઘરો લાગે છે. તેથી કેટલાંક તો તે જોઈ જાણીને વિરમી જાય છે. વાસ્તવિકતામાં તે એટલો અઘરો નથી. જો વાતને તેના યથાર્થ પરિપ્રેક્ષ્યમાં સમજીને આગળ વધીએ તો સાધના સરળ બની જાય તેમ છે. આપણે ત્યાં મોટા ભાગના લોકો ફક્ત આચારોમાં અટવાઈ પડ્યા છે. તેથી તે માર્ગ વિષમ બની ગયો છે. આ પરિસ્થિતિને અનુલક્ષીને મેં આ પુસ્તકમાં સાધના માર્ગનું વિશિષ્ટ રીતે નિરૂપણ કર્યું છે જે અપનાવીને જીવો અંતિમ લક્ષ્ય સુધી પહોંચી શકશે.

---

૪. સહજ સાધના

મહાવીરે સૌ પહેલાં એ નિદાન કર્યું કે જીવના સર્વ દુઃખનું કારણ કર્મ છે અને સર્વ સુખનું સ્થાન કર્મરહિત અવસ્થા છે. ત્યારપછી સ્વભાવિક રીતે એ વાત આવીને ઊભી રહી કે જીવ કર્મરહિત કેવી રીતે થઈ શકે? એમાં જે જીવો પાસે પાંચેય ઈન્દ્રિયો નથી, મન નથી, વિચારશક્તિ નથી તેઓ કર્મરહિત થવા માટે સભાનતાપૂર્વક પ્રયાસ કરી શકે નહિ. આવો પ્રયાસ કરવા માટેની સુવિધા જીવને મનુષ્યભવમાં જ મળે છે અને તેને કારણે તો મનુષ્યભવનું મહામૂલ્ય અંકાય છે.

આપણને ક્ષણભર કદાચ એમ લાગે કે મનુષ્યભવ તો ઘણાને મળે છે. પણ એમ નથી. સંસારમાં જે અનંતા જીવોનું અસ્તિત્વ છે એની સરખામણીમાં અત્યંત અલ્પ સંખ્યાના જીવોને મનુષ્યભવ મળેલો હોય છે. વળી જેમને મનુષ્યભવ મળ્યો હોય છે એ બધાને એ વાતની ખબર નથી હોતી કે જીવના સર્વ દુઃખનું કારણ કર્મ છે. પરંપરાને કારણે અહીં તહીં કેટલાંકને આ વાતનો અણસાર હોય છે કે દુઃખનું કારણ જીવ સાથે જોડાયેલ કર્મ છે પણ તે કર્મને કેવી રીતે આત્માથી અળગાં કરવાં તેનો તેમની પાસે માર્ગ નથી હોતો.

રોગનું સાચું નિદાન જેની પાસે હોય તે જ તેનો સચોટ ઉપચાર કરી શકે અને યોગ્ય ઉપચાર થાય તો જ રોગ જાય તેના જેવી કર્મની વાત છે. દુનિયાભરના સાધનામાર્ગમાં કેવળ મહાવીરે જ કર્મરહિત કેવી રીતે થઈ શકાય તેનો માર્ગ વ્યવસ્થિત રીતે સ્થાપેલ છે અને તે માર્ગે આગળ ચાલીને તેમણે સૌને પ્રતીતિ કરાવી છે કે આ માર્ગે યાત્રા કરશો તો મુકામ સુધી પહોંચી શકશો અને સર્વસુખની પ્રાપ્તિનું લક્ષ્ય સિદ્ધ થઈ જશે.

આટલા ઉપરથી આપણે એ વાતે સ્પષ્ટ થઈ ગયા કે સુખી થવું હોય તો કર્મરહિત થવું પડે. હવે એ પ્રશ્ન આવે કે કર્મરહિત થવાય કેવી રીતે? આગળ વિચાર કરતાં પહેલાં એ વાત સમજી લેવાની છે કે જૈન ધર્મ

પ્રમાણે ક્રિયાથી થાય તે જ કર્મ એમ નથી. કર્મ મનથીય થાય, વાણીથીય થાય અને ક્રિયાથી પણ થાય. કર્મરહિત થવા માટે જ્યારે કંઈપણ વિચાર કરીએ ત્યારે આ ત્રણેય રીતે થતાં કર્મને સમજવાનાં છે.

આમ જોઈએ તો કર્મ ન કરીએ – કંઈ ક્રિયા ન કરીએ એટલે કર્મરહિત થઈ જવાય, પણ જ્યાં સુધી મન અને વાણી કંઈ કરે છે ત્યાં સુધી તાત્ત્વિક રીતે તો કર્મ થતું જ રહે છે. અને એ રીતે કર્મનો નિરોધ કરવાની વાત એટલી સરળ નથી. વળી વ્યવહારની દૃષ્ટિથી વાતને મૂલવીએ તો જન્મ એ જ મોટું કર્મ છે. જન્મ થાય પછી જીવ કર્મ કર્યા સિવાય જીવી શકતો નથી. તેથી કર્મથી સદંતર વિરમવાની વાત તદ્દન અશક્ય છે. એ તો બહુ ઉત્કૃષ્ટ અવસ્થા છે અને એ તો સાધનાના ઊંચા શિખરે પહોંચ્યા પછી જ આવે પણ આપણી પાસે બને તેટલાં ઓછાં કર્મ કરવાનો વિકલ્પ છે. જે આપણે ખાસ મુશ્કેલી વિના અપનાવી શકીએ તેમ છીએ.

આજે આપણે દુઃખી છીએ કારણ કે આપણું અત્યારનું જીવન જ એવું થઈ ગયું છે કે આપણે વધારેમાં વધારે કર્મ કરતાં જ રહીએ છીએ. વળી વિષમતા એ છે કે આપણને એ વાત જ નથી સમજાતી કે વધારે કર્મ એ દુઃખનું કારણ છે તેથી આપણે જ્યાં સુધી શરીરમાં જોર હોય ત્યાં સુધી દોડ્યા જ કરીએ છીએ અને કર્મની જંજાળ વધારતા રહીએ છીએ. આપણને દોડાવનાર સુવિધાઓ તરફ આપણી દષ્ટિ છે પણ સુવિધા એ સુખ નથી એ વાત બહુ ઓછા સમજે છે. અને જે થોડાંક માણસો તે સમજે છે તે પણ દેખાદેખી દોડ્યા જ કરે છે. જો એક વાર તમારા મનમાં એ વાત બેસી જાય કે કર્મ એ દુઃખનું કારણ છે તો પછી તમારી કર્મ પાછળની દોડ ધીમી પડી જશે. પછી તમે જીવન માટેનાં આવશ્યક કર્મ જ કરવા માટે તત્પર રહેશો અને વગર જરૂરનાં કર્મમાંથી આપોઆપ નિવૃત્ત થતા જશો. જેમ જેમ તમારા જીવનમાંથી કર્મ ઓછાં થતાં જશે તેમ તેમ તમને શાન્તિનો અહેસાસ થવા લાગશે – એ તો કર્મની નિવૃત્તિનું તત્કાલ મળતું પરિણામ છે.

કર્મ ન કરવાં કે અલ્પ કરવાં એ વાત સ્વીકાર કર્યા છતાંય તમારે કર્મ તો કરવાં જ પડશે કારણ કે કર્મ કર્યા વિના કોઈ રહી શકતું નથી.

આજીવિકા માટે તો કર્મ કરવું પડે છે. પણ જીવવા માટેય કર્મ કરવું જ પડે છે. ખાવ, પીવો કે શ્વાસ લો તો પણ કર્મ તો થવાનું જ. તેનાથી કેમ બચી શકાય? પણ મહત્ત્વની વાત એ છે કે જે કંઈ કર્મ કરવાં જ પડે તો તે અલ્પ કષાયથી કરવાં. જીવનમાં રાગ-દ્વેષ બને તેટલાં ઓછાં રાખવાં. લોભ ઓછો હશે તો ક્રોધ પણ ઓછો રહેશે. દિલમાં અહંભાવ પાતળો હશે તો પ્રતિક્રિયા અલ્પ થશે. જો પરિગ્રહ મર્યાદિત હશે તો દેખા-દેખી કર્મ ઓછાં થશે. મોહ ઓછો હશે તો કપટ કરવાનો અવકાશ ઓછો રહેશે.

જો કષાયો ઓછા હશે, રાગ-દ્વેષ ઓછા હશે તો ક્રોધ, માન (અહંકાર) માયા અને લોભ પરિમિત રહેવાનાં. કષાયો ઓછા તો ચંચળતા ઓછી અને ચંચળતા નહિ તો કર્મ નહિ એ વાત ભૂલવા જેવી નથી.

ઘણી વાર લોકો એમ કહે છે કે મારી દશા જ એવી છે કે મારું ભાગ્ય જ એવું છે કે હું ન ઈચ્છું તો પણ મારે કર્મમાં જોડાવું જ પડે છે - આ વાત મૂળથી જ ખોટી છે

તમે કર્મમાં જોડાવ છો તમારી ઈચ્છાથી જ. જો તમે કર્મ કરવા તૈયાર જ નહીં થાવ તો કોઈ તમને પરાણે કર્મ સાથે જોડી નહીં શકે અને ક્ષણભર માનીએ કે એવી કોઈ મજબૂરીને કારણે મન વગર તમારે કર્મમાં જોડાવું જ પડ્યું તો તેનો તમને ખેદ હશે - વસવસો હશે તેથી તે કર્મનો તમને એટલો બંધ નહિ પડે. એ રીતે થયેલું કર્મ તમારા સુખને ઝાઝું બાધક નહિ નીવડે.

ઉપર થયેલી ચર્ચાને પારિભાષિક શબ્દોમાં કહેવી હોય તો એમ કહી શકીએ - સંવર સાધો. સંવર એટલે રોકવુ. કર્મને થતાં રોકવાં. તેનાથી જીવ ઉપર પડતા કર્મના સંસ્કાર રોકાઈ જાય છે. મહાવીરની સાધના કર્મના સંવરની સાધના છે. નિર્જરા તો તમે કંઈ ન કરો તો પણ થતી જ રહે છે; છતાંય તેને તીવ્ર કરવા માટેનો માર્ગ પણ ધર્મમાં વિચારાયેલ છે, જેની સવિસ્તર ચર્ચા આગળ કરવામાં આવશે. મહાવીરની સાધના કંઈ મેળવવાની સાધના નથી, તેમની સાધના ખાલી થવાની છે. કર્મથી ખાલી થઈ જવાની. તેથી નિર્જરા મહત્ત્વની બની જાય છે. પણ સંવરની વાત અતિ મહત્ત્વની છે અને સૌપહેલાં કરવાની છે. સંવર વિનાની સાધના,

ગમે તેટલી નિર્જરા કરીએ તો પણ વિફલ થાય. સૌ પહેલાં આવતાં કર્મને રોકો, કર્મના સંસ્કારને રોકો, પછી સંચિત કર્મોથી ખાલી થઈ જાવ. કર્મરહિત થવા માટેનો આ વ્યૂહ છે.

મન-વચન અને કાયાથી કંઈ કર્મ જ ન થાય તો તે ઉત્કૃષ્ટ સંવર, પણ કર્મ વિના જિવાય નહીં તો પછી બને તેટલાં અલ્પ કર્મ કરવાં એ સાધના છે. પરંતુ અહીં એ વાત સ્પષ્ટ થઈ જવા જેવી છે કે જો સમજીને હેતુપુર:સર કર્મ ન કરો કે અલ્પ કરો તો તે સાધના છે. પણ જો સંજોગોને આધીન થઈને અસહાય અવસ્થામાં આવી પડવાથી કર્મ રોકાય તે સાધના નથી બનતી કારણ કે તે સમયે કેવળ પ્રવૃત્તિનો સંવર હોય છે પણ ભાવથી સંવર નથી થતો હોતો.

ધર્મના ક્ષેત્રમાં - કર્મના વિજ્ઞાનમાં ભાવનું ઘણું મહત્ત્વ છે. દ્રવ્યસંવર ઓછો થયો હોય તો કદાચ ચાલે પણ ભાવસંવર ઓછો હોય તો તે ન ચાલે. ભાવસંવરમાં કર્મ કરવું પડે તેનો ઉદ્વેગ હોય. દ્રવ્યસંવરમાં હું કર્મ નથી કરી શકતો તેનો ખેદ હોય અને મનમાં કર્મ કરવાની ઈચ્છા જાગ્રત પડી હોય. દ્રવ્યસંવર મજબૂરીના ઘરનો છે જ્યારે ભાવસંવર ધર્મના ઘરનો છે.

કર્મસંવરનો વિચાર કરીએ ત્યારે સ્વભાવિક રીતે મનમાં પ્રશ્ન ઊઠે કે કર્મ કરવા માટે આપણને કોણ પ્રેરે છે ? કોણ આપણી પાસે કર્મ કરાવે છે ? કંઈ સારું-ખોટું કે અર્થ વગરનું કરવાનું આપણને મન કેમ થાય છે? જીવ-માત્રને કર્મ કરવા માટે મજબૂર કરનાર તેની સાથે રહેલી મૌલિક વૃત્તિઓ છે જેને જૈન ધર્મમાં સંજ્ઞાઓ તરીકે ઓળખવામાં આવે છે. ભૂખ-તરસ-દુ:ખદ સંવેદન, ભય અને મૈથુન અર્થાત્ કામવાસના અને પરિગ્રહ જીવની મૌલિક વૃત્તિઓ છે. જીવને ભૂખ લાગે કે તરસ લાગે ત્યારે તેને તૃપ્ત કરવા જીવ જે કંઈ શક્ય લાગે તે જાણતાં કે અજાણતાં કરી નાખે છે. જીવને જ્યાં દુ:ખ લાગે ત્યાંથી તે વગર વિચારે પણ ખસી જઈને જ્યાં સુખ-શાતા લાગે તે તરફ તે સરકી જાય છે.

ભય અનેક પ્રકારના છે પણ એમાં આયુષ્યનો ભય ઘણો પ્રબળ હોય છે. પ્રાણીમાત્ર જીવ બચાવવા માટે ગમે તે કરી બેસે છે. મૈથુન-કામની વૃત્તિ પણ સર્વ જીવોમાં જન્મજાત હોય છે. કામક્રીડા કોઈને શિખવાડવી

પડતી નથી. અલ્પવિકસિત જીવોમાં કામસંજ્ઞા સ્પષ્ટ વર્તાતી નથી પણ સ્પર્શસુખ તે પણ કામસંજ્ઞા જ છે. અતિ અલ્પવિકસિત જીવોમાં સ્પર્શ પણ પ્રજા ઉત્પત્તિનું કારણ બની શકે છે. પરિગ્રહની વૃત્તિ પણ જન્મજાત હોય છે. નાનું બાળક પણ તેના હાથમાં કંઈ મૂકો તો તે તરત જ પકડી લે છે. પછી ભલેને તેને તે વસ્તુ કામની ન હોય.

અલ્પવિકસિત જીવો, મૌલિક વૃત્તિઓને કારણે થતાં કર્મ રોકવા માટે કંઈ કરી શકતા નથી. તેમનામાં તે માટેની સભાનતા જ નથી હોતી. જ્યાં જીવની વિકસિત અવસ્થા હોય છે ત્યાં સંજ્ઞાઓ વધારે સ્પષ્ટ વર્તાય છે. વિકસિત અવસ્થાના જીવો જ સભાનતાપૂર્વક કર્મ વિશે વિચાર કરીને સારા-ખોટાનો વિવેક કરીને કર્મનો સંવર કરી શકે છે. આવી અવસ્થાના જીવોને સંજ્ઞી પંચેન્દ્રિય જીવો કહે છે. સદ્‌ભાગ્યે પૂર્વના પુણ્યકર્મને કારણે આપણે આ કક્ષામાં આવી ગયા છીએ તેથી આપણને કર્મસંવર વિશે વિચાર કરી શકીએ તેમ છીએ અને તેનો અમલ કરી શકીએ તેમ છીએ.

આપણને કર્મમાં નિયોજનાર બે પરિબળો છે: એક છે અંદરનો આવેગ. (ઔદયિક ભાવ) આ આવેગ પૂર્વકૃત કર્મના સંસ્કારોને કારણે આવતો હોય છે. તે આવેગ આવતાં મન સક્રિય થાય છે. મન સક્રિય થતાં તે કર્મ કરવા માટે વાણીને અને કાયાને ઉત્તેજિત કરે છે. બુદ્ધિ એ કર્મ કરવા માટે શું કરવું પડશે તે બતાવે છે અને તેનાં દોર્યાં વાણી અને કાયા કર્મમાં પ્રવર્તમાન થાય છે. જો સંજોગોવશાત ઇચ્છિત કર્મ કરવા માટેની અનુકૂળતા ન મળે કે તે માટેનાં સાધનો ન મળે તો માણસ અસ્વસ્થ થઈ જાય છે. આવો માણસ કર્મની આડે લાગતા અવરોધોને દૂર કરવા માટે કોશિશ કરે છે અને તે કોશિશ સફળ ન થાય તો તે અન્ય ઉપર ગુસ્સે થઈ જાય છે. જો કર્મ કરવાનો આવેગ તીવ્ર હોય તો માણસ તેના કર્મની આડે જે રુકાવટ લાગે તેનો ધ્વંસ કરતાં અચકાતો નથી. અને એમાંથી કર્મની પરંપરા સર્જાય છે. ઇચ્છિત કર્મને કરવા માટે માણસ સામ-દામ-દંડ-ભેદ બધું જ કરી છૂટે છે અને તેમ કરવામાં તે કર્મના કીચડમાં વધારે ને વધારે ખૂંપતો જાય છે.

જીવને કર્મ કરવાનો કંઈ આવેગ આવે ત્યારે જો તેનામાં નીર-ક્ષીરનો

વિવેક કરવા જેટલી બુદ્ધિ વિકસિત થઈ હોય તો તે કર્મની સીડી ઊતરતો નથી પણ રોકાઈ જાય છે. આ છે સાર-અસારના વિવેકની અવસ્થા. આવી અવસ્થાનું નિર્માણ આકસ્મિક થતું નથી. તે માટે પૂર્વનાં પુણ્યકર્મ જોઈએ અથવા દેવ-ગુરુ-ધર્મ જેવાં સારાં નિમિત્તોનો સંગ જોઈએ, જેના સંસર્ગને કારણે જીવમાં આવી વિવેક-બુદ્ધિનું જાગરણ થતું હોય છે. માટે જીવનમાં હંમેશાં સારાના સંગમાં રહો. સારાં નિમિત્તોનો સંગ હશે તો ક્યારેક બચી જશો. આવેગ વધારે હશે અને કર્મ કરી જ બેસશો તો પણ ઝાઝા નીચે નહીં પડો અને પડશો તો પડીનેય પાછા ઊઠશો. આ માટે જ્ઞાન જોઈએ, તત્ત્વની રુચિ જોઈએ અને એ ન હોય તો કેળવવી જોઈએ.

માણસને કર્મમાં નિયોજનાર બીજું પરિબળ નિમિત્ત છે. જીવ નિમિત્ત-વાસી છે. નિમિત્તની અસરથી ભાગ્યે જ કોઈ મુક્ત રહી શકે છે. જેવું નિમિત્ત તેવા વિચારો. જેવા વિચારો તેવી વાણી અને તેવું વર્તન. આપણે જે લોકોના સંગમાં રહીએ છીએ, જેની સાથે કામ કરીએ છીએ તેમનાં વાણી-વર્તનની આપણા ઉપર ઘણી અસર પડે છે અને જાણતાં-અજાણતાં આપણે તેનાથી રંગાતા રહીએ છીએ. આપણાં મોટા ભાગનાં કર્મ નજીકનાં નિમિત્તોને કારણે થતાં રહે છે.

કોઈને વિચાર આવે કે બીજા લોકોની અસર આપણા ઉપર પડે તો આપણી અસર તેમના ઉપર ન પડે? જરૂર પડે, પણ કાળો રંગ સૌ ઉપર ચઢી જાય અને જલદીથી ચઢી જાય. સફેદ રંગ કોઈ ઉપર ચઢતો નથી. સફેદ રંગનું નિર્માણ થાય છે. સફેદ રંગ શુદ્ધતાનો રંગ છે. જીવનમાં દુરાચારી કે મિથ્યાચારી બનવા માટે ઝાઝો પ્રયાસ કરવો પડતો નથી પણ સદાચારી બનવું જ મુશ્કેલ હોય છે.

માણસે કર્મનો સંવર સાધવા માટે જે કંઈ કરવાનું છે તે કર્મમાં પ્રેરે તેવા નિમિત્તોથી બચવાનું અને તેમનાથી અળગા રહેવાનું. જો સંજોગોવસાત્ એવાં નિમિત્તોથી દૂર ન રહી શકાય તેમ હોય તો તેમના રંગે રંગાઈ ન જવાય તેવી સજગતા રાખીને પુરુષાર્થ ફોરવવાનો.

માણસ મોટા ભાગનાં કર્મો દેખાદેખીથી કરતો હોય છે. સંસારથી અલગ રહીને આપણે જીવી શકતા નથી. આપણે સંસારની વચ્ચે રહીને જ

જીવવાનું હોય છે. તે દરમિયાન આપણે અનેક લોકોના સંસર્ગમાં આવીએ છીએ. તેમને જોઈએ છીએ. કોઈની કોઈ વસ્તુ જોઈ કે તુરત જ આપણા મનમાં ઝબકારો થઈ જાય છે કે મારી પાસે પણ આ હોય તો - આવું હોય તો! કોઈનાં કપડાં, કોઈનો મોબાઈલ, કોઈનો ફ્લૅટ, કોઈનું વાહન, કોઈની વસ્તુ જોતાંની સાથે આપણા મન ઉપર તેની અસર પડે છે. માણસને સારું-નરસું, સાચું-ખોટું કંઈ પણ બતાવો તેની મન ઉપર અસર પડ્યા વિના રહેતી નથી. જો તાત્કાલિક અસર ન વર્તાય તો પાછળથી પણ તેની અસર થયા વિના રહેતી નથી. માણસની મોટા ભાગની ખરીદી દેખા-દેખીથી જ થતી હોય છે. બાકી માણસ જે કંઈ ખરીદે છે - મેળવે છે તે બધાની તેને હંમેશાં જરૂર હોતી નથી.

વાત એકલી દેખા-દેખી પૂરતી મર્યાદિત નથી રહેતી. કોઈએ આપણને કંઈ કહ્યું, કોઈએ આપણી સાથે કે અન્ય સાથે કંઈ કર્યું કે તુરત જ આપણું મન તેની પ્રતિક્રિયા કરે છે અને આપણે તેના પ્રતિભાવ રૂપે કંઈ કરી નાખીએ છીએ. કોઈના કહેવાની, કોઈના વર્તનની પ્રતિક્રિયા કર્યા વિના માણસ સામાન્ય રીતે રહી શકતો નથી. પણ જો માણસ જાગ્રત હોય તો તુરત જ પ્રતિક્રિયા કરવાને બદલે તે વાત ઉપર વિચાર કરશે. પછી જે કંઈ કરવા જેવું લાગશે તે તે કરશે અને નહીં કરવા જેવું લાગે તો નહીં કરે.

જીવનમાં જાગરૂકતા - સજગતા એ મહાન ગુણ છે. જે માણસ જાગરૂક નથી હોતો તે જીવનમાં એવું કેટલુંય કરી બેસે છે કે જે તેણે કરવા જેવું ન હોય. જે પ્રતિક્રિયાથી બચી જાણે છે તે જ સાચા અર્થમાં કંઈક વિધાયક કરી શકે છે - ધારેલું કરી શકે છે. આપણાં મોટા ભાગનાં કર્મ જીવનમાં પ્રતિક્રિયા તરીકે જ થતાં હોય છે. કર્મનો સંવર કરવા નીકળેલ સાધકે એ સૂત્ર કાયમ યાદ રાખવા જેવું છે કે - **પ્રતિક્રિયાથી બચો.**

જો વાતની સમીક્ષા કરીએ તો કર્મનો સંવર કરવા ઈચ્છતા સાધકે સારાં નિમિત્તોનો સંગ કરવો અને જીવને ખોટાં કર્મો કરવામાં નિયોજે તેવાં નિમિત્તોથી અળગા રહેવું. દેખા-દેખી કરવાની વૃત્તિ દરેક માણસમાં થોડે-વત્તે અંશે પડેલી જ હોય છે. સાધકે તે વૃત્તિને ઓળખીને કરવા જેવાં કર્મ કરવાં પણ જરૂર વગરનાં કર્મ ન થઈ જાય તેની કાળજી રાખવી.

પ્રતિક્રિયા જીવ માત્રના સ્વભાવમાં હોય છે. જો સાધક જાગરૂક હશે તો તે પ્રતિક્રિયા કરતાં પહેલાં વિવેકથી વર્તશે અને તેમ થશે તો કેટલાંય કર્મો કરવાથી બચી જશે.

ઔદયિક ભાવને કારણે થતાં કર્મો વિશે આગળ આપણે વિગતે ચર્ચા કરેલી છે. ઔદયિક ભાવને આધીન થતાં પહેલાં વિવેક તો કરવાનો જ છે, પણ એ રીતે થતાં કર્મને રોકવા માટે સંયમ પણ આવશ્યક છે.

આ રીતે જે સાધક સહજ સંવર કરતો હશે તો તેને કર્મના સંવરનું ફળ તો અવશ્ય મળશે, ભલે પછી આ રીતે થતા કર્મસંવરને ધર્મની સાધનાની છાપ લાગેલી ન હોય. માણસ જો થોડોક ધર્માભિમુખ હોય તો તે કંઈ વિશિષ્ટ સાધના કર્યા વિના પણ સહજ સંવર સાધી શકે છે. આવો સંવર કરતી વખતે મનમાં જો એ ભાવ હોય કે નિરર્થક કર્મોથી બચવા માટે - સંવર સાધવા માટે હું જે - તે કર્મથી વિરમું છું તો દ્રવ્ય સંવરની સાથે ભાવસંવર પણ આપોઆપ સધાઈ જાય - જે કર્મની નિર્જરાનું પણ કારણ બની શકે છે.

સંવરના વિચારની સાથે મહાવીરે વિચાર કર્યો કે આવતાં કર્મોને તો રોકયાં પણ જન્મોજન્મનાં ભેગાં થયેલાં કર્મનું શું? આપણને લાગે આપણે ખાલી હાથે આવીએ છીએ અને ખાલી હાથ જઈએ છીએ પણ વાસ્તવિકતામાં આપણે કર્મ લઈને આવીએ છીએ - કર્મને કારણે જ આવીએ છીએ અને અહીંથી જઈએ છીએ ત્યારે કર્મને સાથે લઈને જ જઈએ છીએ. **સંવર વર્તમાનને સ્પર્શે છે પણ નિર્જરા જીવના અતીતને વિશેષ સ્પર્શે છે. જ્યારે સંવર અને નિર્જરા જીવના ભાવિને સ્પર્શે** છે અને તે જ ભાવિને ઘડે છે. (નિર્જરા એટલે સંચિત કર્મોને ખાલી કરવાં - નિર્જરવાં.)

સંવર એક રીતે સરળ છે. જ્યારે નિર્જરા વધારે મુશ્કેલ છે. જીવ જ્યારે કર્મનો બંધ કરે છે ત્યારે તે કેટલા રસથી કરે છે તેના ઉપર કર્મના બંધની તીવ્રતાનો - સજ્જડતાનો આધાર હોય છે. જો જીવે રસ રેડીને કર્મ કર્યું હોય તો કર્મબંધ ગાઢ પડે અને એવાં કર્મને નિર્જરવાનું મુશ્કેલ બની જાય છે. જે કર્મનો બંધ શિથિલ પડ્યો હોય તેવાં કર્મને નિર્જરવાં પ્રમાણમાં

સરળ હોય છે. કર્મબંધની સજ્જડતામાં કષાયની ચીકાશ વધારે કારણભૂત હોય છે. માટે કર્મના વિજ્ઞાનમાં કહેવાયેલું છે કે સારાં કર્મો રસ રેડીને કરો અને ખોટાં કર્મ કરવાં જ પડે તો રસ વિના કરવાં.

મહાવીરની સાધના કર્મના સંવરની અને નિર્જરાની સાધના છે. આપણે તે બંને ઉપર વિચાર કરવાનો છે. પણ તેની શરૂઆત આપણે સંવરથી કરી છે. કારણ કે નિર્જરા તો જીવનની પ્રત્યેક ક્ષણે સ્વયં સધાતી જ જાય છે. પ્રત્યેક સારા-ખોટા કર્મના ભોગવટાની સાથે તે કર્મ આત્માથી અળગાં થઈ જાય છે. આપણા આયુષ્યની પ્રત્યેક ક્ષણ એ રીતે નિર્જરાની ક્ષણ બની જાય છે. છતાંય એ સાધનાને વેગ કેવી રીતે આપી શકાય તે વિશે આપણે આગળ ઉપર વિગતે ચર્ચા કરીશું. પણ આપણે એ વાત ન ભૂલીએ કે મહાવીરના સાધના માર્ગમાં સંવરનું પ્રાધાન્ય વધારે છે અને તેને કારણે જૈન ધર્મનાં મોટા ભાગનાં અનુષ્ઠાનો સંવરને અનુલક્ષીને હોય છે. **જે સંવર સાધી જાણે છે તે સર્વ સાધી જાણે છે.** સંવર વગરની નિર્જરાનું સાધનામાં ઝાઝું મૂલ્ય નથી.

જૈન ધર્મ પુરુષાર્થની પ્રધાનતામાં માનનારો છે. ધર્મ એ ભાગ્યનો વિષય નથી. ધર્મ પુરુષાર્થનો વિષય છે. એમાંય મહાવીરનો માર્ગ તો કેવળ પુરુષાર્થનો માર્ગ છે. ભગવાન મહાવીરે તેમના સાધનાકાળ દરમિયાન કોઈનો અનુગ્રહ માગ્યો નથી; તેમણે કોઈની સહાય લીધી નથી. તેમનો સાધનાપથ કર્મના સંવરનો અને કર્મની નિર્જરાનો છે. તેમાં કોઈની કૃપાનો અવકાશ નથી. આ માર્ગ આપણને મળી જાય તે જ અહોભાગ્ય પણ તેના ઉપર છેવટે ચાલવું તો આપણે જ પડશે. મહાવીરનો માર્ગ આત્મ-નિર્ભરતાનો માર્ગ છે. તે લાગે છે તેટલો કઠિન નથી અને માનીએ તેટલો સરળ નથી.

---

૫. યોગસંવર-૧

કર્મનો સંવર અને નિર્જરા ભગવાન મહાવીરની સાધનાના પાયામાં રહેલા છે. એ બંનેને સિદ્ધ કરીને જ જીવ શાશ્વત અવ્યાબાધ સુખમાં સ્થિતિ કરી શકે છે. સહજ સંવરની ચર્ચા કરતાં આપણે એ જોયું કે જો સજાગ રહીએ તો જીવનની પ્રત્યેક પળે આપણે કેવી રીતે સંવર સાધતા રહી શકીએ. પણ એટલેથી જ આપણે સિદ્ધિ સુધી ન પહોંચી શકીએ. આપણે જે દિશા પકડી છે જે લક્ષ્ય બાંધ્યું છે તેને સિદ્ધ કરવા માટે આપણે સાધના કરવી જ રહી.

સામાન્ય રીતે કોઈ શબ્દ વધુ વપરાતો થઈ જાય તો તેનો અર્થ ઘસાતો જાય છે. પણ સાધના શબ્દમાં વાત જરા ઊલટી પકડાઈ હોય એમ લાગે છે. સામાન્ય માણસોના મનમાં સાધના વિશે જાણતાં-અજાણતાં એવો ખ્યાલ બંધાઈ ગયો છે કે સાધના એટલે મોટું દુષ્કર કામ. વાસ્તવિકતામાં સાધના એટલી દુષ્કર નથી. જીવનમાં પળે પળે સજાગ હોઈએ લક્ષ્ય તરફ જઈ રહ્યા છીએ એવો દિલમાં આનંદ હોય તો સાધના સરળ બની જાય છે.

સાધનામાં આપણે કર્મનો સંવર કરવાનો છે. કર્મની નિર્જરા કરવાની છે. સાધનાને માર્ગે આગળ વધતાં પહેલાં આપણે એ જરા વિચારી લઈએ કે કર્મ બંધાય છે કેવી રીતે? **જીવ કર્મ બાંધે છે મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ અને પ્રમાદને લીધે.** આ પાંચેય કારણોમાં ચાર તો આંતરિક કારણો છે જેને જીવના અધ્યવસાય સાથે વધારે સંબંધ છે. મુખ્યત્વે જીવ કષાયને કારણે કર્મ બાંધે છે, પણ કર્મ બાંધવા માટે યોગ (મન-વચન-કાયા) આવશ્યક છે. યોગ વિના જીવ કાર્માણ વર્ગણાના પરમાણુઓને ગ્રહણ કરીને તેનું કર્મમાં પરિણમન ન કરી શકે. અહીં આપણે યોગ શબ્દ વિશે થોડાક સ્પષ્ટ થઈ જઈશું તો આગળની ચર્ચા સરળ બની રહેશે

યોગ શબ્દનો અર્થ છે જોડાવું-સંયોગ થવો. અન્ય દર્શનોમાં યોગ શબ્દ

પરમાત્મા સાથે જોડવા માટે કે પછી તેમની નિકટ વસવા માટે કે અસ્તિત્વ (બ્રહ્મ)માં લીન થઈ જવા માટે વપરાય છે. જૈનદર્શનમાં યોગ શબ્દ કર્મના જીવ સાથે જોડાવા માટે વપરાય છે અને આ યોગ સધાય છે મન-વચન અને કાયાથી. તેથી જૈન ધર્મમાં યોગ શબ્દ મન-વચન-કાયાના પ્રવર્તન માટે વપરાય છે. વાસ્તવિક્તામાં **જૈન સાધના કર્મના અયોગની સાધના છે.**

કાર્માણ વર્ગાણા અસ્તિત્વમાં ઠાંસોઠાંસ ભરેલી છે. તેને કર્મમાં પરિણમનાર કષાયો છે પણ તેને જીવ સાથે જોડી આપનાર મન-વચન-અને કાયાના યોગો છે. કર્મબંધ મૂળથી જ ન થાય તે માટે પહેલાં મિથ્યાત્વ જવું જોઈએ. ત્યારપછી કષાયો જવા જોઈએ. અવિરતિ જવી જોઈએ. સંયમ સધાવો જોઈએ જે મૂળ તો આંતરિક ભાવ જ છે. આટલું સધાયું હોય તો મન-વચન-કાયાના યોગો અલ્પ થઈ ગયા હોય અને જીવની જાગરુકતા હોય તો જ જીવની ચંચળતા ઓછી થાય. સામાન્ય રીતે સાધના આ ક્રમમાં થતી રહે છે. પણ પરિણામને આપણે શીઘ્ર સિદ્ધ કરવું હોય તો મન-વચન અને કાયાના યોગોનો નિરોધ કરવો જોઈએ જેથી કાર્માણ વર્ગાણા જીવને લાગે નહિ અને કર્મ ઓછાં બંધાય.

આ વાતને લક્ષમાં રાખીને મહાવીરે સાધના કરી હતી. તેમના સાધના કાળમાં કર્મબંધનાં પરિબળોને રોકવા માટે તેમણે આંતરિક પુરુષાર્થ તો કર્યો જ પણ સાથે સાથે બાહ્ય પુરુષાર્થને પણ એટલું જ મહત્ત્વ આપ્યું અને સંવર-નિર્જરા સાધતા રહ્યા. એ રીતે મહાવીરે સાધનાના પ્રથમ ચરણમાં યોગસંવર સાધ્યો. આ સાધના કર્મને આવવાનાં દ્વારને બંધ કરવા જેવી છે. મહાવીરની સાધનાનું હાર્દ કર્મનો સંવર અને નિર્જરા છે. તેને આંતરિક પુરુષાર્થથી સાધો કે બહારના પુરુષાર્થથી સાધો; આ છેડેથી સાધો કે બીજે છેડેથી સાધો કે પછી બંને છેડેથી સાધતા રહો તો મોક્ષની વાટ સત્વરે કપાશે. સંસારીઓ માટે બાહ્ય સાધના આંતરિક સાધનાનું કારણ પણ બની રહે છે. સાધનાપથ ઉપર આપણે બહારથી અંદર જવાનું રાખીશું તો તે થોડુંક સરળ રહેશે કારણ કે તે માર્ગ વધારે સ્પષ્ટ અને સુરેખ હોય છે.

આપણું અસ્તિત્વ છેવટે શું છે? આપણું ચૈતન્ય, કર્મશરીર અને સ્થૂળ શરીર અને આપણે પહોંચવાનું છે ચૈતન્યના સાક્ષાત્કારની અવસ્થા સુધી,

જે અનંત અવ્યાબાધ સુખની અવસ્થા છે. ત્યાં સુધી પહોંચવાની આડે આવે છે કર્મશરીર જે અત્યંત સૂક્ષ્મ પરમાણુઓનું બનેલ છે અને તે સદાય નવા નવા પરમાણુઓ ગ્રહણ કરીને પુષ્ટ થતું રહે છે. આ નવા કર્મપરમાણુઓ તે સ્થૂળ શરીર દ્વારા ગ્રહણ કરે છે અને જીવવા માટે જે કર્મ થતાં રહે છે તે દરમિયાન કર્મના પરમાણુઓ સ્વયં નિર્જરી જાય છે - આત્મ પ્રદેશો ઉપરથી ખરતા રહે છે. આમ એક વિષચક્ર ચાલ્યા કરે છે. આ વિષચક્રને આપણે ગમે ત્યાંથી તોડીને ચૈતન્ય સુધી પહોંચવાનું છે.

ભગવાને આ ચક્રવ્યૂહને ભેદવા માટે જે સાધના પદ્ધતિ અપનાવી તેમાં તેમણે સંવરને પ્રાધાન્ય આપ્યું. પહેલાં કર્મશરીરને પુષ્ટ કરતા કર્મના પરમાણુઓના પ્રવાહને રોકો, જો તદ્દન ન રોકી શકાય તો તે પ્રવાહને પાતળો કરો. કર્મશરીર આ પરમાણુઓને ગ્રહણ કરે છે મન-વચન અને કાયાના યોગને કારણે તેથી ભગવાન આ ત્રણેયનો સંવર કરી સાધનામાં આગળ વધ્યા અને તે માર્ગ આપણી સમક્ષ છે. આમ મહાવીરના સાધનામાર્ગમાં કાયસંવર, વાગ્સંવર અને મનસંવર એ ત્રણ મહત્ત્વના બની જાય છે. જૈન ધર્મની પ્રચલિત ભાષામાં તેને મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ કહે છે.

કર્મશરીરને પુષ્ટ થતું રોકવા માટેના વ્યૂહમાં ભગવાને કાયસંવરને પ્રથમ સ્થાન આપ્યું કારણ કે મન અને વાણી બંને કાયા સાથે સંલગ્ન છે. કાયા છે તો મન છે અને કાયા છે તો વાણી છે. જો કે મહત્ત્વની દૃષ્ટિએ મન અગ્ર સ્થાને છે. આમ જોઈએ તો આ ત્રણેય સંવર એક જ સંવરનાં અંગ છે. પણ સાધના માટે આપણે તેને આગળ પાછળ કરીએ છીએ. કાયસંવર એટલે પ્રવૃત્તિ માત્રનો નિરોધ અથવા તો તેની અલ્પતા. કાયસંવર સાધીને જીવ, કર્મશરીર જે પરમાણુઓની - કર્મરજની સતત આયાત કરતું હતું તેને રોકે છે. ભગવાનની સાધનાપદ્ધતિમાં પાપકર્મ અને પુણ્યકર્મ બંને આશ્રવ છે (આશ્રવ = કર્મનું આવવું). પુણ્યકર્મ સુખ સુવિધા આપે, પાપકર્મ દુઃખ-દુવિધા આપે, પણ અસ્તિત્ત્વ સુધી પહોંચવા માટે બંનેને રોકવા રહ્યા. ભલે પુણ્યકર્મનો ભાર ન લાગે કારણકે તે સુખદ છે. તેમ છતાંય મોક્ષમાર્ગના પ્રવાસીએ છેવટે પુણ્યકર્મને પણ છોડવાં જ રહ્યાં

કારણ કે કર્મ માત્ર સ્વભાવે કલુષિત છે. જ્યાં સુધી કર્મ હોય ત્યાં સુધી આત્મા તેના શુદ્ધ સ્વરૂપે પ્રકાશી શકતો નથી અને તેની અનંત સંપદાઓનો આર્વિભાવ કરી શકતો નથી.

કાયાનો સંવર એટલે કાયાને સ્થિર અને નિષ્ક્રિય કરી દેવાની. પ્રવૃત્તિનો સદંતર નિરોધ કરવાનો. મહાવીરે તેમના સાધનાકાળમાં શરીરનો અલ્પતમ ઉપયોગ કર્યો છે. તેઓ દિવસો સુધી અચલ ઊભા રહેતા, કોઈ પણ પ્રકારનું હલન-ચલન કરતા ન હતા. કાયસંવર દરમિયાન તેઓ ખાવા-પીવા જેવી પ્રવૃત્તિ પણ કરતા ન હતા. ઊઠવું-બેસવું-આડા પડવું વગેરે કોઈ રીતે તે શરીરને ચંચળ થવા દેતા નહિ. તે ઊભા રહેતા અડોલ અને અવિચલ. તે દરમિયાન કાયાને કષ્ટ પડે, ક્યાંકથી ઉપદ્રવ થાય તો પણ તે હાલતા-ચાલતા નહિ. પ્રતિભાવ આપતા નહિ. મહાવીરના તપમાં કાયાને શોષવાની કે તપાવાની વાત ન હતી પણ તેમાં કાયસંવરની વાત પ્રધાન હતી. તેની અંતર્ગત તપ સધાઈ જતું. આ વાત બહુજન સમાજ મોટેભાગે ચૂકી જાય છે અને કેવળ તપને પ્રાધાન્ય આપી દે છે. આપણે જેને કાયગુપ્તિ કહીએ છીએ તે જ વાત આ છે. પણ આપણે તેને જોઈએ તેટલું મહત્ત્વ નથી આપતા. કાયગુપ્તિની સાધના આપણે જીવનમાં સરળતાથી કરી શકીએ તેમ છીએ. આ સાધના સળંગ કરવાનું આપણને થોડુંક મુશ્કેલ લાગે કારણ કે આપણે સંસારમાં રહીને સાધના કરવાની છે. પણ ત્રુટક-ત્રુટક તો અવશ્ય સાધી શકીએ અને તેનાથી લાભાન્વિત થઈ શકીએ.

ભગવાન મહાવીરને પહોંચવું હતું અસ્તિત્વ સુધી - શુદ્ધ આત્મ-અવસ્થા સુધી પણ તે માટે સૌથી મોટો અવરોધ હતો કર્મશરીરનો. સ્થૂળ શરીરને તો તેમણે પ્રવૃત્તિનો નિરોધ કરી કાયાને સ્થિર કરી નિયંત્રણમાં લઈ લીધું. આમ તેમણે કર્મના આશ્રવ-કર્મપરમાણુઓના ગ્રહણ ઉપર મોટો ફટકો માર્યો પણ એટલેથી કામ થાય તેમ ન હતું. કર્મશરીર અતિ સૂક્ષ્મ છે. તે ટકે છે મોહની મદદથી. મોહને હજાર-હજાર રૂપ છે. રાગ અને દ્વેષ તેના મુખ્ય સૂત્રધારો છે. તેમાંથી ફલિત થાય છે. ક્રોધ માન માયા લોભ ઈત્યાદિ.

કાયસંવરથી કર્મશરીરમાં આવતા કર્મપરમાણુઓની આયાત તો બંધ થઈ પણ કર્મની આયાત કરનાર મોહ તો અકબંધ રહ્યો. તે જ્યાં સુધી જાગતો હોય ત્યાં સુધી અસ્તિત્વ સુધી પહોંચી શકાય નહીં જે મહાવીરનું લક્ષ્ય હતું. ભગવાને વ્યવહારની ભૂમિકા ઉપર સંવરને અગ્રેસર કર્યો અને તે માટે સૌપ્રથમ કાયસંવર ઉપર ભાર મૂકયો પણ તેઓ એટલેથી અટક્યા નથી. એકલા કાયસંવરથી લક્ષ્યવેધ થાય તેમ ન હતો. મોહનો પરાભવ કર્યા વિના કાર્ય સધાય તેમ ન હતું. તે માટે તેમણે આત્મદર્શનની વાત વિચારી. આ માટે તેમણે સાધનાકાળમાં ધ્યાનનો આશ્રય લીધો. તેઓ સતત ધ્યાનમાં રહેતા હતા. અન્ય બાબતોથી સહેજ પણ લેપાતા નહીં. બહારથી તેઓ અડગ થઈ ગયા પણ અંદરથીય સ્થિર થઈ ગયા. ચિત્ત આત્મામાં સ્થિર થતાં મોહનાં મૂળ કમજોર બની ગયાં અને ધીમે ધીમે તેનો વિલય થવા લાગ્યો. ભગવાને વ્યવહારની ભૂમિકા ઉપર – કાયસંવર ઉપર ભાર મૂકયો હતો તો નિશ્ચયની ભૂમિકા ઉપર આત્મદર્શન ઉપર ભાર મૂકયો.

ભગવાનને પૂછવામાં આવ્યું કે સંવર શું છે. ત્યારે તેમણે કહ્યું, ''આત્મા એ જ સંવર છે, આત્મા એ જ સંયમ છે, અને આત્મા જ પ્રત્યાખ્યાન છે. આત્માની ઉત્કૃષ્ટ અવસ્થાની આ વાત છે – જેને જૈન ધર્મમાં નિશ્ચય ધર્મ તરીકે ઓળખવામાં આવે છે. વાતનું તાત્પર્ય એ છે કે સંવરની સાથે આત્મદર્શન હોય તો તે સાધના બને છે. બાકી કેવળ કાયસંવર – ભાવ વિનાના અને જ્ઞાન વિનાના સંવરથી શરીરને થોડીક વિશ્રાંતિ મળે, તનાવનું શમન થાય પણ તેનાથી આત્મિક લાભ ન થાય.

ઈન્દ્રિયસંવર :

સાધનાનું લક્ષ્ય જીવમાંથી શિવ બનવાનું છે. આત્મામાંથી પરમાત્મા બનવાનું છે. અનંતનો આવિર્ભાવ કરવાનો છે. આ લક્ષ્યને સિદ્ધ કરવા માટે આપણે કર્મરહિત થવું પડશે. તે માટે આવતાં કર્મને રોકવાં પડશે અને ભેગાં થયેલાં કર્મોને નિર્જરવાં પડશે – કાઢવાં પડશે. આપણે કર્મને આવવાનાં કારણો ઉપર વિચાર કર્યો અને કર્મને આવવાના માર્ગો – આશ્રવો વિશે ચર્ચા કરી. એમાં આપણે કાયસંવરની વાત પ્રથમ કરી કારણ કે કાયા સાથે જ વાણી અને મન સંલગ્ન છે. કાયા વિના મન નથી અને વાણીય નથી.

આપણા મનમાં વિચાર આવે કે આ કાયાને ચંચળ કોણ કરે છે? કાયાને કર્મ ગ્રહણ કરવા સક્રિય કોણ કરે છે? તો આપણને લાગશે કે કાયાની પ્રત્યેક હિલચાલ પાછળ મન રહેલું હોય છે અને કેટલીક એવી ક્રિયાઓ હોય છે કે જે મનની સૂચના વિના પણ શરીરમાં કાર્યાન્વિત થતી રહે છે. સ્વયં ચાલતી શરીરની ક્રિયાઓને મન ભાગ્યે જ રોકી શકે છે. બાકી મોટા ભાગની શરીરની ક્રિયાઓ મનપ્રેરિત હોય છે અને મનને તે ક્રિયાઓ કરવા ઉત્તેજિત કરનાર ઇન્દ્રિયો હોય છે. ઇન્દ્રિયો દ્વારા આપણને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધના વિષયોની પ્રાપ્તિ થાય છે. આ વિષયો જો મનને સુખદ લાગે તો તે મેળવવા મન લલચાય છે. જો આ વિષયો દુઃખદ લાગે – અપ્રિય લાગે તો મન તેનાથી દૂર જવા ઇચ્છે છે. પણ જો આ વિષયો મન સુધી પહોંચે જ નહીં તો મન તેના તરફ પ્રતિક્રિયા કરવા ઉત્તેજિત થાય નહીં. મન કંઈ કરવા તત્પર ન થાય તો વાણી પણ રોકાઈ જાય અને કાયા પણ તેવી ચેષ્ટા ન કરે.

તેનો એ અર્થ થયો કે જો વિષયોને મન સુધી પહોંચવા જ ન દઈએ તો આપોઆપ સંવર સધાય. હવે વિષયોને મન સુધી પહોંચાડનાર ઇન્દ્રિયો છે. તેથી ઘણા ધર્મોએ ઇન્દ્રિયોને સંયમમાં રાખવા ઉપર ભાર મૂક્યો અર્થાત્ કે ઇન્દ્રિયોનો સંવર કરવો. વાતમાં થોડુંક તથ્ય છે પણ તેના ઉપર એટલો બધો ભાર મૂકવો વાજબી નથી. કારણ કે ઇન્દ્રિયોની સ્થિતિ તો ચાકર જેવી છે કે સંદેશવાહકો જેવી છે. ઇન્દ્રિયો સ્વયં તો ખાસ કંઈ કરતી નથી. તે તો તેને બહારથી જે વિષયો મળે છે તેને મન સુધી પહોંચાડે છે અને મન તેમને જે પ્રમાણે સૂચના આપે તે પ્રમાણે કાર્ય કરે છે. આ વાત બરોબર – તેના યથાર્થ સંદર્ભમાં ન સમજાવાને કારણે કેટલાક ભક્તાએ તો ઇન્દ્રિયોને જ તોડી-ફોડી નાખવા સુધી ગયાની વાતો જાણવા મળે છે.

વાસ્તવિકતા તો એ છે કે વિષયોને પ્રાપ્ત કરવાની ઇચ્છા કે તેનાથી દૂર રહેવાની ઇચ્છા કરનાર મન પણ નથી. જો ઇન્દ્રિયો ચાકર જેવી છે તો મન મંત્રી જેવું છે. ઇન્દ્રિયો તેને જે સંદેશ આપે છે તે મન અંદર કર્મશરીરને પહોંચાડે છે. કર્મશરીરમાં રહેલી વાસના, મનને જે તે વિષયો મેળવી આપવા કે દૂર કરવા ઉશ્કેરે છે. અંદરના ધક્કા પ્રમાણે મન,

ઇન્દ્રિયોને આદેશ આપે છે. એટલે જો ખરો વાંક જ કોઈનો હોય તો તે વાસનાઓનો છે અને તેનું નિરસન કરવા માટે તો સાધના છે. તેમ છતાંય ઇન્દ્રિયોનું મહત્ત્વ ઓછું આંકવા જેવું નથી.

આપણો સકળ સંસાર ઇન્દ્રિયોનો છે. આપણું આખું જીવન ઇન્દ્રિયોને ગમતા વિષયો મેળવવા અને ઇન્દ્રિયોને ન ગમતા વિષયોને દૂર રાખવા પાછળ વહી જાય છે. જો આપણી ઇન્દ્રિયો સંયમમાં હોય તો આપણે કેટલીય પ્રવૃત્તિ કરવામાંથી બચી જઈએ. તેથી મહાવીરના સાધનામાર્ગમાં ઇન્દ્રિય સંવરનું મહત્ત્વ તો છે જ; પણ ભગવાને ઇન્દ્રિય દમનની વાત કરી નથી. ઇન્દ્રિયોના સંયમની વાત એમાં રહેલી છે.

ઇન્દ્રિયોનો સંવર કરવો એ સાધનામાર્ગનું મહત્ત્વનું ચરણ છે. પણ ઇન્દ્રિયોનાં દ્વાર સદંતર બંધ કરવાનું ઠીક નથી. જો ઇન્દ્રિયોનાં દ્વાર સદંતર બંધ કરી દઈશું તો ઇન્દ્રિયો દ્વારા આપણને જે સારી વસ્તુઓ મળે છે - સાધનામાં ઉપયોગી થઈ પડે તેવી વાતો મળે છે તે પણ રોકાઈ જશે. તત્ત્વજ્ઞાન ઇન્દ્રિયો દ્વારા જ માણસ મેળવે છે. સાધનાનો માર્ગ આપણે ઇન્દ્રિયોની સહાયથી જ જાણી શકીએ છીએ.

ભગવાનની મૂર્તિનાં દર્શન આંખ દ્વારા થાય છે. ભગવાનનાં વચનો કાન દ્વારા સંભળાય છે. જે પગ શહેરની ગંદી ગલીઓમાં લઈ જાય છે તે જ પગ દ્વારા દેવમંદિરે-દેરાસરે ઉપાશ્રયે જઈ શકાય છે. માટે ઇન્દ્રિયોના સંવરની વાતમાં વિવેકની વધારે જરૂર છે. જો વિવેક હશે તો આપણે ગંદા વિષયોને ઇન્દ્રિયો દ્વારા પ્રવેશ નહીં આપીએ અને જે વિષયો આત્માને હિતકારી છે તેને માટે ઇન્દ્રિયોનાં દ્વાર વધારે ખોલી નાખીશું.

ભગવાન મહાવીરની સાધના પદ્ધતિમાં આ માટે સદંતર ઇન્દ્રિયસંવરની વાત નથી; પણ તેમાં વિવેકપુરઃસરના આયોજનની વાત છે. તેથી આપણે ત્યાં પ્રત્યાહાર છે - પચ્ચક્ખાણ છે. કદાચ આ ક્રિયા સદંતર ન થઈ શકે તો જેટલો સમય થાય તેટલો સમય પણ કરતા રહેવું. આટલું થશે તો ઇન્દ્રિયસંવર સધાતો રહેશે અને કેવળ શુભ વિષયો જ અંદર પહોંચશે.

એક મહત્ત્વની બાબત, ઇન્દ્રિયોના સંવર સાથે વિચારવાની છે કે વિષયોને જોઈને વિકારો કોણ અનુભવે છે ? માણસોને કર્મ કરવા પ્રેરનાર

વિકારો છે. ઇન્દ્રિયોએ તો વિષયોને અંદર મોકલ્યા પણ તેનાથી મનમાં વિકાર ન થયો હોત તો માણસ કર્મ કરવા તત્પર ન થાત. વાસ્તવિકતામાં મન પણ વિકારો માટે દોષિત નથી. વિકાર પડેલા છે અંદર રહેલા સૂક્ષ્મ શરીર - કર્મશરીરમાં. ઇન્દ્રિયો વિષયોને મન સુધી પહોંચાડે છે. મન તે કર્મશરીરને પહોંચાડે છે. કર્મશરીરમાં પડેલી વાસના તેનાથી પ્રભાવિત થઈને અનુકૂલ વિષયોને ઝંખે છે. અને જો વિષયો પ્રતિકૂળ હોય તો તેનાથી દૂર જવા માટે પ્રયત્ન કરે છે. કર્મશરીરમાં પેદા થયેલ પ્રકંપનો મન ઉપર ઊતરે છે અને મન જે તે વિષયોને મેળવવા કે તેનાથી દૂર રહેવા માટે ઇન્દ્રિયોને સૂચના આપે છે. અને તે પ્રમાણે ઇન્દ્રિયો સક્રિય થઈ જાય છે.

સાધનામાં મૂળ ચોટ મારવાની છે તે ઇન્દ્રિયો ઉપર નહીં પણ વિકારો ઉપર - તેના ઉગમસ્થાન વાસનાશરીર ઉપર જે અતિસૂક્ષ્મ કર્મશરીર સાથે સંલગ્ન છે. બાકી ઇન્દ્રિયો વિકારોને જન્મ નથી આપતી. જો ઇન્દ્રિયો વિકારોને જન્મ આપતી હોત તો બહેરા-મૂંગા-આંધળા એવા ઇન્દ્રિયોની ક્ષતિવાળા માણસો જે તે વિષયની વાસનાથી રહિત હોત - પણ તેમ નથી. માટે ભલે ઇન્દ્રિયોને જીતવાની વાત ઉપચારથી કહેવાય પણ મૂળે આપણે વાસના ઉપર વિજય મેળવવાનો છે. આપણા આ સ્થૂળ શરીરની અંતર્ગત જે અતિસૂક્ષ્મ કર્મશરીર રહેલું છે એ જ આપણી બધી વાસનાઓનું શરીર છે. એમાં જ જન્મોજન્મના સારા-માઠા સંસ્કારો સંગ્રહાયેલા હોય છે.

આમ આપણા ચિંતનનો એ નિષ્કર્ષ નીકળે છે કે ઇન્દ્રિયોનો સંવર કરવામાં વિવેક રાખવાનો છે. ઇન્દ્રિયો જે કંઈ પ્રવૃત્તિ કરે છે તેને રોકવા કે બદલવા માટે આપણે મન ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે અને તેને વશમાં રાખવું પડશે. મનને રોકવા માટે આપણે મનને પ્રભાવિત કરનાર સંસ્કારો અને વાસનાઓ જ્યાંથી આવે છે ત્યાં સુધી એટલે કે કર્મશરીર સુધી પહોંચવું પડશે અને ત્યાં પહોંચી વાસનાઓનું પ્રમાર્જન કરવું પડશે. બાકી ઇન્દ્રિયોને વિષય ગ્રહણ કરતાં રોકી શકાય નહીં અને તેનો ખાસ અર્થ પણ નહીં. તો પછી આપણે એવો માર્ગ ગ્રહણ કરવો જોઈએ કે જ્યાં ઇન્દ્રિયો રહે અને તે જે તે વિષયોને ગ્રહણ કરતી રહે કે ન રહે છતાંય સાધના થતી રહે.

આ બાબતની આચારાંગ સૂત્રમાં વિશદ વિચારણા થયેલી છે. સૂત્રકાર કહે છે કે થોડાક સમય માટે ઈન્દ્રિયોને વિષય ગ્રહણ કરતાં રોકી શકાય પણ તે સર્વથા શક્ય નથી. જીવનભર તે ન થઈ શકે. તો પછી ઈન્દ્રિયસંવર સાધવા માટે આપણી પાસે એક અત્યંત સરળ ઉપાય છે કે ઈન્દ્રિયોને જે જે વિષયો સહજ પ્રાપ્ત છે તેની સાથે ચેતનાને ન જોડો. તેના ઉપર રાગદ્વેષ ન કરો. વિષયો સાથે રાગ-દ્વેષ નહીં જોડાય તો પછી વિષયોમાં મનને ચલિત કરવાની તાકાત જ નહીં રહે. પછી એ વિષયોમાં ભ્રમિત કરવાનું જોર જ નહીં રહે. વિષયોનું તદ્દન અગ્રહણ પૂર્ણતયા શક્ય નથી પણ આપણી પાસે જે વિકલ્પ છે અનાસક્તિનો, જે સુલભ છે - અસરકારક છે છતાંય વ્યવહારુ છે, મુશ્કેલ પણ નથી.

વિષયો ઉપર રાગ-દ્વેષ ન કરવાની વાત ઠીક છે, પણ તે માટે શક્તિનું સંપાદન કરવું પડે. તે કામ સરળ નથી. એ શક્તિ કેળવવા આપણે એવી સત્તાની ઉપાસના કરવી જોઈએ કે જયાં વિષયો સ્પર્શી શકતા નથી અને આ છે વીતરાગસત્તા. આ માટે તીર્થંકર પરમાત્માનું આલંબન-ધ્યાન સહાયક છે. બાકી જ્યાં સુધી કાયા છે ત્યાં સુધી પૂર્ણતયા ઈન્દ્રિય સંવર શકય નથી. પણ આપણે સાધના કરીને વિષયો પ્રત્યેનો રસ ઓછો કરી શકીએ અને એ રીતે ઘણો કર્મસંવર સાધી શકીએ.

પરિસ્થિતિ વિષમ છે. અંદર પડેલી વાસના એક બાજુથી આપણને વિષયો તરફ ધકેલે છે અને બીજી બાજુથી ઈન્દ્રિયો વિષયોને ગ્રહણ કરીને અંદર ધકેલે છે. કર્મનો સંવર સાધવા આ પરિસ્થિતિમાં આપણે બંને બાજુથી કામ કરવું પડશે. આગળથી આવતા વિષયોને સંપૂર્ણતયા રોકી ન શકાય. તેથી તેનો પ્રત્યાહાર કરવાનો એટલે કે વિવેક કરીને અમુક વિષયોને આવવા દેવાના અને અમુક વિષયોને રોકવાના. જે વિષયો આપણને ઉપકારક છે તેને આવવા દેવાના અને જે આપણું અહિત કરે તેવા છે તેને કરીને રોકી દેવાના.

બીજી બાજુ અંદરથી વાસનાઓનો - સંસ્કારોનો જે ધક્કો આવે છે તેને રોકવા કર્મશરીર સુધી પહોંચવું પડશે. અહીં આપણે વીર્ય ફોરવવાનું છે - પુરુષાર્થ કરવાનો છે. બને તો વાસનાઓનું નિર્મૂલન કરવાનું અને જો તેમ

ન થાય તેમ હોય તો તેના રસમાં પરિવર્તન કરવાનું. દા.ત. વાસનામય પ્રેમનું વાત્સલ્યમાં કે ભક્તિમાં રૂપાંતર કરી લેવાનું. આ રીતે દરેક પ્રકારની વાસનાનું પ્રમાર્જન કરી શકાય. આમ વિષયો પ્રત્યેનો આપણો અભિગમ બદલી નાખ્યો હશે તો જે અનિષ્ટ છે તે પણ ઈષ્ટમાં પલટાઈ જશે. જો આમ પરિવર્તન ન થઈ શકે તો પછી તો અંદરથી આવતા વાસનાના આવેગની ઉપેક્ષા કરી તેના પ્રતિ મધ્યસ્થ ભાવ કેળવવો. આ સાધના છે. એમાં પુરુષાર્થને અવકાશ છે. આ શક્તિ આપણામાં પડેલી જ છે જેને આપણે જગાવીને પ્રતિકૂળ ભાવોને અનુકૂળ બનાવી લેવાના છે.

આમ ઈન્દ્રિયો, તેના વિષયો, અંદર પડેલી વાસનાઓ અને મનની શક્તિ એ બધા એક બીજા સાથે સંલગ્ન છે. કોઈ એક જ વાતને પકડી લેવાથી સાધના માર્ગમાં સફળતા ન પણ મળે. વિવેક રાખીને ઈન્દ્રિયસંવર કરવાનો છે. મનને કેળવવાનું છે તો બીજી બાજુ આત્માનું વીર્ય ફોરવવાનું છે. એટલે કે આત્મશક્તિનું જાગરણ કરવા પુરુષાર્થ કરવાનો છે. દુશ્મન સબળ હોય તો તેને બે બાજુથી ભિડાવવો પડે છે. તેમ આપણે કર્મનો હ્રાસ કરવા દ્રવ્ય અને ભાવ બંનેને આગળ કરીને સાધના કરવાની છે. મહાવીરના માર્ગની આ વિશિષ્ટતા છે.

---

૬. યોગસંવર-૨

આપણે આગળ કાયસંવર અને તેની અંતર્ગત ઇન્દ્રિયસંવરની ચર્ચા કરી. જીવ કર્મ ગ્રહણ કરે છે કષાયોને કારણે પણ તે શક્ય બને છે મન-વચન અને કાયાના યોગો દ્વારા, તેથી આપણે તેના સંવરની વાત કરી રહ્યા છીએ. હવે આપણે વાગ્સંવર (વાણીના સંવર)ની વાત વિચારીએ. વાણીનો ઉપયોગ કર્મ ગ્રહણ કરવાનું - આશ્રવનું દ્વાર છે. માણસ બોલ્યા વિના રહી શક્તો નથી. જરૂરનું તો બોલવું પડે પણ માણસ વગર જરૂરનુંય કેટલું બોલ્યા કરે છે. બહુ ઓછા લોકોને ખ્યાલ છે કે વાણી પણ કર્મના આશ્રવનું દ્વાર છે.

ભગવાન મહાવીર કાયસંવર સાધતી વેળાએ વાણીનો પણ સંવર કરતા હતા. આરાધના કાળ દરમિયાન તેઓ ભાગ્યે જ બોલતા હતા. બૂઝ-બૂઝ-બૂઝ ચંડકોશિયા એ ત્રણ શબ્દો પણ તે સર્પ તરફનો કરુણાનો ભાવ ઊભરાઈ જતાં બોલ્યા હતા અને તે પણ તેના કલ્યાણને માટે બાકી તો તેઓ મૌનની આરાધનામાં સતત રત રહેતા હતા. **સંવરની સાધના એ સ્વરૂપને પામવાની સાધનાનો ટૂંકામાં ટૂંકો માર્ગ છે એમ કહી શકાય.**

વાગ્સંવર કરવાથી આવતાં કર્મ રોકાય છે એ વાત તો ખરી પણ તેનો મોટો લાભ એ છે કે તેને કારણે વિચાર ઉપર સંયમ આવે છે. જાણીને ઘણાને નવાઈ લાગે પણ વાણી વિના વિચાર થઈ શકતો નથી. વાણી એ બહિર્જલ્પ છે તો વિચાર એ અંતર્જલ્પ છે. વિચાર નહિ હોય તો વાણી નહીં ઉદ્ભવે પણ તેના પ્રતિપક્ષે વાણી નહીં હોય તો વિચાર નહિ થઈ શકે. વિચારની યાત્રા શબ્દને સહારે જ થાય છે. અંતરમાં શબ્દ રચાય ત્યારે જ વિચાર સાકાર થઈ શકે છે. આમ વાગ્સંવરથી બેવડો લાભ થાય છે તેથી ધર્મમાં મૌનનું આટલું બધું મહત્ત્વ અંકાય છે.

વાગ્સંવરની આરાધના કરતા હોઈએ અર્થાત્ કે મૌનની આરાધના થતી

હોય ત્યારે તેમાં ઈશારા ન હોય. ઈશારા એ મૌન વાતચીત છે. ઈશારા સાથેના મૌનની સાધનાની કંઈ કિંમત નથી. મૌનની સાધનાની શરૂઆતમાં માણસને મૂંઝવણ લાગે છે. જેવો મૌનનો આરંભ થાય છે કે તુરત જ મનમાં કેટલીય વાતો ઊભરાવા લાગે છે. પણ સાધક જો મૌન ઉપર અડગ રહે તો ધીમે ધીમે વિચારોનું શમન થવા લાગે છે. વાસ્તવિકતામાં મૌનની આરાધનાની અંતર્ગત વિચારોનું મૌન આવી જ જાય છે. પણ સંવરની સાધના કરતા હોઈએ અને વિચારોને છૂટો દોર આપી દઈએ તો પછી તે સાધના ન રહે. વાગ્સંવરમાં વિચારોનું મૌન ન હોય તો એનો એ અર્થ થયો કે આપણે કર્મના આવવા માટેનો એક દરવાજો બંધ કર્યો પણ પાછળનો બીજો દરવાજો ખોલી આપ્યો જેના દ્વારા કર્મ વગર રોક-ટોક આવતાં જ રહેવાનાં. વાગ્સંવરની અંતર્ગત વિચારોનું પણ મૌન રહેલું છે તે વાત સાધકે ક્યારેય વીસરવાની નથી. જો તે નહિ સધાય તો વાગ્સંવરનો થવો જોઈએ એટલો લાભ સાધકને નહિ થાય અને સાધના કાયકષ્ટના એક પ્રકાર જેવી બની રહેશે.

વાગ્સંવરને સારી રીતે સાધવા માટે હવે આપણે એ વાત વિચારીએ કે આપણને બોલવાનું મન કેમ થાય છે? જો બોલવાનું મન જ ન થાય તો વિચાર પણ ન આવે અને શબ્દનું સર્જન પણ ન થાય. પછી તો સ્વતઃ - આપોઆપ વાગ્સંવર થઈ જાય. આપણે બોલવું પડે છે કારણ કે આપણે શરીરની આવશ્યકતાઓની વખતોવખત પૂર્તિ કરવી પડે છે. શરીરની જરૂરિયાતો જ નહીં પણ તેની સુખ-સુવિધાઓ સાચવવા કે તે પ્રાપ્ત કરવા માટે પણ આપણે વાણીનો વ્યવહાર રાખવો પડે છે. જો આપણી શારીરિક જરૂરિયાતો ઓછી હોય અને તેની સુખ-સુવિધાઓ મર્યાદિત હોય તો આપણે ઓછું બોલવાનું થાય અને તેને કારણે વાગ્સંવર સાધવાનું પણ સરળ બની જાય.

આપણે બોલવાનું-વાણીવ્યવહારનું બીજું પ્રબળ કારણ છે, આપણા પરસ્પરના સંબંધો. આપણે સંસારની વચ્ચે રહીને જીવવાનું હોય છે. જીવવા માટે પરસ્પર સંબંધો રાખવાની પણ જરૂર પડે છે. આડોશ-પાડોશમાં બોલ્યા વિના ન ચાલે. નોકરી-ધંધાના સ્થળે બોલ્યા વિના કેમ

રહી શકાય? દિવસ દરમિયાન કયાંક જતાં આવતાં પણ બોલવું પડે, ઘરમાં બહાર બધી જગ્યાએ કેટલાય પ્રશ્નો ઉપસ્થિત થતા રહે છે તેના નિકાલ માટે કેટલાય માણસો સાથે વાણીનો વ્યવહાર રાખવો પડે છે.

આવા વ્યવહાર દરમિયાન આપણે કોઈને કંઈ હંમેશાં કહેતા જ રહીએ છીએ. એ જ રીતે અન્ય લોકો આપણને કંઈ ને કંઈ કહેતા જ રહે છે. કયારેક કોઈનાં વાણી-વર્તન આપણને બરોબર ન લાગે ત્યારે આપણે કોઈને કંઈ કહેવું પડે એ જ રીતે બીજાઓ પણ આપણાં વાણી-વર્તન તરફ પ્રતિક્રિયા કરતાં કંઈ કહેતા જ રહે છે. વાણીનો તો સંસાર છે. વાણી વિના સંસાર નભે નહિ. સંસારમાં રહેવું અને બોલવું નહિ તે પરસ્પર વિરોધી વાતો છે. ગુફામાં વસતા સાધુઓ પણ બોલ્યા વિના રહી શકતા નથી. અને ન બોલે તો છેવટે ઈશારો તો કરીને વાત સમજાવે છે. અરે, ઘણા લોકો તો એકલા એકલા પણ બોલતા રહે છે.

આ સ્થિતિમાં બોલવાનું સદંતર બંધ કરવું મુશ્કેલ છે પણ આપણે એટલું તો કરી શકીએ કે જરૂર પડતું જ બોલીએ, ગમે-તેમ બોલ બોલ ન કરીએ. વાણીને બિનજરૂરી કામે વેડફીએ નહિ તો પણ વાગ્સંવરની સાધના થતી રહે. પણ તે માટે આવશ્યક વાત એટલી છે કે વાણીનો આ રીતનો સંવર સભાનતાપૂર્વકનો થવો જોઈએ અને તે તે માટે મનમાં આરાધનાનો ભાવ રહેવો જોઈએ. સંયમના ભાવ વિના સાધના ન થાય.

વાગ્સંવર કરવાનો એ અર્થ નથી કે આપણે આખો દિવસ મૌન જ રહીએ. આપણે મૌનને મહત્ત્વ આપીને તેને આરાધનામાં સ્થાન આપીએ તો પણ ઘણું છે. આપણે એવું કરી શકીએ કે તિથિને દિવસે મૌન રાખીએ. તિથિનો દિવસ ન સચવાય તેમ હોય તો અનુકૂળ દિવસ જોઈને મૌનની આરાધના કરીએ. જો આખા દિવસની મૌન આરાધના મુશ્કેલ લાગે તો દિવસના અમુક ભાગમાં અમુક કલાકો માટે મૌન રાખીએ તો પણ તે વાગ્સંવરની સાધના બની રહે પણ તે માટે મનમાં ભાવ આરાધનાનો હોવો જોઈએ.

ભલે અનુકૂળતા પ્રમાણે આરાધના કરીએ પણ એ કયારેય ન ભૂલવું કે વાણીની સાથે મનનું-વિચારોનું મૌન રાખવું આવશ્યક છે. પૂર્ણતયા એમ

ન થઈ શકે તો પણ એ માટેનો પ્રયાસ તો હોવો જ જોઈએ. વિચારનું મૌન જેટલું વધારે હશે તેટલો વાગ્સંવર વધારે થશે.

વાસ્તવિકતામાં વાગ્સંવર સાથે મનની ગુપ્તિ પણ સંલગ્ન છે. મનને ગોપવ્યા વિના-વિચારોનો સંયમ કર્યા વિના કેવળ વાણીવ્યવહાર રોકાયો હશે તો તેનો થોડોક લાભ મળશે. એટલો વખત થોડીક શાન્તિ રહેશે તનાવ ઓછો વર્તાશે. પરસ્પરના સંબંધો ઉપર શાન્તિથી વિચાર કરતા રહેવાશે પણ આ આપણી સાધનાનું લક્ષ્ય નથી. આપણી સાધનાનું લક્ષ્ય છે આત્માની અનંત સંપદાઓનો આર્વિભાવ.

ગૌતમસ્વામી એક વાર ભગવાનને પૂછે છે : ભંતે ! મૌનથી જીવને શું લાભ થાય? મૌનની નિષ્પત્તિમાં શું છે?

ભગવાન કહે છેઃ વચનગુપ્તિથી માણસ નિર્વિચારિતા પ્રાપ્ત કરે છે. તેના વિચારો સમાપ્ત થઈ જાય છે.

વચનગુપ્તિ અને નિર્વિચારિતાને ગાઢ સંબંધ છે. સ્થૂળ ભૂમિકા ઉપર પણ મૌનના ઘણા લાભ છે પણ મૌનનો મોટો લાભ છે વિચારોનું વિસર્જન-વિચારોનું નિરસન. મૌનનો વાસ્તવિક અર્થ છે અંતર્જલ્પ અને બહિર્જલ્પ બંનેનો સંયમ. બહાર વાણીથી મૌન અને અંદર વિચારથી પણ મૌન. શબ્દના સર્વથા અપ્રયોગ સાથે વિચારોનું પણ મૌન પ્રવર્તે ત્યારે જ તાત્ત્વિક અર્થમાં વાગ્સંવર થાય. વાગ્સંવરની વિશિષ્ટતા એ છે કે તેની શરૂઆત બહારથી થાય છે અને તે પૂર્ણ થાય છે અંદર જઈને. વાગ્સંવરનો બીજો એક મોટો લાભ એ છે કે તેનાથી પ્રાણશક્તિનું સંવર્ધન થાય છે કારણ કે આપણે જ્યારે બોલીએ છીએ ત્યારે આપણી ઘણી શક્તિ તેની સાથે બહાર વહી જતી હોય છે. વિચારમાં પણ પ્રાણશક્તિ વપરાતી હોય છે. વિચારોનું મૌન કે અલ્પતા સધાતાં તે પ્રાણશક્તિનો પણ ઘણો બચાવ થાય છે. બચેલી-સચવાયેલી આ પ્રાણશક્તિ આપણને સાધનામાં ઘણી ઉપયોગી થઈ પડે છે.

ભગવાન મહાવીર તેમના સાધના કાળમાં પૂર્ણતયા વાગ્સંવર કરતા હતા, તો આજે આપણે તેને અંશતઃ તો સાધતા રહીએ.

મનનો સંવર :

મહાવીરના સાધનામાર્ગની ચર્ચામાં આપણે હવે મનના સંવર વિશે વિચાર કરીએ. જીવને અનંત અવ્યાબાધ સુખ મેળવવાની આડે કર્મ આવે છે. આ કર્મનો આશ્રવ મન-વચન અને કાયાના યોગ દ્વારા થાય છે. આ ત્રણમાં સ્થૂળ રીતે શરીર પ્રથમ આવે કારણ કે મન અને વાણી બંને તેને આધારે છે. પણ મહત્ત્વની દૃષ્ટિએ મન આવે છે કારણ કે શરીર અને વાણીનું સંચાલક બળ મન જ છે. મન જ શરીરને થતાં સંવેદનો ઝીલે છે અને મન જ શરીર અને વાણીને કાર્ય કરવા પ્રેરે છે. આમ મનના સંવરનું મહત્ત્વ વધી જાય છે. હવે જો આપણે મનનો સંવર કરવો હોય તો મનને સમજવું પડશે.

આપણે જીવંત છીએ તેની પ્રતીતિ કરાવનાર ત્રણ વસ્તુઓ મુખ્ય છેઃ શરીર, વાણી અને મન. આ ત્રણેય વસ્તુઓ અચેતન છે, પણ આપણી ચેતના પ્રગટ થાય છે આ ત્રણ દ્વારા. આપણી ચેતનાને પ્રગટ થવાનું પ્રબળ માધ્યમ મન છે. સુખ-દુઃખની પ્રતીતિ આપણને મન દ્વારા જ થાય છે. આમ જોઈએ તો મન છે અચેતન પણ ધબકે છે આપણી અંદરથી આવતી પ્રાણધારાને કારણે. આ પ્રાણધારા આપણા સૂક્ષ્મ શરીર - તૈજસ શરીરમાંથી આવે છે અને તૈજસ શરીર કર્મશરીરને આશ્રિત છે.

તૈજસ શરીરમાંથી આવતી પ્રાણધારા દસ રીતે વિભાજિત થઈને આપણા સ્થૂળ શરીર-ઔદરિક શરીરમાં વહે છે. આ દસ ધારાઓ છે : પાંચ ઈન્દ્રિયો, મન-વચન અને કાયા, શ્વાસ અને આયુષ્ય. શ્વાસ આપણા જીવનને ટકાવી રાખે છે તેથી તેનું મહત્ત્વ સૌથી વધારે છે. આપણું આયુષ્ય શ્વાસ ઉપર નિર્ભર રહે છે. જીવ જ્યારે શરીર છોડે છે ત્યારે શ્વાસ બંધ થઈ જાય છે અને તેની સાથે આયુષ્ય - પ્રાણની ધારા પણ વિરમી જાય છે. માણસના મૃત્યુ માટે વ્યવહારમાં જે એમ બોલાય છે કે પ્રાણ ગયો તે આ કારણે. શરીરમાંથી પ્રાણની ધારા લુપ્ત થતાં આખા શરીરની જીવંતતા ચાલી જાય છે.

આપણે મનનો સંવર કરવા માટે મનને રોકવું પડે. મનને રોકવા માટે આપણે મન કેવી રીતે કાર્ય કરે છે તે વાત સમજવી પડશે. વાસ્તવિકતામાં

મનનું સ્વતંત્ર અસ્તિત્વ જ નથી. મન પળે પળે થાય છે અને વિરમે છે મન સક્રિય થવા માટે કે ઉત્પન્ન થવા માટે આકાશમાંથી મનોવર્ગણાઓના પરમાણુઓ ગ્રહણ કરે છે અને તેનું કાર્ય પૂર્ણ થતાં તે પરમાણુઓને છોડી દે છે. આ કાર્ય તે અંદરથી આવતી પ્રાણધારાને કારણે કરી શકે છે. જો કોઈ કારણસર આ પ્રાણધારા લુપ્ત થઈ જાય – અટકી જાય તો મનનું થવું અને વિરમવું બંધ થઈ જાય.

હવે પ્રશ્ન આવે કે મનને થવું કેમ પડે છે? મનને થવાનાં બે કારણો છે :

ઈન્દ્રિયસ્તરની ચેતનાને જે કંઈ અનુભવ થાય છે તે મનને પહોંચે છે અને મન મસ્તક દ્વારા તેને કર્મશરીરમાં પહોંચાડે છે. ત્યાં જીવ તેનું સંવેદન કરે છે. આ સંવેદનની જીવ જે પ્રતિક્રિયા કરે છે તે મન ઝીલે છે અને જે તે ઈન્દ્રિયોને તે પ્રમાણે વર્તવાનું મન સૂચન કરે છે. દરમિયાન પ્રતિક્રિયાના જે સંકેતો છે તે મસ્તક ઉપર અંકિત થઈ જાય છે જેની સ્મૃતિ બંધાઈ જાય છે. મન સ્વયં કંઈ સંગ્રહ કરતું નથી. તેનું કાર્ય સંકેતોને ઝીલવાનું અને યથા-તથા સ્થાને પહોંચતા કરવાનું હોય છે જેને કારણે મનને થવું પડે છે. આ કાર્ય પૂરું થતાંની સાથે મન વિરમી જાય છે. દરમિયાન આ આખીય પ્રક્રિયા મસ્તકમાં અંકિત થઈ જાય છે જે આજીવન સંઘરાઈ રહે છે. મસ્તકમાં અંકિત થયેલા સંસ્કારોને આધારે જીવ મનની સહાયથી ભૂતકાળને યાદ કરી શકે છે અને ભાવિની કલ્પના પણ કરી શકે છે. સ્મૃતિ અને કલ્પના બંને કરવા માટે જીવને મનની સહાય જ લેવી પડે છે. આમ મન જીવનભર કામ કરતું જ રહે છે. મનને (જીવને) સ્વભાવથી જ ભૂતકાળમાં ભમવું અને ભાવિની કલ્પનામાં રાચવું ગમે છે.

આપણે અહીં એ વાતે સ્પષ્ટ થઈ જવાની જરૂર છે કે જીવનું એક પણ સંવેદન કે ક્રિયા-પ્રતિક્રિયા એવી નથી કે જેના સંસ્કારો કર્મશરીરમાં ન ઝિલાયા હોય. મસ્તક તો આ જીવનના શરીર સાથે સંલગ્ન છે તે કેવળ આ જન્મના સંસ્કારોને ઝીલીને સંગ્રહી શકે છે અને તેની મર્યાદામાં રહીને તે અમુક કાર્ય કરી શકે છે. જ્યારે કર્મશરીરમાં તો જન્મોજન્મના સંસ્કારો અંકિત થયેલા પડ્યા હોય છે જેની આપણા જીવન ઉપર ઘણી અસર પડતી હોય છે. આપણાં ઘણાં કાર્યો ગતજન્મોના સંસ્કારોને કારણે પણ

થતાં હોય છે. આ માટે કર્મશરીરમાંથી આવતા સંકેતોને પણ મન ઝીલે છે. અને તે સંકેતોના આદેશ પ્રમાણે મન વર્તે છે આમ મનને જીવનમાં પળનોય વિશ્રામ મળતો નથી. તેથી કહેવાય છે કે મન સ્વભાવે જ ચંચળ છે. તેને વિશ્રામ પસંદ નથી. તેથી જ્યારે મનને વિશ્રામ આપવાની જરૂર પડે છે ત્યારે ડોક્ટરો તેને દવા આપીને સૂવાડી દે છે. વળી શરીરનું તંત્ર જ એવું છે કે મન વેદનાનો ભાર ઝીલી શકે તેમ ન હોય ત્યારે તે સ્વયં નિષ્ક્રિય થઈ જાય છે – નિઃશ્ચેતન બની જાય છે. પણ આ અવસ્થાને સંવર કહી શકાય નહિ. મન જાગતું હોય પણ જીવ પુરુષાર્થ કરી તેની સક્રિયતા ઓછી કરી દે ત્યારે તેને સંવર કહી શકાય.

સ્વાભાવિક છે કે કોઈને પ્રશ્ન થાય કે આ શરીરમાં મન વસે છે ક્યાં ? એક રીતે મનનું કોઈ નિશ્ચિત સ્થાન જ નથી. પણ તેની અભિવ્યક્તિ મસ્તક દ્વારા વધારે થાય છે. તેથી આપણને લાગે કે તેનું સ્થાન મસ્તકમાં હશે પણ સમસ્ત શરીરમાં કંઈ થાય છે ત્યારે તેનું સંવેદન આપણને મન દ્વારા થાય છે. તેથી આપણને એમ પણ લાગે કે મન જ્ઞાનતંતુઓની જાળ દ્વારા સમસ્ત શરીરમાં વ્યાપીને રહેલ છે. વાસ્તવિકતામાં મનનું અસ્તિત્ત્વ જ કાયમી નથી. પળે પળે તે થતું રહે છે અને મિટતું રહે છે. તેને લીધે પ્રવાહથી આપણને તેનું અસ્તિત્વ કાયમ વર્તાતું રહે છે. બાકી શરીરનું ડિસેક્શન કરીને મનનું સ્થાન શોધવા જઈએ તો આપણને ક્યાંય મન જોવા ન મળે.

વાસ્તવિકતામાં મન એક પ્રાણધારા છે જે સમસ્ત શરીરમાં વ્યાપીને રહેલી છે અને એ પ્રાણધારા જ અમુક રીતે કાર્યાન્વિત થાય છે ત્યારે તે મનનું સ્વરૂપ ધારણ કરે છે અને તે સતત વહેતી હોવાનો કારણે આપણે તેનું સ્વતંત્ર અસ્તિત્વ માનતા આવ્યા છીએ. બાકી તે મસ્તકમાં રહેતા કોષો દ્વારા તેનું કાર્ય કરતી રહે છે.

વાસ્તવિકતામાં મન-બુદ્ધિ અને ચિત્ત એ બધાં ચેતનાનાં જુદાં-જુદાં સ્તરો છે તેને અલગ પાડીને ઓળખવાનું મુશ્કેલ તો શું પણ અશક્ય છે.

તે સંબંધે આપણે એમ કહી શકીએ કે મનચેતના વધારે તરલ છે બુદ્ધિની ચેતના તેની સરખામણીમાં જરા સઘન છે તે વિવેક ચેતના છે

અને તે જીવનભર સાથ આપે છે. બુદ્ધિનું સ્થાન મનની ઉપર ગણી શકાય. બુદ્ધિની ઉપર ચિત્ત છે જે ચેતનાની અતિ નિકટનું સ્તર છે. ચિત્ત તો જીવંતતાના પર્યાય જેવું છે. તે સંવેદન ચેતના છે અને જ્ઞાનચેતના પણ છે. ચેતનાનાં આ બધાં સ્તરો પ્રાણની ધારાથી ધબકે છે. પ્રાણધારા જ્યારે અટકી જાય છે ત્યારે આ બધાં સ્તરો લુપ્ત થઈ જાય છે. ત્યાર પછી રહે છે કર્મથી આવૃત જીવ જે ભવાંતરમાં ગતિ કરે છે. જ્યારે જીવાત્મા પૂર્ણતયા કર્મરહિત થઈ જાય છે ત્યારે વિલસે છે કેવળ શુદ્ધ ચૈતન્ય જેનો આર્વિભાવ આપણી સકળ સાધનાનું લક્ષ્ય છે.

કેટલાક ધર્મોમાં મનને જ બંધન અને મોક્ષનું કારણ માન્યું છે પણ આ વાત અપેક્ષાએ કહેવાઈ હોય એમ લાગે છે. બાકી જેનું કાયમી અસ્તિત્વ જ નથી તે કોઈ વસ્તુનું કારણ કેવી રીતે બની શકે? ખરેખર તો આ વાત બહુજન સમાજને સરળતાથી સમજાવા માટે કહેવાયેલી હશે કારણ કે મન, બુદ્ધિ અને ચિત્તને અલગ પાડીને જીવાત્માના બંધન અને મોક્ષની વાત કરવાનું કે મૂકવાનું એટલું સરળ નથી. જો વાતના હાર્દમાં જઈએ તો જીવના બંધન અને મોક્ષનું કારણ કષાયો છે જેનું અસ્તિત્વ પરોક્ષ છે, કર્મશરીરમાં છે. જ્યારે મન પ્રત્યક્ષ લાગે છે તેથી ઉપચારથી મનને બંધન અને મોક્ષનું કારણ કહેવામાં આવ્યું હશે એમ લાગે છે.

જો ચર્ચાની સમાલોચના કરીએ તો મન એ કોઈ સ્થાયી તત્ત્વ નથી. મનનું સતત સર્જન-વિસર્જન થતું રહે છે તેથી તેનું અસ્તિત્વ આપણને કાયમ વર્તાય છે. વાસ્તવિકતામાં તે પ્રવાહથી વિશેષ નથી. તેમ છતાંય તે કર્મના આશ્રવનું મોટું દ્વાર છે કારણ કે સમસ્ત શરીરનું સંચાલન તેના દ્વારા પ્રત્યક્ષ રીતે થતું જ રહે છે. કર્મબંધનાં કારણોમાં જે ત્રણ યોગો રહેલા છે તેમાં મન જ પ્રબળ યોગ છે, માટે તેનો સંવર ઘણો મહત્ત્વનો છે. મનનો સંવર કરવો હોય તો આપણે મનના પ્રવાહને રોકવો પડે. મનના પળે પળે થતા સર્જન વિસર્જનની પ્રક્રિયાને રોકવી પડે જે સર્વથા અશક્ય છે પણ આપણે પુરુષાર્થથી તેને ક્ષીણ કરી શકીએ, તેના વેગને ઓછો કરી શકીએ.

મનનો પ્રવાહ જેટલો વેગવંત તેટલું મન વધારે ચંચળ. મન જેટલું વધારે ચંચળ તેટલું તે વધારે કર્મ ગ્રહણ કરે. મનને ચંચળ કરનાર કષાયો

છે બાકી મન તો અંદરથી આવતા આદેશોનું પાલન કરે છે. આ આદેશો કર્મ શરીરમાંથી આવે છે જે કષાયોથી રંજિત થયેલું હોય છે. જો કષાયો પાતળા પડે તો મન ઓછા ઉધામા કરે. મન જો શાન્ત રહે તો કર્મનો આશ્રવ ઓછો થાય. સ્વભાવે ચંચળ એવા મનને રોકવાનું કામ દુષ્કર છે એ વાત ખરી પણ તે થાય ત્યારે જ સાધના થાય. આ દુષ્કર કાર્ય કેવી રીતે થાય તેનો આપણે આગળ વિચાર કરીએ.

કર્મબંધનાં ત્રણ દ્વારોમાં મનોયોગ એ મોટામાં મોટું દ્વાર છે પરંતુ તેને સદંતર બંધ કરવાનું શક્ય નથી મનનો પૂર્ણતયા સંવર કરવો એટલે મનની નિષ્પત્તિ જ ન થાય જે અશક્ય છે. મન કયારેય મરતું નથી. કેટલાક ધર્મપુરુષોએ મનના વિલયની વાત કરી છે પણ તે વાસ્તવિકતામાં શકય નથી. જેનું સ્થાયી અસ્તિત્વ જ નથી, જેનું પળે પળે સ્વયં વિસર્જન થતું રહે છે તેનો વિલય કેવી રીતે થાય? બાકી મનમાં જ્યારે કોઈ વિચાર જ ન આવે ત્યારે તેને મનનો વિલય કહેવો હોય તો કહી શકાય. બાકી જ્યાં સુધી માણસ જીવે છે ત્યાં સુધી મન થતું જ રહેવાનું. મનને ઉત્પન્ન કરનાર પ્રાણધારા છે અને માણસ જીવે ત્યાં સુધી તેનામાં પ્રાણધારા વહેતી જ રહે છે. અરે, કેવળી ભગવંતોને પણ જીવે ત્યાં સુધી દ્રવ્યમન રહે છે. અલબત્ત તેમને ભાવમન ન હોય.

મનના સંવરમાં જે વાત છે તે મનને ન થવા દેવાની વાત નથી પણ **મનને કલુષિત કરનાર વૃત્તિઓનો સંયમ કરવાની વાત છે.** જીવમાં કેટલીક વૃત્તિઓ જન્મજાત હોય છે જેને સંજ્ઞાઓ કહે છે. શાસ્ત્રોમાં તેનું દસ ભાગમાં વિભાજન કરીને ઓળખવામાં આવે છે. આ દસ સંજ્ઞાઓ છે : ક્રોધ, માન, માયા, લોભ, આહાર, ભય, મૈથુન, પરિગ્રહ, ઓઘ અને લોકસંજ્ઞા. આ દસ સંજ્ઞાઓને કારણે મનનો પ્રવાહ કલુષિત થતો રહે છે.

ચેતનાનાં બે સ્તરો છે : એક છે જ્ઞાનનું સ્તર, બીજું છે વેદનનું સ્તર. સંવેદન અનુકૂળ પણ હોય અને પ્રતિકૂળ પણ હોય. વેદન કરનારી ચેતનાને પ્રવાહપાતી ચેતના કહે છે કારણ કે તેની સાથે આપણે નિરંતર વહ્યા કરીએ છીએ. આપણે વેદનાના સ્તર ઉપર વધારે જીવીએ છીએ જેથી આપણું મોટા ભાગનું જીવન પ્રતિક્રિયા ઉપર નિર્ભર રહે છે. આપણે

વિધાયક ક્રિયા પ્રમાણમાં ઓછી કરીએ છીએ. પ્રવૃત્તિઓના સ્તર ઉપરનું જીવન એટલે વેદનના સ્તર ઉપરનું જીવન. સંવરમાં આપણે વેદન ઓછું કરવાનું હોય છે. જેટલે અંશે આપણે જ્ઞાનના સ્તરની ચેતના ઉપર જીવીશું તેટલે અંશે મનનો સંવર થતો રહેશે.

મનમાં ઊઠતી વૃત્તિઓનો એટલો દોષ નથી પણ તેને આધીન થવામાં દોષ વધારે છે, જેને લીધે મન વગોવાય છે. બાકી સંવરમાં મનને જ થવા ન દેવું એ વાત નથી. આપણે મનની સામે જે વાંધો છે તે વૃત્તિઓનો - તેની કલુષિત વૃત્તિઓનો. મન તો ઉત્પન્ન થતું જ રહેવાનું પણ જો તેની ધારા શુદ્ધ રહે તો મનનો સંવર જ થાય.

વાતનું તાત્પર્ય એ છે કે પ્રાણ વિના મન ઉત્પન્ન ન થઈ શકે અને વૃત્તિઓ વિના મન ટકી શકે નહીં. મનના સંવરમાં મનમાં ઊઠતી વૃત્તિઓનું શુદ્ધીકરણ કરવાનું છે. જેમ જેમ મન શુદ્ધ થતું જાય છે તેમ તેમ મનની ચંચળતા ઘટતી જાય છે અને સંવર સધાતો જાય છે. આપણે મનનો વિલય કરવાનો નથી પણ મનને સક્રિય કરનાર - ઉત્તેજિત કરનાર વૃત્તિઓનો વિલય કરવાનો છે.

આ વૃત્તિઓનું નિરસન એ સાધનાનો માર્ગ છે. વૃત્તિઓનું નિરસન કરવું હોય તો કષાયોને સમાપ્ત કરવા જોઈએ. આ કાર્ય એટલું મુશ્કેલ નથી. જ્ઞાનના સ્તર ઉપર જીવવાથી કષાયો પાતળા પડતા જાય છે અને સંવર સહજ સધાતો રહે છે. **જ્ઞાની જાણે છે બધું પણ તેનું વેદન કરતો નથી. અજ્ઞાની કે અલ્પજ્ઞાની જાણે છે ઓછું પણ તેનું વેદન ઘણું કરે છે.** મનના સંવરમાં મૂળ વાત છે જ્ઞાનચેતના જગાવવાની અને વેદનની ચેતનાને સુવાડવાની.

શ્વાસસંવર :

કષાયો અલ્પ કરીને - પાતળા પાડીને વૃત્તિઓને સંયમમાં રાખીને જે સંવર સધાય છે તે માટે આંતરિક પુરુષાર્થ કરવો પડે છે; પરંતુ કષાયજનિત નિમિત્તોથી દૂર રહેવા માટે બાહ્ય પુરુષાર્થ કરવો પડે છે. તદુપરાંત બીજો પણ એક માર્ગ મનનો સંવર કરવાનો છે અને તે છે શ્વાસસંવરનો. શ્વાસ

મન સાથે ગાઢ રીતે સંકળાયેલ છે. જેનામાં આવેગો વધારે તેનો શ્વાસ અનિયમિત હોય છે અને વેગથી ચાલતો રહે છે. સંયમી માણસનો શ્વાસ શાંત અને દીર્ઘ હોય છે.

શ્વાસનો સંવર કરીને મનને નિયંત્રણમાં રાખવાની પદ્ધતિ બૌદ્ધ ધર્મે વધારે વિકસાવી હતી. તેમની સાધનાપદ્ધતિમાં શ્વાસને ફક્ત જોયા કરવાની જે વિધિ છે તેને આનાપાન સતી કહે છે. શ્વાસ એ એવું માધ્યમ છે જેના ઉપર આપણને રાગ કે દ્વેષ થતો નથી. આપણે જો એક આસને સ્થિર થઈને શ્વાસને કેવળ જતો આવતો જોયા કરીશું તો ધીમે ધીમે ચિત્ત શાંત થતું જશે.

શરૂઆતમાં વિચારો આવશે પણ સાધના ચાલુ રાખતાં વિચારોનાં વમળો શમી જશે અને મન શાંત થઈ જશે. મન શાંત થતાં વૃત્તિઓ શમવા માંડશે અને કષાયો મંદ પડતા જશે - આમ સંવર સધાતો જશે.

શ્વાસને શરીર સાથે પણ સંબંધ છે. જો શ્વાસ શાંત હશે તો શરીર પણ સ્વસ્થ અને તનાવરહિત થઈ જશે. આ રીતે શ્વાસનો સંવર તન અને મન બંનેની ચંચળતાને ઓછી કરવામાં ઘણો સહાયભૂત નીવડે છે. બૌદ્ધ ધ્યાન પદ્ધતિમાં શ્વાસને જોવો એ પ્રથમ ચરણ છે.

જૈન ધર્મમાં શ્વાસના જોવાની વાત ઉપર એટલો ભાર મૂકવામાં આવ્યો નથી પણ ધર્મનાં જે અનુષ્ઠાનો બતાવ્યાં છે તેમાં શ્વાસ સહેજેય સધાઈ જાય છે. કાયોત્સર્ગને તો શ્વાસ પ્રમાણ કરવાની વિધિ છે. **આચાર્ય કુન્દકુન્દે** કહ્યું છે કે આસનવિજય, નિદ્રાવિજય અને આહારવિજય મહાવીરની સાધનાપદ્ધતિના મૂળમાં છે. જેની અંતર્ગત શ્વાસસંવર સ્વયં સધાતો જ રહે છે. ભગવાને તેમની સાધના પદ્ધતિમાં મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિને ખૂબ મહત્ત્વ આપ્યું છે. આ ત્રણેય ગુપ્તિની સાધના થતાં શ્વાસ આપોઆપ સધાઈ જાય છે. શ્વાસ શાંત થતાં, મન શાંત થવા લાગે છે અને કષાયો મંદ પડે છે.

સાધના માટે જે યોગો પ્રચલિત છે તેમાં હઠયોગ, રાજયોગ, જ્ઞાનયોગ, ભક્તિયોગ અને કર્મયોગ છે. યોગો ભિન્ન છે. પણ તેમનું લક્ષ્ય એક છે અને દરેકમાં સંવર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલો છે. હઠયોગમાં પ્રાણ

અને અપાનના મિલનની વાત છે. રાજયોગમાં મુખ્યતા મન અને આત્માની છે. એમાં મનોજય કરીને આત્મદર્શનની વાત છે. જ્ઞાનયોગમાં આત્મજ્ઞાનની જ મહત્તા આંકવામાં આવી છે. આત્માને જે જાણે છે તે મનોજય કરી શકે છે. ભક્તિયોગમાં પરમાત્મા સાથે તન્મયતાની વાત છે. જેમાં અહં અને મન ઓગળી જાય છે અને પરમાત્મા સાથે અભેદ સધાય છે. સ્વની વિસ્મૃતિ થયા પછી મનનું અસ્તિત્વ જ ક્યાં રહ્યું? મન શાંત થયું એટલે સ્મૃતિ કલ્પના બધું શાંત થઈ ગયું. કર્મયોગમાં પ્રવૃત્તિ છે. પણ કરનાર તેનાથી તદ્દન અલિપ્ત રહે છે. ત્યાં વિલસે છે કેવળ જ્ઞાતા-દ્રષ્ટાભાવ. આ ભાવ પ્રવર્તતાં મનનો વિલય થઈ જાય છે. આમ સાધના માટેના પ્રચલિત યોગોની અંતર્ગત મનના સંવરની વાત આવી જ જાય છે. મહાવીરે તેમની સાધના પદ્ધતિમાં આ બધા યોગો જુદી જુદી રીતે સમાવિષ્ટ કરીને સર્વાંગે સંપૂર્ણ સાધના પદ્ધતિ વિકસાવી છે. તેનો જો લાભ લઈશું તો આપણું જીવન સાર્થક થઈ જશે.

---

૭. બંધ અને નિર્જરા

મહાવીરની સાધના એટલે કર્મના સંવરની અને નિર્જરાની સાધના. એમાંય વિશેષ તો તે સંવરની સાધના છે. ભગવાનના સાધનામાર્ગમાં સંવર અને નિર્જરા સાથે બોલાય છે. પણ સંવર સધાતાં નિર્જરા તો આપોઆપ થવા માંડે છે. જેમ કે રાગ અને દ્વેષ સાથે બોલાય છે પણ તેમાં રાગ જ મહત્ત્વનો છે. દ્વેષ આપણને ઘણો પીડે છે પણ રાગ વિના દ્વેષ થતો નથી. આપણું સમસ્ત જીવન કર્મને કારણે છે. આપણા જન્મ અને મૃત્યુ ઉપર પણ આપણા કર્મનો જ પ્રભાવ પડતો હોય છે. જન્મ થાય ત્યારથી મૃત્યુ પર્યંત આપણે પળે-પળે આઠ કર્મ ભોગવતા રહીએ છીએ અને સાત કર્મ બાંધતા હોઈએ છીએ. સાત એટલા માટે કે આયુષ્ય કર્મ જીવનમાં એક જ વાર બંધાય છે. એનો અર્થ એ થયો કે જીવનની પળે-પળે આપણાં આઠ પ્રકારનાં કર્મોની નિર્જરા થતી રહે છે અને આયુષ્ય કર્મ સિવાયનાં સાત પ્રકારનાં કર્મનો આશ્રવ થતો રહે છે.

ભગવાન મહાવીરના સમસ્ત તત્ત્વજ્ઞાનનો પાયો કર્મ ઉપર છે. આપણે સુખી કે દુઃખી છીએ - જેવા છીએ તે કર્મને કારણે છીએ. જીવ જો કર્મથી રહિત થઈ જાય તો તે જન્મ-મરણના ફેરામાંથી કાયમ માટે ઊગરી જાય અને આત્માની સહજ પ્રાપ્ત અનંત સંપદાઓને ભોગવી શકે. તેથી જૈન ધર્મનું સારસૂત્ર છે : કર્મને આવતાં રોકો અને સંચિત થયેલાં - ભેગાં થયેલાં કર્મને કાઢો - ખંખેરી નાખો. ભગવાનની સાધનાના હાર્દમાં જઈએ તો તેનો ભાર સંવર ઉપર જ વધારે છે. નિર્જરા સહજ છે એટલું જ નહીં, પણ તે કંઈ ન કરો તો પણ થતી જ રહે છે. તેમ છતાંય નિર્જરાની સાધનાની અવગણના થઈ શકે તેમ નથી કારણ કે જીવ સાથે અનંત જન્મોનાં કર્મ પડેલાં છે અને તે બધાં ભોગવટો કરીને ખપાવવાનાં હોય તો જન્મોના જન્મો નીકળી જાય તો પણ તેનો પાર ન આવે. તેથી ધર્મમાં સંવર સાથે નિર્જરાને લક્ષમાં રાખીને સાધના કરવાનું વિધાન છે. સાધકે

એટલું તો અવશ્ય ધ્યાન રાખવું જ પડે કે જેટલાં કર્મની નિર્જરા થાય તેનાથી વધારે કર્મનો આશ્રવ તો ન જ થાય. જીવનમાં આટલુંય સધાય તો કોઈક જન્મે જીવ ગંતવ્ય સ્થાને પહોંચી જાય અને તેને મુકામ મળી રહે.

આપણે આગળ ઉપર કર્મના સંવરની સાધના વિશે વિગતે વિચાર કર્યો તે રીતે જો ભાવ સહિત સંવર સધાતો રહે તો તેની સાથે કર્મની નિર્જરા પણ થતી જ રહેવાની. તેમ છતાંય શીઘ્રતાથી અને થોકબંધ કર્મની નિર્જરા કેવી રીતે થાય તેના ઉપર વિચાર કરીએ. બાકી મહાવીરના સાધનામાર્ગના પ્રત્યેક અનુષ્ઠાનની અંતર્ગત એક કે બીજી રીતે નિર્જરા રહેલી જ છે.

કેવળ નિર્જરાને અનુલક્ષીને સાધના કરવી હોય તો પણ સૌ પહેલાં કર્મબંધનો વિચાર કરવો પડશે. કર્મબંધનું જ્ઞાન હશે તો જ કર્મની નિર્જરા કરવાનું - કર્મને ખસેડવાનું કે ખપાવવાનું સરળ રહેશે. કર્મબંધનાં પાંચ કારણો છે : મિથ્યાત્વ, બીજું છે અવિરતિ, ત્રીજું છે કષાય, ચોથું યોગ અને પાંચમું પ્રમાદ - જાગરૂકતાનો અભાવ.

મિથ્યાત્વ :

જીવ જાણતાં-અજાણતાં જીવનમાં અનર્ગળ કર્મોનો બંધ કરતો રહે છે. તેનું એક પ્રબળ કારણ એ છે કે તેને જીવવા માટે કર્મ કરવાં જ પડે છે. પણ જો જીવને ખબર હોય કે તેના સુખ-દુઃખનું કારણ કર્મ છે અને જેટલાં કર્મ વધારે એટલો સંસાર વધવાનો તો તે કર્મનો સંયમ કરે, જરૂર વગરનાં કર્મ કરતાં અટકે અને જે કંઈ કર્મ કરવાં પડે તે મજબૂરીથી કરે - સંતાપ સાથે કરે. સંસારમાં બહુ ઓછા માણસોને એ ખબર હોય છે કે કર્મને કારણે જીવને જન્મ-મરણ કરતા જ રહેવું પડે છે અને જો તે કર્મનો સંયમ રાખે તો તેનો ઘણો સંસાર કપાઈ જાય. જો આ વાત જૈન ધર્મના પારિભાષિક શબ્દોમાં કહીએ તો જ્યાં સુધી જીવને સમ્યગ્દર્શન નથી થયું હતું ત્યાં સુધી તેને સંસાર પ્રિય લાગે છે અને હોંશે હોંશે કર્મ કરતો રહે છે.

સમ્યગ્દર્શન એટલે વસ્તુ જે સ્વરૂપે છે તે સ્વરૂપે જોવી. જ્યાં દર્શન જ ખોટું હોય ત્યાં સુધી સાચો માર્ગ પણ ન મળે. જ્યાં સુધી માણસને એ ખ્યાલ નથી આવતો કે તેનાં સર્વ દુઃખોનું કારણ કર્મ છે ત્યાં સુધી તે કર્મનો સંવર કરવાનો કે કર્મની નિર્જરા કરવાનો વિચાર જ નથી કરતો. એક વાર

પણ જો માણસના મનમાં એ વાત ઠસી જાય કે અનંત અવ્યાબાધ સુખ તેનો ગુણ છે - સ્વભાવ છે પણ કર્મને કારણે તેનો તે આવિર્ભાવ કરી શકતો નથી તો પછી તે કર્મના સંવર અને નિર્જરાનો વિચાર કરતો થાય છે અને તેને તે વાતમાં રસ પડે છે.

જ્યાં સુધી માણસના મનમાં એ પ્રશ્ન જ ન ઊઠે કે મારે આમ કેમ થાય છે? મારું ધાર્યું કેમ નથી થતું? મારો પુરુષાર્થ સફળ કેમ નથી થતો અને મારા માર્ગમાં અણધારી મુશ્કેલીઓ ક્યાંથી ઊભી થઈ જાય છે? ત્યાં સુધી સમ્યગ્દર્શન માટેનો માર્ગ મોકળો થતો નથી. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયા વિના જીવને કર્મનો સંવર કરવાનો કે નિર્જરા કરવાનો વિચાર આવતો નથી. જ્યાં સુધી મિથ્યાત્વ ઊભું હોય છે ત્યાં સુધી જીવને કર્મ કઠતાં નથી અને તેને રોકવાનો કે તેને ખપાવવાનો તેને વિચાર જ નથી આવતો. મિથ્યાત્વ છે ત્યાં સુધી જીવનમાં અંધકાર જ છે એમ કહી શકાય. અંધારામાં જીવને સાચા ખોટા માર્ગનું ભાન જ નથી રહેતું.

મિથ્યાત્વ હોય ત્યારે જીવને મેળવવા જેવી વસ્તુઓ મેળવવા જેવી ન લાગે. સુખ-શાંતિ માટે જે વસ્તુઓ છોડવા જેવી હોય તે તેને મેળવવા જેવી લાગે અને તે મેળવવા માટે જીવનભર તેની પાછળ દોડ્યા કરે. એક રીતે **મિથ્યાદર્શન જેવો બીજો કોઈ શાપ નથી.** જીવને સમ્યગ્દર્શન થાય નહીં અર્થાત્ કે જે વસ્તુ જે સ્વરૂપે છે તે સ્વરૂપે દેખાય નહીં ત્યાં સુધી સાધનામાર્ગ તેના હાથમાં આવવાનો જ નથી. માટે જેના માટે આપણને લાગણી હોય તેને સૌપ્રથમ સમ્યગ્દર્શનની વાટે ચઢાવવો જોઈએ. સમ્યગ્દર્શન સાધનાનું પ્રથમ ચરણ છે.

ઘણીવાર જિજ્ઞાસુ વ્યક્તિ સમ્યગ્દર્શનની વાતથી ગભરાઈ જાય છે. પણ તે એવું વિકટ નથી. સમ્યગ્દર્શનના હાર્દમાં એટલી વાત પડેલી છે કે આત્મા અને શરીર ભિન્ન છે. આત્મા કર્મને કારણે સંસારમાં ફસાયેલો છે અને તે જન્મ-મરણ કરતો રહે છે. જો આત્મા એકવાર કર્મરહિત થઈ જાય તો તે અનંત સુખમાં કાયમ માટે સ્થિતિ કરી શકે. ઝાઝું વાંચ્યા-વિચાર્યા વિના જો માણસના દિલમાં આટલી વાત જચી ગયેલી હોય તો તેણે માનવું કે સાધનાનો માર્ગ તેના માટે ખુલ્લો છે. કેટલીય વાર માણસ મોટા મોટા

પારિભાષિક શબ્દોથી ગભરાઈ જાય છે અને માર્ગ ચૂકી જાય છે. સાધનામાં મૂળ વાત છે જાણીને સમજીને ભાવપૂર્વક કર્મનો સંવર કરવાની અને નિર્જરા કરવાની.

અવિરતિ :

કર્મના બંધનું બીજું કારણ છે અવિરતિ. અવિરતિ એટલે સંયમ વિનાનું જીવન. અવિરતિ એ આ યુગનું મોટામાં મોટું દૂષણ છે. પહેલાંના લોકો સમભાવથી વિરતિમાં રહેતા હતા. તેઓ ભદ્રિક-સરળ અને શ્રદ્ધાળુ જીવો હતા. પાસે ગમે તેટલી સંપત્તિ હોય તો પણ તેઓ સાદગીથી જીવતા હતા. તેમના જીવનમાં આરંભ-સમારંભ ઓછા રહેતા. જીવનમાં કંઈ ઉત્સવ પ્રસંગે કરવો પડે તો વ્યવહાર પૂરતો જ થાય અને કેટલીક વાર તો પરમાર્થે જ આરંભ-સમારંભ થતો. આરંભ સમારંભ એ પારિભાષિક શબ્દ છે. મોટા પાયા ઉપર થતી ભોજન વગેરેના સમારંભ માટે તે શબ્દ વપરાય છે. તેને કારણે જીવ અકારણ કેટલાંય કર્મોનો બંધ કરે છે.

અત્યારના લોકોના જીવનની ગાડી તદ્દન ઊંધે પાટે ચાલે છે. વાતે વાતે મિજબાની અને સમારંભ. તેની પાછળનો આશય ભાગ્યે જ શુદ્ધ હોય છે. કંઈ સ્વાર્થ સાધવા માટે તેનું આયોજન થતું હોય છે. છેવટે કંઈ નહીં તો હસી-ખુશી માટે પણ લોકો ભેગા થતા રહે છે. આજનો માણસ પોતાનાથી સંતુષ્ટ રહી શકતો નથી. તે સ્વયં સાથે જીવી શકતો નથી. તે અંદરથી ખાલી હોય છે તેથી તેને જીવવા માટે પણ લોકોનો સંગ જોઈએ છે. માણસ આજે ધર્મનું આલંબન ગુમાવીને એકલો પડી ગયો છે. તેથી એકલતા દૂર કરવા માટે તેને બધાને બોલાવવા પડે છે કે કોઈના ત્યાં જવું પડે છે. આરંભ-સમારંભ કરવાનું બીજું એક કારણ એ છે કે આજના માણસને કોઈ વાતે ધરપત નથી. ગમે તેટલું મળે તો પણ દોડ-દોડ કરતા રહેવાની તેને ટેવ પડી ગઈ છે. આ બધી પ્રવૃત્તિઓ કર્મના બંધનું કારણ બને છે જે તેના પોતાના હિતમાં નથી તે વાત તેને સમજાતી નથી.

વાતનો પાયો મૂળથી જ ખોટો નંખાયો છે કે જેટલી વસ્તુઓ વધારે - સુવિધાઓ વધારે, વ્યવસ્તતા વધારે એટલો માણસ વધારે સુખી અને માનનીય. વાસ્તવિકતામાં વસ્તુઓ જેટલી વધારે તેટલી પ્રવૃત્તિ વધારે.

વસ્તુઓ મેળવતાંય દુઃખ, તેને ભોગવતાં કર્મબંધ અને તેને છોડતાંય દુઃખ. આમ માણસ કર્મના ચક્કરમાં એવો ફસાઈ ગયો છે કે તેને પળવારની શાંતિ મળતી નથી. વાતની વિષમતા એ છે કે તેને આ વાત કઠતી નથી.

કર્મની વાતમાં ઝાઝી સમજ ન પડે તો પણ જો એટલું કરીએ કે સાદાઈથી જીવન જીવીએ, સરળતાથી રહીએ, જરૂર જેટલો જ પરિગ્રહ રાખીએ, દેખાદેખી વ્યવહારમાં તાણાઈએ નહીં તો પણ તે વિરતિ બની જશે અને કેટલાંય કનિષ્ટ કર્મોના બંધથી બચી જઈશું. જેનાથી આત્મિક સુખનો માર્ગ મોકળો થઈ જશે અને આ જીવન પણ પ્રસન્નતાથી ભરાઈ જશે.

કષાય :

કર્મના બંધનું કારણ કષાયો છે. કષાયો સ્વભાવે ચીકણા છે. આકાશમાં એક જ સ્વભાવના અત્યંત સૂક્ષ્મ પરમાણુઓની જે શ્રેણીઓ પ્રવર્તમાન છે તેને વર્ગણા કહે છે. એમાં કર્મ બનવાની ક્ષમતાવાળા સૂક્ષ્મ પરમાણુઓની શ્રેણીને કર્મવર્ગણા કહે છે. કષાયને કારણે તે પરમાણુઓ જીવ તરફ ખેંચાય છે અને જીવ મન-વચન અને કાયાના યોગ દ્વારા તે ગ્રહણ કરે છે. ત્યાર પછી તે કર્મમાં પરિવર્તિત થઈ જાય છે. જો જીવમાં કષાયનાં-રાગદ્વેષનાં પરિણામો ન હોય તો કાર્મણ વર્ગણાના અત્યંત સૂક્ષ્મ પરમાણુઓ જીવને વળગી ન શકે. હવે જો આપણે કર્મથી બચવું હોય તો કષાયથી બચવું જોઈએ. પણ જીવ જન્મે છે ત્યારથી કષાય સાથે લઈને જ આવે છે અને જીવે ત્યાં સુધી તે કષાય કરતો જ રહે છે. આમ જીવ જન્મોજન્મથી કષાયો કરતો આવ્યો છે અને તેને કારણે કર્મ બાંધતો જ રહે છે. આમ જીવ સાથે ભવોભવનાં કર્મો એકત્રિત થયેલાં હોય છે.

જીવ આધ્યાત્મિક રીતે જાગે ત્યારથી કર્મનો સંવર કરવા માટે તત્પર થાય છે. તેથી નવાં કર્મો ઓછાં બંધાય પણ અનેક જન્મોનાં કર્મ જે જીવ સાથે પડેલાં હોય છે તેને ખાલી કર્યા વિના જીવ કર્મરહિત અવસ્થાને પ્રાપ્ત ન કરી શકે. તેથી ભગવાન મહાવીરની સાધનામાં કર્મની નિર્જરા કરવાનું વિધાન છે, આયોજન છે. નિર્જરા કરવી એટલે કર્મશરીરમાં રહેલાં કર્મોને ખંખેરી નાખવાં. પણ જીવ સાથે ચોંટેલાં કર્મો કંઈ એમ ને એમ ખરી નથી

પડતાં. તેને ખંખેરવા માટે જૈન ધર્મમાં તપનું આયોજન કરેલું છે. તપનો શાબ્દિક અર્થ છેઃ તપાવવું. કર્મશરીરને તપાવો એટલે કર્મ તેનાથી છૂટાં પડીને ખરી પડે – આત્માથી અળગાં થઈ જાય. આ માટે જૈન ધર્મમાં બાર પ્રકારના તપનું આયોજન કરવામાં આવ્યું છે. તપનું વિભાજન તો સમજવા માટે અને તપ કરવાની સુવિધા માટે કરવામાં આવેલ છે. બાકી બારેય તપનો આશય કર્મને નિર્જરવાનો છે, જીવને કર્મથી મુક્ત કરવાનો છે.

આ બાર પ્રકારનાં તપ છે : અણશણ; ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયકલેશ (કાયાને કષ્ટ) અને પ્રતિસંલીનતા. આ છ તપને બાહ્ય તપ કહે છે. બાહ્ય તપ મુખ્યત્વે શરીરને લગતાં છે અને તે ખરા તપની અંદર પ્રવેશ કરવા માટેની પૂર્વતૈયારી જેવાં છે. ત્યાર પછી અભ્યંતર તપ આવે છેઃ પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને વ્યૂત્સર્ગ અર્થાત્ કાયોત્સર્ગ.

આપણે ત્યાં આજકાલ બાહ્યતપને ઘણું મહત્ત્વ મળી ગયું છે જેમાં વિવેક રાખવાની જરૂર લાગે છે. કેવળ શરીરને કષ્ટ આપવાથી કર્મની જોઈએ તેવી નિર્જરા નહીં થાય. બાહ્ય તપ એ સ્થૂળ તપ છે. વળી આપણે એવા તપની સાધના કરવી જોઈએ કે જે પ્રકારનાં કર્મ આપણને વધારે પીડતાં હોય અને આપણે તેનાથી મુક્ત થવાની વધારે જરૂર હોય. ઉપવાસનું તપ કર્યા કરવાથી આહારની સંજ્ઞા તૂટે એ વાત ખરી પણ તે કરતાં પહેલાં આપણે એ વિચાર કરવો જોઈએ કે આપણે આહાર સંજ્ઞાથી એટલા બધા પીડાઈએ છીએ કે પછી બીજી કોઈ સંજ્ઞા આપણને વધારે પીડી રહી છે. આમ જોઈએ તો આપણે મુખ્યતયા દસ પ્રકારની સંજ્ઞાઓથી પીડાતા હોઈએ છીએ. એમાં જે સંજ્ઞા આપણને વધારે કઠતી હોય તેને તોડવા માટે કે તેને નબળી પાડવા માટે આપણે તપ કરવાનું છે. વળી તપમાં એ વાત ન ચુકાવી જોઈએ કે સંજ્ઞાને તોડવાનું ખરું બળ તો અભ્યંતર તપમાં રહેલું છે.

ઉપર જે **દસ સંજ્ઞા**ઓની વાત કરી તેમાં આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ મુખ્ય સંજ્ઞાઓ ગણાય છે. માણસ સમાજમાં જીવે છે તેથી લોકસંજ્ઞા પણ તેનામાં હોય છે. લોકોને શું ગમશે, લોકોને શું લાગશે તે

વિચારને પ્રાધાન્ય આપી માણસ કર્મ કરતો રહે છે. ઓઘસંજ્ઞા એ પરંપરાની સંજ્ઞા છે. એમાં દેખા-દેખી કરવાની વાત રહેલી હોય છે. બધા કરતા હોય તેમ કર્મ કરવા માટેની વૃત્તિ માણસમાં તો શું પ્રાણીઓમાં પણ જોવા મળે છે. પ્રકારાન્તરે શાસ્ત્રજ્ઞોએ ક્રોધ-માન-માયા અને લોભનો પણ સંજ્ઞાઓમાં સમાવેશ કર્યો છે કારણ કે આ ચાર કષાયોને કારણે આપણે ઘણાં બધાં કર્મ જાણતાં અજાણતાં કરી નાખતા હોઈએ છીએ. તપ એ ઘણી અસરકારક સાધના છે. જો આપણામાં પ્રવર્તમાન સંજ્ઞાઓની અધિકતા કે અલ્પતાને ધ્યાનમાં રાખીને જો આપણે તપની પસંદગી કરીશું તો તેમાંથી આપણે ધારેલો લાભ મેળવી શકીશું બાકી આડે-ધડે કોઈ એક સંજ્ઞાને પકડીને કે તે દબાય તે રીતે તપ આદરીશું તો ખાસ લાભ નહીં થાય અને આપણને પીડતી સંજ્ઞાઓ તો જેમની તેમ ઊભેલી જ રહેશે.

આપણે કર્મ બાંધીએ છીએ કષાયોથી, તો કર્મને નિર્જરવા માટે કષાયોને તોડવા પડશે. કષાયોને તોડવા માટે આપણે અંદર ઊતરવું પડશે. બાહ્ય તપ મોટે ભાગે દ્રવ્યતપ જેવાં છે. જ્યારે અભ્યંતર તપ ભાવતપ છે. કષાયોને તોડવા માટે ભાવ જ મહત્ત્વનો છે. તપથી બાંધેલ કર્મની ચીકાશ સુકાઈ જાય છે અને તેને કારણે કર્મશરીર સાથે લાગેલાં જે તે કર્મો ખરવા માંડે છે. ગામડામાં જેમ રોગ જોઈને ડામ દેવામાં આવે છે તેમ જીવમાં પ્રવર્તમાન કયો કષાય ગાઢ છે તે જોઈને તેને આનુષંગિક તપ કર્યું હોય તો જીવને ઘણો ફાયદો થાય, બાકી ગમે તેમ તપ કરવાથી ઝાઝો ફાયદો નહીં થાય. જેને આહાર ઉપર ખાસ પ્રીતિ જ ન હોય, જે મળ્યું જ્યારે મળ્યું તેનાથી ચલાવી લેવાની વૃત્તિ હોય તેને ઉપવાસનું તપ આદરવાથી કંઈ ખાસ લાભ નહીં થાય.

તપ પહેલાં આપણને કયો કષાય ખાસ પીડે છે તેનો વિચાર કરીને, તે કષાય નબળો પડે તે રીતનું તપ લેવું જોઈએ. જો ક્રોધની માત્રા જીવમાં વધારે રહેતી હોય તો ક્ષમાને પુષ્ટ કરે તેવું તપ વધારે લાભકારક નીવડે. જીવમાં લોભની વૃત્તિ વધારે હોય તો દાન એ તેના માટે યોગ્ય તપ રહેશે. અભિમાન બહુ હોય તો નમ્રતા-વિનય એ આપણા માટે જરૂરી તપ છે. માયા-કપટ તરફ રુચી હોય તો સરળતા-ઋજુતા એ તપ છે. એ જ રીતે

નવ નોકષાયો હાસ્ય, રતિ-અરતિ, ભય, શોક, જુગુપ્સા અને ત્રણ વેદનો જે પ્રતિપક્ષી ભાવ હોય તેને પુષ્ટ કરે તેવું તપ કરવું જોઈએ અને જે તે કષાયોથી વિરમવું જોઈએ. આપણે દેખા-દેખી ઘણાં તપ કરીએ છીએ. લોકો હોંશે હોંશે તપની વાતો કરે છે અને તપનાં બહુમાન કરે છે પણ આપણે તેના હાર્દમાં રહેલી વાતને ઘણું-ખરું ચૂકી જઈએ છીએ.

તપ ગમે તેટલું મહત્ત્વનું હોય તો પણ તે સાધન છે એ વાત ન વીસરાવી જોઈએ. તપ એ સાધ્ય નથી. તપ એ એક પ્રકારનું પ્રતિ આંદોલન છે. વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી જો વાતને વિચારીએ તો આખો સંસાર પ્રકંપનોનો સંસાર છે. આપણું જીવન પણ એક પ્રકંપનથી કંઈ વિશેષ નથી. કેટલાંક પ્રકંપનો આપણને અનુકૂળ લાગે છે, તો કેટલાંક પ્રકંપનો આપણને પ્રતિકૂળ લાગે છે. જે પ્રકંપનો આપણા પરમ હિતમાં ન હોય તેનાં પ્રતિપક્ષી પ્રકંપનો પેદા કરી અહિત કરનારાં પ્રકંપનોને રોકવાં કે મિટાવી દેવાં એ તપનો હેતુ હોય છે. વાત જેટલી ધાર્મિક છે તેટલી વૈજ્ઞાનિક પણ છે. ભગવાન મહાવીરે આચારાંગમાં જે કહ્યું : 'ધૂણેકમ્પસરીરંગ' કર્મશરીરને ધુણાવો - ખંખેરો - તે આ સંદર્ભમાં કહ્યું છે.

જે છ બાહ્ય તપનો ઉલ્લેખ થયો છે તેમાં ઉપવાસ અને ઊણોદરી તપ વિશેષ તો આહારસંજ્ઞા તોડવા માટે છે. પશુઓમાં આહારસંજ્ઞા વિશેષ હોય છે. વૃત્તિસંક્ષેપમાં મનને વિષયોમાંથી પાછા વાળવાની વાત છે. તેનાથી મનની ચંચળતા ઓછી થાય છે. રસત્યાગમાં વિષયોથી દૂર રહેવાની - સંયમની વાત છે. કાયકલેશ-કાયાને કષ્ટ સહન કરવાની તાલીમ આપવા માટે છે જેથી પ્રતિકૂળ પરિસ્થિતિમાં મન વિચલિત ન થાય અને સ્વસ્થ રહી શકે. પ્રતિસંલીનતામાં વિષયો તરફ સતત બહાર વહેતા મનને અંદર તરફ વાળવાની વાત છે. અહીંથી તપની દિશા બદલાય છે અને તે અંતર્મુખ થાય છે તેથી તેનું મહત્ત્વ વધારે છે. આ છ બાહ્ય તપો શરીરનો અધ્યાસ તોડી ચિત્તને આત્માભિમુખ કરવા માટે છે. જીવનો શરીર સાથેનો અધ્યાસ તૂટે એટલે તેની સાથેનું તાદાત્મ્ય ઓછું થાય એટલે કર્મોની નિર્જરા સધાવા માંડે. શરીર તરફના રાગને કારણે કેટલાંય કર્મો સંચિત કર્યાં હોય છે તે બાહ્ય તપથી નિર્જરવા માંડે છે, પરંતુ આ તપ કરતી વેળાએ આપણામાં જે

સંજ્ઞાઓનું આધિપત્ય હોય તેને નરમ પાડવા તપ કર્યું હોય તો તેનો વધારે ફાયદો થાય.

કેવળ શરીરલક્ષી તપ કરતા રહીએ તો થોડોક ફાયદો અવશ્ય થાય પણ તેનાથી તપનો ઝાઝો અર્થ સરે નહીં. **વાસ્તવિકતામાં આપણે શરીરને તપાવાનું નથી પણ કર્મશરીરને તપાવાનું છે.** અને તે કાર્ય તો ભાવતપ વિના ન થઈ શકે. જે તપ સાથે ભાવ નથી ભળતો તો તે તપથી કર્મની ઝાઝી નિર્જરા થતી નથી. કેવળ ઉપર ઉપરનાં કર્મ ખરી પડે છે. ઘણીવાર તો આવો તપ આત્મવંચનાનું કારણ બની જાય છે અને કેટલીક વાર તો માણસ તપ કર્યાનો ગર્વ કરીને માનકષાયને પોષે છે. કેટલીક વાર વ્યવહારમાં પણ તપ રાગ-દ્વેષનું કારણ બને છે. એવા તપ કરતાં તો તપ ન કર્યું હોય અને રાગ-દ્વેષથી પર રહ્યા હોઈએ તો તપ કરતાં વધારે ફળ મળે.

અભ્યંતર તપમાં આવે છે : પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને વ્યુત્સર્ગ. આ બધાં તપો આત્મિક છે. તે અંતરના ભાવો સાથે વધારે સંલગ્ન રહે છે. પ્રાયશ્ચિત્તમાં પાપકર્મના પસ્તાવાની સાથે કંઈક સહન કરવાની વાત હોય છે અને ભવિષ્યમાં આવું પાપ નહીં થાય તેનો સંકલ્પ પણ હોય છે. વિનયમાં અહંકારને નમાવાની વાત છે. વૈયાવચ્ચમાં સાધુની સેવા તો ખરી પણ સાધુત્વ તરફના બહુમાનનો ભાવ છે. સ્વાધ્યાયમાં મૂળ વાત છે આત્માને ઓળખવાની, પણ તે કામ વિકટ છે તેથી તેને બદલે મોક્ષમાર્ગના જ્ઞાનની ઉપાસના કરવામાં આવે છે. **ધ્યાનમાં શરીરની વિસ્મૃતિ અને આત્માની સ્મૃતિનું પ્રાધાન્ય છે.** ધ્યાનમાં કર્મની જે નિર્જરા થાય છે. તેવી અન્ય કોઈ તપથી થતી નથી. ધ્યાન સાધના માર્ગનું અંતિમ ચરણ છે. વ્યુત્સર્ગમાં તો કષાયના અને કર્મના સદંતર ત્યાગની વાત છે. આ તપ તો બાહ્ય તપ અને અભ્યંતર તપની નિષ્પત્તિ સમાન છે તેથી તેને છેલ્લે મૂક્યું છે.

બાહ્ય તપ હોય કે અભ્યંતર તપ હોય તેનો મૂળ આશય કષાયોનું નિરસન કરીને કર્મમાત્રનો વ્યુત્સર્ગ કરવાનો છે. વ્યુત્સર્ગનો તાત્ત્વિક અર્થ છે છોડી દેવું. કોઈ પણ તપ કરીએ પણ જો તેનાથી કષાયો પાતળા ન પડે તો સમજી લેવું કે તપ વિફળ ગયું. કષાયો પાતળા પડ્યા વિના તેની ચીકાશ જાય નહીં.

અને ચીકાશ ગયા વિના કર્મ ખરી પડે નહીં – નિર્જરા ન થાય. બાહ્યતપ બહિરાત્મ દશામાંથી અંતરાત્મ દશામાં જવા માટે છે, અભ્યંતર તપ અંતરાત્મ દશામાંથી પરમાત્મ દશા તરફ જવા માટે છે.

કર્મની નિર્જરા કરવા માટે ખાસ ખ્યાલમાં રાખવાની વાત એ છે કે કર્મ કેવા રસથી બંધાયેલું હશે. જો કર્મ બાંધતી વખતે જે તે કષાયોનો રસ તીવ્ર હશે તો જે તે કર્મ જીવ સાથે ગાઢ રીતે ચોંટી ગયાં હશે. તેને ઉખાડવા માટે – નિર્જરવા માટે જે તે કષાયનું નિરસન કરવા ઉગ્ર તપ કરવું પડશે. કેટલા રસથી કર્મનો બંધ થયો હશે તેનો અંદાજ લગાવ્યો હશે તો તપની માત્રા નક્કી કરવાની સુવિધા રહેશે. આપણે ત્યાં આ વાતનું ચાર રીતે વિભાજન કરવામાં આવેલ છે.

અનંતાનુબંધી કષાય, અપ્રત્યાખ્યાની કષાય, પ્રત્યાખ્યાની કષાય અને સંજ્વલન કષાય. સંજ્વલન કષાયથી થયેલ કર્મનો બંધ અત્યંત હળવો હોય છે. તળાવના કે નદીના પાણીમાં લાકડીથી દોરેલ લકીર જેવો તે હોય છે. આવી લકીર તુરત જ ભૂંસાઈ જાય છે. તેમ કાર્ય થયું, ન થયું ત્યાં તો તે નિર્જરી જાય છે. થોડીક જાગરૂકતાથી તે કર્મ નિર્જરી જાય છે. કારણ કે તે કષાય સાથે ચીકાશ હોતી નથી.

પ્રત્યાખ્યાની કષાયથી અર્થાત્ કે જેનું પ્રતિક્રમણ કરવાથી કર્મ નિર્જરી જાય તેવા કષાયથી બંધાયેલ કર્મ રેતીમાં લાકડીથી દોરેલી લકીર જેવું હોય છે. જ્યાં સુધી પવન ન આવે – પ્રતિક્રમણ ન થાય કે પશ્ચાત્તાપ ન થાય ત્યાં સુધી તે જીવ સાથે રહે પણ દિલથી પ્રતિક્રમણ થાય એટલે તે નિર્જરી જાય. આવાં કર્મ કષાયના અલ્પ રસથી બંધાયેલ હોય છે. તેનામાં ચીકાશ હોય છે પણ થોડી હોય છે જેથી નિર્જરવાનું સરળ પડે છે.

જે કર્મ જાણીબૂજીને રસપૂર્વક કરેલાં હોય છે તે પથ્થર ઉપર દોરેલી લકીર જેવાં એટલે કે તડ જેવાં હોય છે. જે સામાન્ય તપથી કે પશ્ચાત્તાપથી નિર્જરતાં નથી. તે આત્મા સાથે ચીપકેલાં જ રહે છે. તેને ખસેડવા ઘણો પુરુષાર્થ કરવો પડે. આ પ્રકારના કષાયને અપ્રત્યાખ્યાની કષાય કહે છે.

અનંતાનુબંધી કષાયથી બંધાયેલ કર્મ, ગાઢ રસથી અને પૂર્ણ સભાનતા સાથે, આયોજનથી કરેલ કર્મ હોય છે. આ પ્રકારનાં કર્મ ધરતીકંપ વખતે

પહાડમાં પડેલી તિરાડ જેવાં હોય છે. જે પડ્યા પછી કયારેય પુરાતી નથી. આવાં કર્મ તો ભોગવ્યા વિના જીવ ઉપરથી ખસતાં નથી. ભાવપૂર્ણ ઉગ્ર તપથી તે થોડાંક નબળાં પડે પણ જીવથી અળગાં ન થાય. અપવાદ તરીકે આ પ્રકારનાં કર્મ, આત્મા જ્યારે ધ્યાનમાં ક્ષપક શ્રેણી માંડે અને ધ્યાનની પ્રગાઢતા ઉત્તરોત્તર વધતી જાય ત્યારે પ્રબળ ધ્યાનાગ્નિમાં તે પ્રજ્વલિત થઈ જાય છે.

સામાન્ય રીતે જીવનો અનંતાનુબંધી કષાયથી બાંધેલ કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી થતો. અપ્રત્યાખ્યાની કષાયથી બાંધેલ કર્મને પણ જીવે સામાન્ય રીતે ભોગવવું જ પડે છે. કર્મની નિર્જરા સામાન્ય રીતે પ્રત્યાખ્યાની કષાયથી બંધાયેલ કર્મની જ થતી હોય અને સંજ્વલન કષાયથી બંધાયેલ કર્મ તો કેવળ આત્માના શુભ પરિણામથી પણ નિર્જરી જાય છે.

તેથી આપણે ત્યાં કહેવાય છે "જીવ બંધ સમયે ચિત્ત ચેતીએ ઉદયે શો સંતાપ?" અર્થાત્ કે કર્મનો બંધ કરતી વેળાએ જીવ જો ચેતી જાય તો કર્મની નિર્જરા કરવી સરળ પડે અને ઉદયમાં આવેલ કર્મ પણ એટલું કષ્ટદાયક ન નીવડે.

ભગવાન મહાવીરની સાધના કર્મના સંવર અને નિર્જરાની સાધના છે, પણ એમાં પ્રમુખ સંવર છે. જૈન ધર્મમાં જે અનુષ્ઠાનો છે તે પ્રત્યેકની અંતર્ગત કર્મનો સંવર અને નિર્જરા સમાયેલાં હોય છે. પંચાચાર લઈએ તો જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારની ક્રિયાઓમાં કર્મનો સંવર અને નિર્જરા સધાતાં જ રહે એવી તેની વ્યવસ્થા છે. એ જ રીતે સામાયિક, ચતુર્વિંશતી સ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાઉસગ્ગ અને પચ્ચક્ખાણ છે. પણ આપણે તેના ભાવને પ્રાધાન્ય આપવાને બદલે ક્રિયામાં જ ઊલઝી જઈએ છીએ. એ રીતે આપણાં પાંચ મહાવ્રતો અને વિકલ્પે અણુવ્રતો - અહિંસા, સત્યરમણતા, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. ત્રણ ગુણવ્રતો - દિક્ પરિમાણ, ભોગોપભોગ પરિમાણ અને અનર્થદંડ - વિરમણ તેમજ ચાર શિક્ષાવ્રતો સામાયિક, દેશાવકાશિક, પૌષધ અને અતિથિસંવિભાગ કર્મના સંવર અને નિર્જરાને લક્ષમાં રાખીને રચાયેલાં છે.

આમ મહાવીરના સાધનામાર્ગમાં પદે પદે કર્મનો સંવર અને નિર્જરા

સધાતાં રહે છે પણ આપણે તે વિશે એટલા સભાન નથી હોતા. તેને કારણે આપણને તેમાંથી જે લાભ થવો જોઈએ તે નથી થતો.

સાધનામાં મૂળ વાત છે કર્મના સંવરની અને નિર્જરાની. તમે ધર્મનાં અનુષ્ઠાન વિધિપૂર્વક કરો કે ન કરો, પણ કર્મના સંવર અને નિર્જરાનું લક્ષ્ય સધાતું હશે તો સમજી લેવું કે તમે મોક્ષમાર્ગ ઉપર જ છો. કદાચ તમે દેરાસર ન જઈ શકતા હો, ઉપાશ્રયમાં જવાની તમારી પાસે અનુકૂળતા ન હોય, ધર્મનાં અનુષ્ઠાનો પણ વિધિવત્ ન કરી શકતા હો તો પણ, જો તમારે હૈયે ધર્મ હશે અને ચિત્તમાં સંવર – નિર્જરાનું લક્ષ્ય હશે તો તમારે ગભરાવાનું કારણ નથી. અહીં જે ધર્મનો ઉલ્લેખ કર્યો છે તે સાંપ્રદાયિક અર્થમાં નથી પણ સ્વભાવમાં અવસ્થિત થવાના સંદર્ભમાં છે. **વત્થુ સુહાવો ધમ્મો.** આત્મા, આત્મામાં પ્રતિષ્ઠિત થાય, અર્થાત્ કે તે તેના ગુણોનો આવિર્ભાવ કરે તે ધર્મ. લક્ષ્યને સાધવાના અનેક માર્ગો છે. એમાં આ જ માર્ગ સાચો અને તે ખોટો એવો કયારેય આગ્રહ રાખવો નહીં. મૂળ વાત છે પહોંચવાની પછી તમે રાજમાર્ગથી પહોંચો કે કેડી પકડીને પહોંચી જાવ. અનેકાંતની દષ્ટિથી વિચાર કરનાર સાધકને માટે સર્વ-માર્ગ ખુલ્લા છે.

જે કર્મથી આપણે રહિત થવા માગીએ છીએ, જેનો ક્ષય કરીને આપણે આપણા સ્વભાવમાં શાશ્વતકાળ માટે સ્થિતિ કરવા ઈચ્છીએ છીએ તે કર્મ બંધનાં પાંચ કારણોનો આપણે ઉલ્લેખ કર્યો. એમાં આપણે મિથ્યાત્વ, અવિરતિ અને કષાયની ચર્ચા કરી. કર્મના બંધનું પ્રબળ કારણ કષાય છે. એટલે તેના વિશે આપણે વિગતે ચર્ચા કરી નિર્જરા તત્ત્વને પ્રતિષ્ઠિત કર્યું. કર્મના આશ્રવમાં મન-વચન અને કાયાનો યોગ મહત્ત્વનો ભાગ ભજવે છે. તેથી આગળ આપણે યોગસંવરની વિશેષ વાત કરી. આ બધી જાણકારી મેળવ્યા પછી જો આપણે તેને સિદ્ધ કરવા કંઈ જ ન કરીએ તો તેનો અર્થ શો ?

કર્મબંધનાં જે પાંચ તાત્ત્વિક પરિબળો છે તેમાં **પ્રમાદનું** પણ સ્થાન છે. જેની અવગણના કરવા જેવી નથી. જાણીએ બધું પણ કરવાનો કંઈ ઉત્સાહ જ ન રાખીએ તો ન થાય કર્મનો સંવર કે ન થાય કર્મની નિર્જરા અને છેવટે હતા ત્યાંને ત્યાં જ રહી જઈએ. માર્ગની જાણકારી જ કેવળ

પર્યાપ્ત નથી. માર્ગ સરળ હોય કે વિકટ હોય છેવટે આપણે જ તેના ઉપર ચાલીને લક્ષ્ય સુધી પહોંચવાનું છે તે વાત ક્યારેય ન ભૂલવી. જો આપણે લક્ષ્યને સિદ્ધ કરવું હોય તો આપણે સતત જાગૃતિ રાખીને પ્રવૃત્ત રહેવું પડશે. જો જાગ્રત નહીં રહીએ તો આપણું જાણ્યું બધું ફોગટ જશે અને જોતજોતામાં જિંદગી હાથમાં સરકી જશે. જે ઊંઘતો રહે છે તે લૂંટાઈ જાય છે પણ જે જાગતો રહે છે તે નથી લૂંટાતો કે કુટાતો. ભગવાનના માર્ગમાં જાગરૂકતાનું પણ કર્મના નિવારણ માટે એટલું જ મહત્ત્વ છે. જે જીવ સજાગ હોય છે તે કર્મનો અલ્પ આશ્રવ કરે છે અને નિરંતર કર્મની નિર્જરા કરતો જ રહે છે. તેથી તો ભગવાન મહાવીર તેમની અંતિમ દેશનામાં સતત કહેતા રહે છે **સમયં ગોયમ મા પમાય.** હે ગૌતમ, તું પળનોય પ્રમાદ જીવનમાં ન કરીશ.

ભગવાન મહાવીરની સાધનાનાં બે પ્રમુખ અંગ સંવર અને નિર્જરા જેની આપણે વિગતે ચર્ચા કરી. જો આ જ વાતને તેની અંતર્ગત જઈને તાત્ત્વિક રીતે રજૂ કરીએ તો **કર્મનો સંવર એ ચિત્તાતીત અવસ્થાના નિર્માણની અવસ્થા** છે. સાધનાનું એ બહુ ઊંચું શિખર છે. એમાં ચિત્તમાં કોઈ પ્રકંપન નથી હોતું. ત્યાં અપેક્ષા તો શું, પણ કોઈ વિષય પ્રતિના રાગ કે દ્વેષનો સૂક્ષ્મ ભાવ પણ નથી હોતો. અસ્તિત્વની નજીકની આ અડોલ અવસ્થા છે.

તો બીજે છેડે **નિર્જરા એ ચિત્તપર્યાયની અવસ્થા** છે. તેમાં આત્મદ્રવ્ય પર્યાયમાં પરિણમીને કર્મની નિર્જરા કરવા પ્રવૃત્ત થતું હોય છે. બંને પ્રકારની સાધનાને પોતપોતાનું મૂલ્ય છે. વળી બંને એકબીજાની પૂરક છે. પણ ભગવાને ચિત્તાતીત અવસ્થાની સાધનાને મુખ્યતા આપી છે કારણ કે તે સધાતાં નિર્જરા આપોઆપ સધાતી રહે છે. ચિત્ત પર્યાયની યાત્રા આપણે જ્યાં સુધી પહોંચવું છે ત્યાં સુધી લઈ જતી નથી. તે અમુક હદ સુધી જઈને અટકી જાય છે જ્યારે ચિત્તાતીત અવસ્થાની સાધના આપણને છેક અસ્તિત્વ સુધી લઈ જઈને વિરમે છે, જેને સિદ્ધાવસ્થા તરીકે ઓળખવામાં આવે છે.

૮. ઉપયોગે ધર્મ

ભગવાન મહાવીરના સાધનામાર્ગ વિશેની ચર્ચામાં આપણે કર્મના સંવર અને નિર્જરાની વિગતે વાત કરી. સંવર સાધવા માટે મન-વચન અને કાયાના યોગ સંવર વિશે અને તેને આનુષંગિક ઇન્દ્રિયસંવર અને શ્વાસસંવર સંબંધે પણ વિચાર કર્યો. આ યોગસંવરથી નવાં આવતાં કર્મ રોકાય કે ઓછાં આવે તેને કારણે જીવ ઓછાં કર્મ બાંધે. વળી જન્મોજન્મનાં સંચિત કર્મો જીવ સાથે રહેલાં હોય છે. તેને ખપાવવા માટે – નિર્જરવા માટે આપણે તપની સવિશેષ વાત કરી. આટલી સાધનાય જીવને ઘણી ઉપકારક થઈ પડે તેવી છે. પણ અવ્યાબાધ સુખની પ્રાપ્તિ માટે કર્મરહિત અવસ્થા સુધી પહોંચવાનું લક્ષ્ય રાખનાર આટલેથી અટકી જાય તે ન ચાલે. લક્ષ્યને સિદ્ધ કરવા માટે સાધકે કર્મના મૂળ સ્રોત સુધી પહોંચવું પડે અને કર્મના પ્રવાહને આગળથી રોકવો પડે. પૂર્વકૃત કર્મજનિત કષાયોનો પ્રવાહ શરૂઆતમાં અત્યંત પાતળો હોય છે – તે વખતે જો તેને રોકવા પુરુષાર્થ કર્યો હોય તો જીવ કેટલાંય કર્મોના બંધથી અને આશ્રવથી અલ્પ પુરુષાર્થે બચી જાય.

કર્મબંધમાં બાહ્યજગત કરતાં આંતરજગતનો પ્રભાવ વધારે પ્રવર્તે છે. કર્મના બંધમાં બાહ્યજગતની એકાંતિક ભૂમિકા નથી હોતી. ઘણીવાર તો બાહ્યજગતમાં મન-વચન અને કાયાના યોગો નિષ્ક્રિય હોય ત્યારે પણ આંતરજગત પ્રવૃત્ત હોવાને કારણે કર્મબંધ ચાલુ જ હોય છે. આંતર-જગતના કર્મબંધમાં ઉપયોગ, અધ્યવસાય, લેશ્યા અને ચિત્તવૃત્તિનું મહત્ત્વ છે.

વાતને સમજવા માટે આપણે જીવ કેવી રીતે કર્મબંધ કરે છે તેનો જરા વિચાર કરીએ. જીવ કર્મમાં બે રીતે પ્રવૃત્ત થાય છે. એક તો અંતરમાં કોઈ ભાવ થાય એટલે તેને સાકાર કરવા માટે તેનું અંતરજગત પ્રવૃત્ત થાય છે અને જીવ કર્મ કરે છે. કર્મમાં જીવને પ્રવૃત્ત થવાનું બીજું કારણ છે નિમિત્ત.

સંસારમાં જીવ એકલો આવે છે અને એકલો જાય છે એ વાત એક દૃષ્ટિએ બરોબર લાગે છે પણ વાસ્તવિકતામાં સંસારમાં જીવનું આવાગમન

તેનાં યથા-તથા કર્મને કારણે જ થાય છે. તે જ્યાં જન્મે છે - જે જીવોની નિકટ જન્મે છે તે બધા માટે તેનાં આગળના ભવનાં કર્મ જવાબદાર હોય છે. બાકી કોઈ જીવનો જન્મ આકસ્મિક રીતે સારી ખોટી જગાએ થતો નથી. પણ એ વાત ખરી કે જીવે પોતે કરેલાં કર્મ તેણે એકલાએ જ ભોગવવાં પડે છે.

જીવ સંસારમાં ભલે એકલો આવે છે અને એકલો જાય છે પણ તે એકલો જીવતો નથી. માણસને જીવન દરમિયાન અનેક લોકોના સંસર્ગમાં આવવાનું થાય છે અને વિવિધ પ્રકારના સંજોગોમાં મુકાવું પડે છે. આ બધાં બાહ્ય નિમિત્તો છે. તેમની સાથેના સંબંધો દરમિયાન જીવને સુખ-દુઃખના પ્રસંગો પડે છે તેની પ્રતિક્રિયા માણસને કર્મ કરવા પ્રેરે છે.

આમ માણસ અંતરમાં સ્વયં ઊઠતા ભાવને કારણે કર્મ કરવા પ્રેરિત થતો હોય છે કે જીવનમાં આવી મળેલાં નિમિત્તો તરફના પ્રતિભાવોને કારણે કર્મ કરવા પ્રેરિત થતો હોય છે પણ આ કર્મની ધારા પ્રથમ ઉદ્‌ભવે છે માણસના અંતર જગતમાં અને પછીથી ત્યાંથી આગળ વધીને કેટલાક ઘાટ પસાર કરીને ઊતરી આવે છે બાહ્ય જગતમાં કર્મ બનીને.

જ્યારે કોઈ કર્મને પાકવાનો સમય થઈ ગયો હોય છે ત્યારે તે ઉદયમાં આવવા માટે નિમિત્ત લેતું હોય છે અને તેનો આશ્રય કરીને તે ઉદયમાં આવે છે. પણ જો કર્મ પ્રબળ હોય અને ઉદયમાં આવવા માટે તેને યોગ્ય નિમિત્ત ન મળે તો તે ઉદયને આનુષંગિક ભાવ ઉત્પન્ન કરીને ઉદયમાં આવે છે. આ રીતે ઉત્પન્ન થયેલા ભાવને ઔદયિક ભાવ કહે છે. બાકી સામાન્ય રીતે કર્મ નિમિત્તનો આશ્રય કરીને જ ઉદયમાં આવે છે.

ઉપયોગ :

ગમે તે રીતે કર્મ થાય કે ઉદયમાં આવે પણ જીવને કર્મમાં પ્રવૃત્ત કરનાર કષાયો છે. કષાયોનો પ્રવાહ કર્મશરીરમાંથી આવે છે પણ તેનો પ્રથમ પડાવ જીવનો ઉપયોગ છે. ઉપયોગથી આગળ વધતાં તે અધ્યવસાય સ્વરૂપે પરિણમે છે. અધ્યવસાય જીવની લેશ્યાને જન્મ આપે છે. લેશ્યા પ્રમાણે જીવની ચિત્તવૃત્તિ સચેત થાય છે. ચિત્તવૃત્તિ મનને કર્મ કરવા માટે ઉત્તેજિત કરે છે અને મનના આદેશ પ્રમાણે શરીર ઇત્યાદિ વર્તે છે અને છેવટે

પૂર્ણસ્વરૂપે કર્મ થઈને રહે છે.

ઉપયોગ અધ્યવસાય, લેશ્યા – જૈન ધર્મના પારિભાષિક શબ્દો છે જે જીવના અંતરજગતના ભાવો દર્શાવવા માટે વપરાય છે – જેની સ્પષ્ટતા ધીમે ધીમે થતી જશે.

આ જ વાત બીજી રીતે કહીએ તો કર્મનો મૂળ સ્રોત કર્મશરીરમાં પડેલા કષાયોમાં રહેલો છે. આ કષાયોને કારણે જીવ ઔદયિક ભાવમાં આવે છે. આ કષાયોને અનુવર્તીને જીવ નિમિત્તોનો પ્રતિભાવ આપે છે. આ ભાવ-પ્રતિભાવ કર્મરૂપે બહાર આવતાં પહેલાં ઊતરે છે જીવના ઉપયોગમાં. **ઉપયોગ એ જીવની આંતરિક પરિણતી છે.** ઉપયોગ પ્રમાણે જીવ કર્મ કરવા પ્રેરાય છે. જો જીવનો ઉપયોગ શુભ હોય તો જીવ શુભ કર્મમાં પ્રવૃત્ત થાય છે. જો જીવનો ઉપયોગ અશુભ હોય તો તે અશુભ કર્મ કરે છે. જેવી કષાયની ગાઢતા તેવી કર્મની પ્રચુરતા અને રસબંધની તીવ્રતા. જીવનો ઉપયોગ જેટલો વધારે શુદ્ધ એટલાં તેનાં કર્મ સંવર અને નિર્જરાલક્ષી. શુદ્ધ ઉપયોગમાં કષાયની મંદતા વધારે હોય જેને કારણે જીવ કર્મ ઓછાં કરે અને આ કર્મ કરતી વખતે તે શાંત અને સ્વસ્થ હોય. આવા જીવને નિમિત્તો પણ એટલાં વિચલિત કરી શકતાં નથી.

જૈનશાસનનું પ્રચલિત સૂત્ર છે : **ક્રિયાએ કર્મ, પરિણામે બંધ અને ઉપયોગે ધર્મ.** જીવના ઉપયોગમાં તેની અંદર પ્રવર્તતા ધર્મનું પ્રતિબિંબ ઝિલાતું હોય છે. જીવના ઉપયોગ પ્રમાણે કર્મના બંધ અને અનુબંધ તેના ઉપર પડતા રહે છે. અરે, કર્મની નિર્જરાનું કારણ પણ આત્માનો શુદ્ધ ઉપયોગ છે. શુભ ઉપયોગમાં કષાયની ચીકાશ ઘણી ઓછી હોય તેથી જીવને લાગેલાં કર્મ પણ સહેજ પુરુષાર્થથી ખરી જાય. જો આપણે જીવનમાં ઉપયોગને સાચવી લઈએ તો ઘણાં બધાં ક્લિષ્ટ કર્મોના યોગથી બચી જઈએ અને કેટલાંય કર્મની નિર્જરા સાધીને મોક્ષમાર્ગ ઉપર આગળ વધતા રહીએ.

ઉપયોગને એક રીતે જીવનું પ્રવર્તન પણ કહી શકાય. કર્મબંધ અને કર્મની નિર્જરામાં ઉપયોગ એ પ્રબળ કારણ હોવા છતાંય આપણે ત્યાં કર્મ વિશેની ચર્ચામાં તેને જેટલું મહત્ત્વ અપાવવું જોઈએ એટલું નથી અપાયું

તેવું ઘણી વાર લાગે છે. જે ઉપયોગની કર્મના બંધમાં અને નિર્જરામાં આટલી મહત્તા છે, જેને કારણે ઉપયોગે ધર્મ કહેવાય છે તે ઉપયોગ શું છે તે વિશે આપણે ચર્ચા કરીને તેનાં અનુવર્તી ચરણો અધ્યવસાય અને લેશ્યા ઉપર વિચાર કરીએ તો જ આપણે મહાવીરના સાધનામાર્ગને સ્પર્શ્યા એમ કહી શકાય. વળી ઉપયોગ વિશે જાણવું જરૂરી છે કારણ કે તેની સાધના પ્રમાણમાં સરળ છે અને તે કરવા માટે અન્યની સહાયની એટલી આવશ્યકતા રહેતી નથી.

ઉપયોગ એ જીવના અંતરજગતનું પ્રથમ સોપાન છે. જૈન ધર્મમાં ઉપયોગ શબ્દ વ્યવહારમાં લક્ષના અર્થમાં વધારે વપરાય છે. ઉપયોગ રાખો એટલે એ વાતની કાળજી રાખો. અર્થાત્ કે તેનું ધ્યાન રાખો. ઉપયોગનો આ સામાન્ય અર્થ છે જેની સાથે આ ચર્ચામાં આપણે ઓછો સંબંધ છે, આપણે ઉપયોગના આધ્યાત્મિક અર્થ સાથે વધારે સંબંધ છે. ઉપયોગ એ આત્માનું પ્રવર્તન છે એમ પણ કહી શકાય.

જૈન ધર્મમાં એમ કહેવાયેલ છેઃ **ઉપયોગ લક્ષણો જીવો.** ત્યાં તેનો અર્થ સંવેદનની નજીકનો વધારે છે. સંવેદનની ક્ષમતા - તેનું જ્ઞાન એ જીવનું લક્ષણ છે. તેની એ જીવંતતાને કારણે તો જીવ જડથી અલગ પડી જાય છે. જડમાં ગતિ હોઈ શકે પણ સંવેદન ન હોય. એ જ જીવ અને જડ વચ્ચેનો પાયાનો તફાવત છે. જ્યાં સંવેદન હોય ત્યાં તેના પ્રત્યેનો રાગ હોય કે દ્વેષ પણ હોય અને જ્યાં રાગ-દ્વેષ હોય ત્યાં કર્મબંધ પણ હોય. તેને કારણે તો નિગોદથી પંચેન્દ્રિય સુધીના જીવો કર્મબંધ કરતા રહે છે. આમ **ઉપયોગ કર્મબંધનું પ્રથમ સોપાન છે.**

ઉપયોગ એ જીવના પ્રવર્તમાન કષાયનો સૂક્ષ્મ કે અતિસૂક્ષ્મ ભાવ છે. જીવમાં જે - તે સમયે કષાયની પરિણતી કેવી છે તેના ઉપર જીવના ઉપયોગનો આધાર રહે છે. એ રીતે ઉપયોગ જીવના કર્મનો જનક બની રહે છે. જીવ જે કંઈ કરે છે તેના ઉપર પ્રવર્તમાન ઉપયોગનો પ્રભાવ હોય છે અને તેને અનુલક્ષીને જીવ ઉપર કર્મનો બંધ પડે છે.

ઉદાહરણ લઈને વાતનો વિચાર કરીએ તો : કોઈ એક ડૉક્ટર દર્દીના અસાધ્ય રોગનું ઑપરેશન કરે છે. તે સમયે ડૉક્ટરના મનમાં વધારેમાં

વધારે પૈસા કેમ પડાવવા તેવો ભાવ હોય તો તે ગાઢ અશુભ કર્મનો બંધ કરે છે. પણ તે સમયે ડૉક્ટરના મનમાં જીવને ગમે તેમ કરીને પણ બચાવી લેવાનો કરુણાસભર ભાવ રહેલો હોય તો તે અત્યંત શુભ કર્મનો બંધ કરે છે. એવું પણ બને કે ડૉક્ટરના મનમાં પોતાની નોકરીની ફરજનો જ ભાવ હોય તો કર્મબંધનો પ્રકાર બદલાઈ જાય. ભાવની તરતમતા પ્રમાણે મિશ્રકર્મનો બંધ પડે. જો ઑપરેશન દરમિયાન દર્દીનું મૃત્યુ થાય તો તે વખતે ડૉક્ટરના મનમાં જે ભાવો પ્રવર્તતા હોય તે પ્રમાણે કર્મનો અનુબંધ પડવાનો. કર્મબંધના કમ્પ્યૂટરમાં દરેક પ્રકારના ભાવ ઝિલાય છે અને તે પ્રમાણે કર્મના બંધ-અનુબંધ પડતા હોય છે.

જીવને સતત એક કે બીજી રીતે સંવેદન હોય છે. સંવેદનનું જીવને જે ભાન થાય છે તેને જીવનો જ્ઞાન ઉપયોગ કહે છે. કેવળ સંવેદન કે તેનું જ્ઞાન કર્મનો બંધ કરતું નથી પણ જ્યારે એમાં અનુકૂળતા કે પ્રતિકૂળતાનો ભાવ ભળે છે ત્યારે જીવને તેના પ્રત્યે રાગ કે દ્વેષ થાય છે. રાગને કારણે જીવ અનુકૂળ સંવેદનની નજીક જવા પ્રવર્તે છે. જો સંવેદન પ્રતિકૂળ હોય તો જીવને તે પ્રતિ દ્વેષ થાય છે અને તે તેનાથી દૂર રહેવા ઇચ્છે છે. સંવેદન પ્રતિનો આ રાગ કે દ્વેષ કર્મબંધનું કારણ બને છે. સંવેદન પ્રતિના રાગ કે દ્વેષને કારણે જીવનો ઉપયોગ અશુદ્ધ બને છે. રાગ-દ્વેષની તીવ્રતા વધારે હોય તો ઉપયોગ વધારે મલિન બની રહે છે. જો સંવેદન પ્રતિ જીવને રાગ કે દ્વેષ જ ન થાય તો તે જીવનો શુદ્ધ ઉપયોગ બની રહે છે. જો કે આ બહુ ઊંચી અવસ્થા છે. જે જ્ઞાતા-દ્રષ્ટાના ભાવ તરીકે ઓળખાય છે.

આમ જીવના ઉપયોગમાં રહેલી કષાયની તરતમતા પ્રમાણે કર્મના બંધ-અનુબંધ થતા રહે છે. તેથી જીવનની પ્રત્યેક પળે ઉપયોગની સભાનતા રાખવાનું કહેવામાં આવે છે.

જીવમાં જીવંતતાનો પ્રવાહ સતત વહેતો રહે છે. પણ જ્યાં સુધી જીવે કર્મરહિત - કષાયરહિત અવસ્થા પ્રાપ્ત ન કરી હોય ત્યાં સુધી આ પ્રવાહ કષાયથી કલુષિત થયેલો હોય છે. પણ આ કલુષિતતામાં ઘણી તરતમતા હોય છે. જીવ કષાયો અને કર્મને કારણે ચારેય ગતિમાં ભ્રમણ કરતો રહે છે, પણ તેની મુક્તિ થતી નથી. જીવ જ્યારે કષાય-કર્મરહિત થાય છે ત્યારે

તેની પંચમ ગતિ થાય છે અને તે લોકના અગ્ર ભાગ ઉપર જઈને અનંત આનંદમાં વિરમે છે.

આ અવસ્થા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જીવનું અસ્તિત્વ કષાયયુક્ત અને કર્મયુક્ત હોય છે અને ભવાંતરમાં પણ તે કષાયો લઈને જ જાય છે. જીવ જે પ્રકારના કષાયોને લઈને જન્મે છે તે તેની આંતરિક પરિણતી કહેવાય છે. તે પરિણતી પ્રમાણે જીવનો સ્વભાવ રહે છે અને તે સ્વભાવ અનુસાર તે જીવનમાં કર્મ કરતો રહે છે અને ઉપસ્થિત નિમિત્તોની પ્રતિક્રિયા પણ તદ્અનુસાર કરતો રહે છે. તેથી ઉપયોગને જીવના સ્વભાવ તરીકે કે તેની **આંતરિક પરિણતી** તરીકે પણ ઓળખવામાં આવે છે.

ઉપયોગ એ રીતે કષાયની પરિણતીનું હરિદ્વાર છે જ્યાંથી કષાયની ધારા જીવના આંતરજગતમાં પ્રવેશે છે. ઉપયોગ એ જીવના આંતરજગતનો પ્રથમ પડાવ છે. ત્યાંથી આગળ વધતાં કષાયની એ ધારામાં જીવના અન્ય સંસ્કાર ઈત્યાદિ ભળે છે અને તે અધ્યવસાયનું સ્વરૂપ ધારણ કરે છે જે આગળ વધતાં લેશ્યામાં પરિણમીને ચિત્ત દ્વારા મન ઉપર ઊતરે છે. કષાયની આ ધારા માનવીના જીવનમાં યથા તથા કર્મબંધ કરતી કે કર્મની નિર્જરા કરતી વહેતી રહે છે અને છેવટે કાળના સાગરમાં લુપ્ત થઈ જાય છે.

આ પરિસ્થિતિમાં જો જીવ જાગી જાય તો તેણે સૌપ્રથમ તેની આંતરિક પરિણતી-ઉપયોગને શુદ્ધ કરવા માટે પ્રયાસ કરવાનો છે. જીવને જ્યારે સંજ્ઞી પંચેન્દ્રિયપણું મળ્યું હોય ત્યારે જ તે આ પુરુષાર્થ કરી શકે છે. ઉપયોગેધર્મ એ રીતે કહેવાય છે કે **જેવો ઉપયોગ એવું ધર્મનું પ્રવર્તન.** જો ઉપયોગ શુદ્ધ હશે તો જીવ શુદ્ધ ધર્મ કરવા પ્રેરિત થશે અને તે ઈષ્ટ કાર્યો જ કરશે. જો ઉપયોગ અશુદ્ધ હશે તો અનિષ્ટ કર્મો કરવા પ્રેરિત થશે અને તે રીતે કર્મ કરતો - યથાતથા કર્મબંધ કરતો રહેશે.

અહીં એ વાત સ્પષ્ટ કરી લેવાનું ઠીક રહેશે કે ધર્મ એ પુરુષાર્થનો વિષય છે. ધર્મ ભાગ્યને આધીન નથી. મારા કર્મમાં જ ધર્મ કરવાનું નથી એવું રખે માનતા કે વિચારતા. પૂર્વકૃત કર્મોથી ભાગ્ય બંધાય છે પણ સાંપ્રત (હાલના) કર્મ એ પુરુષાર્થ છે જે ભાગ્યને પણ પલટી શકે અને ભાવિના પ્રારબ્ધને ઘડી શકે. પુરુષાર્થનું ફળ જીવને મોડું-વહેલું મળે, પણ તે મળ્યા

વિના રહેતું નથી. કરેલું ક્યારેય નકામું જતું નથી.

સામાન્ય રીતે જીવ જન્મે છે ત્યારે જ તે તેની કષાયપરિણતી સાથે લઈને આવેલો હોય છે. પણ જીવન દરમિયાન તેને જે અનુભવો થાય છે તેને કારણે તેમાં બદલાવ આવતો રહે છે. બદલાવની આ ક્રિયા ધીમી હોય છે પણ કોઈ પ્રબળ નિમિત્તની હાજરીમાં તેમાં ઝડપી બદલાવ આવી જાય છે અને જીવની આખી જીવનવાટ બદલાઈ જાય છે.

એક રીતે ઉપયોગ સાગરના ઊંડાણમાં આવેલા પાણી જેવો સ્થિર હોય છે પણ તેની સપાટી ઉપર સતત તરંગો ઊઠતા રહે છે અને તેનું શમન થતું રહે છે. એનો અર્થ એ થયો કે ઉપયોગ તેના ઊંડાણમાં સુસ્થિત હોય છે પણ સપાટી ઉપર તે સંચારી ભાવ જેવો બની રહે છે. તેને કારણે ઉપયોગ સતત બદલાતો રહે છે. આ બદલાવાનું કારણ જીવમાં આવતા કષાયોના પ્રવાહમાં સતત થતી વધઘટ છે.

પળે પળે જીવ કોઈ ને કોઈ કર્મ ભોગવતો જ હોય છે અને કોઈ કર્મ બાંધતો જ હોય છે તેથી તેને આનુષંગિક કષાયની વધઘટ જીવમાં થતી જ રહે છે. તે ઉપરાંત જીવનમાં મળતાં નિમિત્તોને કારણે પણ જીવની કષાયની વધઘટમાં અને તેની તીવ્રતામાં ફેરફાર થતો રહે છે. તેને કારણે જીવનો ઉપયોગ પળે પળે બદલાતો રહે છે.

આમ છતાંય જીવની કષાયો સાથેની પરિણતીમાં આમૂલ પરિવર્તન ભાગ્યે જ થતું હોય છે. સિવાય કે જીવને એવાં પ્રબળ નિમિત્તો મળી આવે. આ નિમિત્તો સારાં હોય કે નરસાં હોય તે પ્રમાણે માણસના જીવનમાં ફેરફારો થઈ જાય છે. અને ક્યારેક તો જીવનની આખી વાટ જ બદલાઈ જાય છે.

વાતને યથાર્થ રીતે મૂલવતાં આપણે એમ કહી શકીએ કે ઉપયોગના ગર્ભમાં જીવના કષાયની પરિણતી હોય છે જે ઘણુંખરું સ્થિર હોય છે. પણ જીવમાં થતા કષાયોની સતત વધઘટને કારણે ઉપરના સ્તરે (સપાટી) ઉપયોગ સાગરના તરંગોની જેમ અસ્થિર હોય છે. જીવનો આ પ્રકારનો ઉપયોગ એક સમયે ઊઠે છે અને બીજે સમયે વિરમી જાય છે. તત્કાળ તેની પાછળ ઉપયોગનો બીજો તરંગ ઊઠે છે અને વિરમે છે. આમ

જીવનમાં ઉપયોગના તરંગો સતત ઊઠતા રહે છે અને વિરમતા રહે છે જેને આપણે જીવના તે સમયના પ્રવર્તન તરીકે ઓળખીએ તો તે વધારે યોગ્ય રહેશે.

જીવમાં સમયે સમયે ઊઠતા અને વિરમતા ઉપયોગના તરંગો, જીવની આંતરિક પરિણતીને આનુષંગિક હોય છે. જ્ઞાનીઓ કહે છે કે જીવનો એક સમયે એક જ ઉપયોગ હોય છે. વાસ્તવિકતામાં બે ઉપયોગ વચ્ચેનું અંતર એટલું સૂક્ષ્મ હોય છે કે તે આપણને વર્તાતું નથી તેથી આપણને લાગે કે જીવના એક સમયમાં એકથી વધારે ઉપયોગ રહેતા હશે.

ઉપયોગની પાછળ પ્રવર્તતી કષાય પરિણતી લગભગ એક સરખી રહે છે પણ કર્મજનિત ઔદયિક ભાવ અને નિમિત્તોને કારણે થતી કષાયોની વધઘટને કારણે તેની તરતમતામાં ભિન્નતા રહે છે. તેથી દરેક ઉપયોગ એક સરખો હોતો નથી.

ઉપયોગ જીવનું લક્ષણ છે. તેથી જીવ કયારેય ઉપયોગરહિત હોતો નથી. કેવળી ભગવંતોને ઉપયોગ હોય છે પણ તેમને કષાય પરિણતી ન હોવાથી તેમને તે પ્રતિ રાગ કે દ્વેષ થતો નથી. કેવળીને એક સમયે જ્ઞાનનો ઉપયોગ પ્રવર્તે તો બીજે સમયે દર્શનનો ઉપયોગ હોય. સંસારી જીવોને સમયે સમયે ઉપયોગ પ્રવર્તે પણ તે કષાયથી રંજિત હોય છે તેથી તે કર્મનું કારણ બને છે. જો સંસારી જીવનો ઉપયોગ કષાયરહિત થઈ જાય તો તે પણ કેવળજ્ઞાનનો અધિકારી બની જાય.

ઉપયોગ વિશેની ચર્ચાનો એ નિષ્કર્ષ નીકળે છે કે ઉપયોગ શબ્દ મહત્ત્વનો છે પણ તે એક અર્થી નથી. સંદર્ભ પ્રમાણે તેના અર્થ બદલાતા રહે છે. પણ એટલું નિશ્ચિત કે તે જીવનું લક્ષણ છે અને તેને કષાયની પરિણતી સાથે સંબંધ છે. આ જાણકારીનો ઉપયોગ આપણે કર્મથી બચવા શુભ કર્મ કરવા અને યથા-તથા નિર્જરા કરવા માટે કરવાનો છે.

અધ્યવસાય :

જીવ સમક્ષ કોઈ વિષય ઉપસ્થિત થાય છે. ત્યારે કર્મ શરીરમાંથી નીકળેલી કષાયની ધારા તે વિષયને સ્પર્શીને ઉપયોગના પ્રથમ પડાવથી આગળ વધે છે. તે સમયે તેમાં તે વિષય પરત્વેની અન્ય ભાવધારાઓ પણ

ભળે છે તેમાં કર્મના જે તે ઉદય સમયે પ્રવર્તતા કષાયની ધારા હોય છે. નિમિત્ત વિષયક ઉદ્દીપનથી ઉત્પન્ન થયેલી ભાવધારા પણ હોય છે. આ ધારા ઉપર જીવના અંતરમાં ધરબાયેલાં સારા-ખોટા સંસ્કારોનો પ્રભાવ પણ હોય છે. વિષય પરત્વેનાં અન્ય સંવેદનો પણ તે સમયે તેમાં ભળે છે. આ બધાને કારણે ઉપયોગપથમાં આવેલ વિષય તરફ માણસમાં એક પ્રકારનો ચોક્કસ અભિગમ ઉત્પન્ન થાય છે જેને અધ્યવસાય કહે છે. આ અધ્યવસાય જ જીવને આગળ જતાં જે તે કર્મ કરવા માટે પ્રેરતો હોય છે. ભલે વિષય એક જ હોય પણ તેને જોનાર વ્યક્તિઓનો તે તરફનો અભિગમ અલગ પડી જાય છે.

ઉપયોગને અધ્યવસાયનો જનક કહી શકાય. અધ્યવસાય ઉપર ઉપયોગની અસર ચોક્કસ વર્તાય તેમ છતાંય અધ્યવસાય એ ઉપયોગ નથી કારણ કે અધ્યવસાયમાં ઉપયોગની સાથે ઘણીબધી અન્ય બાબતો પણ ભળેલી હોય છે. આ બધાને કારણે જીવનો વિષય પરત્વેનો વિશિષ્ટ અભિગમ ઘડાયેલ હોય છે. ઉપયોગ પ્રમાણમાં સૂક્ષ્મ હોય છે જ્યારે અધ્યવસાય પ્રમાણમાં વધારે સ્થૂળ અને વ્યકત હોય છે.

અધ્યવસાયના નિર્માણમાં અન્ય સંસ્કારોની પરવશતાની ભૂમિકા ઘણો મોટો ભાગ ભજવે છે. અધ્યવસાય ઉપર સાંપ્રત કાળના રીત-રિવાજો ઈત્યાદિની પણ અસર પડ્યા વિના રહેતી નથી. અધ્યવસાયના ગર્ભમાં અનેક પ્રકારનાં સંવેદનો-સંસ્કારો, ભાવો-પ્રતિભાવો ભળેલા હોય છે તેથી તેને **વિચિત્રગર્ભા** પણ કહે છે. અધ્યવસાયને આપણે વિષય પરત્વેનું વલણ કહી શકીએ - Attitude. અધ્યવસાયમાં જીવના કેટલાય ભાવો-પ્રતિભાવો ઈત્યાદિનો સરવાળો થયેલો હોય છે. આ બધાથી નિર્માણ થયેલું જીવનું વલણ જીવના કર્મમાં પરિણમે છે તેથી કર્મના બંધમાં માણસના અધ્યવસાયનું ઘણું મહત્ત્વ રહેલું છે.

અધ્યવસાયને **સ્વયંવેદ્યા** કહે છે. આપણે જેમ કોઈના મનની વાત ન જાણી શકીએ તેમ કોઈનો અધ્યવસાય ન જાણી શકીએ. તેનો થોડો અંદાજ લગાવી શકાય જે ખરોય નીકળે અને ખોટો પણ ઠરે.

આપણે એ જોઈ ગયા કે અધ્યવસાય ઉપયોગના અંશ વિનાનો તો ન જ

હોય. જો ઉપયોગ શુદ્ધ હોય તો અધ્યવસાય એટલો મલિન ન જ હોય. ઉપયોગની શુદ્ધિ અધ્યવસાયમાં ઝિલાયા વિના ન જ રહે. ઉપયોગ કષાયથી મલિન હોય તો અધ્યવસાયના ગર્ભમાં મલિનતા ઊતર્યા વિના ન રહે. કષાયની તરતમતાને અનુલક્ષીને અધ્યવસાયનું ચાર ભાગમાં વિભાજન કરવામાં આવે છે : શુદ્ધ, અશુદ્ધ, શુભ અને અશુભ

જે અધ્યવસાય રાગ-દ્વેષ રહિત અર્થાત્ કે તેની માત્રા અલ્પ હોય તેને વ્યવહારથી શુદ્ધ અધ્યવસાય કહેવામાં આવે છે. જે અધ્યવસાયમાં રાગ-દ્વેષની માત્રા પ્રચુર હોય તેને અશુદ્ધ અધ્યવસાય કહે છે. જે અધ્યવસાયમાં રાગ-દ્વેષની થોડીક માત્રા રહેલી હોય પણ જો તે કોઈ શુભ કાર્ય સિદ્ધ કરવા માટે હોય તો તેને શુભ અધ્યવસાય કહે છે. પરંતુ કોઈ અનિષ્ટ કાર્યને પાર પાડવા માટે અધ્યવસાયમાં રાગ-દ્વેષ ભળેલા હોય તો તેને અશુભ અધ્યવસાય કહે છે.

ટૂંકમાં પ્રશસ્ત કષાયની ઉપસ્થિતિમાં અધ્યવસાય શુભ ગણાય. અપ્રશસ્ત અધ્યવસાયની ઉપસ્થિતિમાં અધ્યવસાય અશુભ કહેવાય અને તે અશુદ્ધ પણ હોય જ. કષાય રહિત કે અલ્પ કષાયવાળી મધ્યસ્થ અવસ્થાના અધ્યવસાયને વ્યવહારથી શુદ્ધ અધ્યવસાય તરીકે ઓળખવામાં આવે છે.

કર્મની અંતરયાત્રામાં અધ્યવસાય જ આગળ જતાં લેશ્યામાં પરિણમીને કર્મનો જનક બને છે માટે અધ્યવસાયની શુદ્ધિ માટે સાધકે જાગરૂકતા રાખવી જ રહી.

લેશ્યા :

કષાયની કર્મજનિત અભ્યંતર યાત્રામાં ત્રીજો પડાવ લેશ્યાનો આવે છે. ઉપયોગમાં વિષયના અસ્તિત્વનો પ્રભાવ વિશેષ હોય છે અને તે સમયે અંતર્જગતની જે પરિણતી હોય તેને આનુષંગિક અતિસૂક્ષ્મ ભાવ તેમાં ભળે છે. ઉપયોગથી એક દિશા મળે છે.

અધ્યવસાયમાં ઉપસ્થિત વિષય પરત્વેના અંતર્જગતમાં પ્રવર્તતા અન્ય ભાવો મળે છે, જેને કારણે જીવનો વિષય પ્રતિનો એક અભિગમ આકાર ધારણ કરે છે. તેમાં જીવની વિષય પ્રતિની અનુકૂળતા-પ્રતિકૂળતા ઔચિત્ય ઈત્યાદિની સ્પષ્ટતા થાય છે.

લેશ્યામાં વિષયની પ્રાપ્તિનો કે તેનાથી દૂર રહેવાનો-બચવાનો કે પછી તેનો પ્રતિકાર કરવાનો ભાવ સ્પષ્ટ થાય છે અને તે માટે પ્રવૃત્ત થવા જીવ તત્પર થાય છે. તે વખતે જીવમાં જે કષાયનું પ્રભુત્વ હોય તે પ્રમાણે તેની લેશ્યા રંજિત થાય છે.

કષાયની મંદતા અને તીવ્રના પ્રમાણે **લેશ્યાના છ ભેદ પડે છે** : કૃષ્ણ, નીલ, કપોત, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લ લેશ્યા. લેશ્યા એટલે અંતરમાં પ્રવર્તતા ભાવનો રંગ. ભાવની તરતમતા પ્રમાણે લેશ્યાના રંગ બદલાતા રહે છે. કૃષ્ણ એટલે કાળો, તે કનિષ્ટ ભાવનો સૂચક રંગ છે: શુક્લ એટલે શ્વેત જે અંતરમાં પ્રવર્તતા શુદ્ધ ભાવનો સૂચક રંગ છે અંતરના ભાવ જેમ શુદ્ધ થતા જાય તેમ તેમ રંગ બદલાતા જાય. પીળો રંગ અંતરજગતના બદલાતા ભાવોમાં લગભગ વચ્ચેનો પડાવ છે. જો અંતરના ભાવ બગડે, મલિન થાય તો લેશ્યાના રંગ કાળાશ પકડવા માંડે. લેશ્યામાં જીવના ભાવજગતનું પ્રતિબિંબ ઝિલાય છે. (તેથી તેને જીવની ભાવછાયા પણ કહે છે.) ભાવલેશ્યાનું દ્રવ્ય લેશ્યામાં રૂપાંતર થતાં જીવની આભા બદલાય છે જેને આપણે વર્તી શકીએ છીએ. દ્રવ્ય લેશ્યા ચિત્તને ઉત્તેજિત કરે છે અને જીવ ઉપસ્થિત વિષયને પ્રાપ્ત કરવા કે તેનાથી દૂર રહેવા માટે નિર્ણય કરે છે અને તે પ્રમાણે આગળ સૂચના આપે છે.

ચિત્તવૃત્તિ એ જીવની કષાય જનિત પરિણામની અભ્યંતર યાત્રા અને બાહ્ય યાત્રાની વચ્ચેનો પડાવ છે એમ કહી શકાય. ચિત્તવૃત્તિ પ્રમાણે મન વચન અને કાયાના અંગોનું પ્રવર્તન થાય છે.

આમ કર્મની આખી યાત્રા આત્માના પ્રવર્તનથી શરૂ થઈને ઉપયોગ, અધ્યવસાય અને લેશ્યાના પડાવો પસાર કરીને ચિત્તવૃત્તિ દ્વારા દ્રવ્યમન, વચન અને કાયાના યોગોમાં સક્રિય બને છે અને પોતાનું કાર્ય સાધે છે. આ કાર્ય ભૌતિક પણ હોય અને આધ્યાત્મિક પણ હોય. જો ચર્ચાની સમીક્ષા કરીએ તો વિષય તરફ લક્ષ જવું તે ઉપયોગ. ઉપયોગમાં પ્રવર્તમાન કષાયની પરિણતી હોય છે. આત્મામાં પડેલા સંસ્કારો અનુસાર વિષયમાં અનુકૂળતા-પ્રતિકૂળતા ઈષ્ટ-અનિષ્ટ વગેરેનું સંવેદન થવું તે અધ્યવસાય. અધ્યવસાયમાં કષાયની સ્થૂળ અને સૂક્ષ્મ બંને રીતની કષાય પરિણતી હોય.

આ પરિણતી અનુસાર ઈત્યાદિ વિષયોની પ્રાપ્તિ અને અનિષ્ટાદિ વિષયોના વિયોગની જે વિચારણા થાય તેના પરિણામને લેશ્યા કહે છે.

ઉપયોગ, અધ્યવસાય લેશ્યા **આત્માના પર્યાય વિશેષ છે** પણ ત્રણેયમાં આત્માના સંવેદનની પ્રગટતા-વ્યક્તતાની માત્રા ક્રમમાં વધતી જ રહે છે. જ્યારે ચિત્તવૃત્તિમાં સંવેદન એકદમ સ્પષ્ટ બની જાય છે અને લેશ્યાના જે તે પરિણામના અમલની સ્થિતિ આવી જાય છે. અર્થાત ઈષ્ટ વિષયની પ્રાપ્તિ માટે કે અનિષ્ટ વિષયના વિયોગ માટે શું કરવું - કેમ કરવું તેનો નિર્ણય લેવાઈ જાય છે. આ નિર્ણય અનુસાર મન-વચન અને કાયાના યોગો પ્રવર્તમાન થવા લાગે છે. જેનાથી યથા-તથા કર્મનો આશ્રવ થતો રહે છે. કર્મના આશ્રવની અને બંધની આ આખીય યાત્રા આ બધા પડાવોને પાર કરીને ક્રમબદ્ધ થાય છે. પણ તે પ્રક્રિયા એટલી ઝડપી અને સૂક્ષ્મ હોય છે જેથી જીવને તે સ્પષ્ટ વર્તાતી નથી.

આપણી આખીય ચર્ચાનું પ્રયોજન કર્મના આશ્રવ-બંધ માટેના પ્રવાહને ઊગતાં જ અટકાવી દેવાનું અને તેમ ન થાય તો તેને પાતળો કરી દેવાનું છે. વળી એ પણ ખરું કે કર્મરહિત અવસ્થા એ કંઈ એક ચરણમાં સિદ્ધ થતી નથી. જો પુણ્યકર્મની સહાય હોય તો સાધના માર્ગમાં આગળ વધવાનું સરળ બની રહે છે. બાકી પુરુષાર્થ કરીએ તો જીવનમાં કશુંય અશક્ય નથી. એક રીતે **કષાયની ધારા અને કર્મની ધારા પરસ્પરને આશ્રિત હોય છે.** જો આપણે કર્મની ધારાને અનુકૂળ બનાવવી હોય અથવા પાતળી કરવી હોય તો કર્મબંધની યાત્રાના પ્રથમ ચરણમાં - ઉપયોગમાં જ તેને સાધી લઈએ તો આપણું ઘણું કામ થઈ જાય.

આપણે આગળ જોઈ ગયા કે કષાયની પરિણતી એ આત્માનો સ્થાયી ભાવ છે પણ ઉપયોગ સંચારી ભાવ છે. જીવનો ઉપયોગ કયારેય સ્થિર રહેતો નથી. તે સતત બદલાતો રહે છે.

ઔદયિક ભાવ અને નિમિત્તો તરફના પ્રતિભાવને કારણે જીવના કષાયોની પરિણતીમાં સતત ફેરફાર થતો જાય છે. કેટલાય ચઢાવ ઉતરાવ આવતા રહે છે જેની અસર ઉપયોગ ઉપર પડે છે. આમ જીવમાં ઉપયોગનાં પ્રકંપનો કયારેય અટકતાં નથી. જો જીવ જાગ્રત હોય, ધર્મની

થોડી ઘણી તેને જાણકારી હોય અને યોગ્ય ગુરુનો જોગ હોય તો સાધક ઉપયોગના પ્રથમ પડાવ ઉપર જ કષાયની ધારાને ઓળખીને આંતરે છે અને અહીં થાય તેટલું તેનું નિરસન કરી નાંખે છે. જેથી તે કેટલાય કર્મબંધ અને કર્મના ભાવિ આશ્રવથી બચી જાય છે. પરિણામે સાધકની મોક્ષની વાટ ટૂંકાઈ જાય છે અને સુગમ બની રહે છે.

માણસનું જીવન એવું છે કે તેને નિમિત્તો વચ્ચે જ જીવવું પડે છે. તેથી નિમિત્તોનો યોગ સતત થતો રહે છે. તે સમય જો જીવ સાવધ રહે તો ભવિષ્યનાં કેટલાંય કર્મથી બચી જાય. જીવનમાં જ્યારે જ્યારે કોઈ પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે જીવ પોતાના ઉપયોગને સાચવી લઈને તેમાં રહેલાં કષાયનું બને તેટલું શુદ્ધીકરણ કરી લે તો પછી આગળ જતાં જે કર્મ થાય તે અલ્પ કષાયથી થાય, તે પણ ઓછો લાભ નથી. જીવને નિમિત્ત બહારથી મળતાં રહે છે પણ કર્મનો ઔદયિક ભાવ અંદરથી આવતો હોય છે. તેને રોકવા કે તેમાં પ્રવર્તમાન કષાયોની શુદ્ધિ કરવા માટે જીવે આંતરિક પુરુષાર્થ વધારે કરવો પડે છે.

ઉપયોગને સાધવાનું કામ દેરાસર, ઉપાશ્રય જઈએ કે કોઈ ધર્મક્રિયામાં જોડાઈએ ત્યારે જ કરવાનું નથી. જીવનની કોઈ પણ પળ ઉપયોગ વિનાની હોતી નથી. પણ આપણને તે વિશેની જાણકારી ન હોવાને કારણે કે પછી પ્રમાદને કારણે તે તરફ ધ્યાન આપતા નથી.

આમ આપણે સાધનાની એક સરળ તક ગુમાવતા રહીએ છીએ. ઉપયોગને સાધી લેવા માટે સંજ્ઞી પંચેન્દ્રિયપણું આવશ્યક છે જે આપણને પુણ્યના કોઈ પ્રબળ યોગે મળ્યું છે ત્યારે પણ જો આપણે ઉપયોગની સાધના ન કરતા રહીએ તો આપણા જેવું કોણ દુર્ભાગી કહેવાય! વળી ઉપયોગને સાધવાનું કામ એટલું દુષ્કર પણ નથી. જેમ લશ્કરમાં કૂચ કરતી વખતે હુકમ આપતો નાયક વારંવાર કહે છે Watch your step - તેમ આપણે જાગતાં, ઊંઘતાં, ઊઠતાં, બેસતાં, બોલતાં, ચાલતાં આપણને સજાગ કરતા રહીએ - **ઉપયોગને જોતા રહો.** જો આટલું કરીશું તો કર્મરહિત અવસ્થા તરફની યાત્રામાં આપણે પ્રત્યેક પળે આગળ જ વધતા રહેવાના.

ધર્મ માર્ગમાં અનેક અનુષ્ઠાનો છે પણ એમાંનાં મોટાં ભાગનાં અનુષ્ઠાનો કરવા માટે શરીરની સ્વસ્થતાની વધારે જરૂર રહે છે. કેટલીક ધર્મ-ક્રિયાઓ તો યુવાનીમાં જ થઈ શકે તેવી હોય છે. જ્યારે ઉપયોગની સાધના એવી છે કે જે જીવનભર થઈ શકે છે. જીવનની ઉત્તરાવસ્થામાં જ્યારે કાયા શિથિલ થઈ ગઈ હોય, શરીરમાં જોર ન રહ્યું હોય, હલનચલન પણ મુશ્કેલ બની ગયું હોય તે સમયે પથારીમાં પડ્યા પડ્યા પણ ઉપયોગની સાધના કરી શકાય છે અને જીવનની છેલ્લી ઘડી સુધી ધર્મ થતો રહે છે. ઉપયોગની સાધના સરળ છે. યથા યોગ્ય દિશામાં જીવના પ્રવર્તનથી તે થઈ શકે છે વાસ્તવિકતામાં તે ભાવસંયમ અને ભાવશુદ્ધિની સાધના છે. તે માટે જરૂર રહે છે જાગૃતિની અને આંતરિક પુરુષાર્થની. જો અંત સમયે આટલું વીર્ય ફોરવતા રહીશું તો આપણી ભવાંતરની ગતિ સુધરી જશે અને પરભવની યાત્રા સુખદ બની રહેશે. એનો રખે કોઈ એવો અર્થ કાઢે કે ઉપયોગની આરાધના કરવા માટે વૃદ્ધાવસ્થાની કે માંદગીની રાહ જોવાની છે. ઉપયોગની સાધના તો જ્યાં જ્યારે થાય ત્યારે કરતા જ રહેવાની છે, તે ગમે ત્યાં ગમે ત્યારે થઈ શકે તેવી છે.

ઉપયોગની આરાધના કરીને - તે પ્રતિ જાગૃતિ રાખીને યોગ્ય દિશા ઉપયોગને આપીને મળેલા જન્મને સાર્થક કરી ગયેલા કેટલાક ભવ્યજીવોનાં કથાનકો હવે પછીના પ્રકરણમાં મૂકીને ઉપયોગની વાતને વિગતે સમજાવી છે જે સાધના કરવામાં સહાયરૂપ નીવડશે તેનાથી સાધના માટે બળ મળી રહેશે.

---

૯. સિદ્ધિને માર્ગે

ઉપાદાનની નિર્મળતા :

આગમ સાહિત્યમાં ઈલાચીકુમારનું કથાનક આવે છે. આ નટ આમ તો સુખી સંપન્ન પરિવારનો પુત્ર હતો. પણ એક નટકન્યાને જોતાં તે એટલો મોહી પડ્યો કે તેને લાગ્યું કે આ નટકન્યા વિના હું જીવી જ નહિ શકું. આમ તો તેણે ન્યાત જાતમાં અને ગામ પરગામમાં કેટલીય રૂપાળી કન્યાઓ જોઈ હતી પણ આ નટકન્યામાં અજબનાં કામણ હતાં.

ગામમાં થોડાક દિવસોથી નટમંડળી આવી હતી અને ગામ બહાર તંબુઓ તાણીને તે પડી હતી. ગામના ચોરામાં કે કોઈ ખુલ્લી જગા ઉપર આ નટો વાંસ ખોડીને રોપતા અને તેના ઉપર દોરડું બાંધતા. રાત્રે ગામ આખું પરવાર્યું હોય ત્યારે પછી આ નટમંડળીનો ખેલ શરૂ થાય. તેની શરૂઆત જ આ રૂપાળી નટકન્યાના ઢોલકથી જ થાય. ઢોલક વાગવા માંડે એટલે ગામ લોકો ભેગા થઈ જાય. એમાં કેટલાય તો ખેલ કરતાં આ નટકન્યાને જોવા માટે જ આવી પહોંચતા હતા.

યોગાનુયોગ નગરના શ્રેષ્ઠી કુટુંબના એકના એક પુત્રની નજર આ નટકન્યા ઉપર પડી. તેની અંગભંગી અને મોહક અદાઓ ઉપર આ યુવાન મોહી પડ્યો. નટકન્યાની તીખી નજરથી શ્રેષ્ઠીપુત્ર જાણે વીંધાઈ ગયો. તેણે આ નટકન્યાને પરણવાનો નિર્ધાર કરી લીધો અને ઘેર જઈને આ વાત તેણે માતા-પિતાને કરી. માતા-પિતાએ પુત્રને ઘણું સમજાવ્યો પણ તે માન્યો નહિ. પુત્રને ખાતર છેવટે શ્રેષ્ઠી ગામની બહાર પડેલા નટોના તંબુઓમાં ગયા અને આ નટકન્યાનું માગું કર્યું.

શરૂઆતની આનાકાની પછી નટોના મુખિયાએ કહ્યું, 'જો તમારો પુત્ર અમારી સાથે રહીને અમારી વિદ્યા શીખે અને ત્યાર પછી તેની કળાથી કોઈ રાજાને રીઝવી ઈનામ મેળવે તો અમે અમારી કન્યા તમારા પુત્રને વરાવીએ અને લગ્ન પણ અમારા રિવાજ પ્રમાણે થશે.

શેઠની ઘણીય ના છતાંય તેમના પુત્રએ મુખિયાની શરત સ્વીકારી અને તે નટો સાથે રહેવા માટે આવી ગયો. ત્યાર પછી નટો સાથે તે ગામેગામ ફરતો રહ્યો અને ખેલ પાડતો રહ્યો. નટવિદ્યામાં પારંગત થયા પછી રાજાને ખેલ કરીને રીઝવવાની છેલ્લી કસોટી હતી. જો તેમાં તે પાર ઊતરે તો જ તે નટકન્યાને મેળવી શકે તે શરત હતી.

આ છેલ્લી કસોટીમાંથી પાર ઊતરવા કોઈ એક ગામમાં રાજાના દરબારમાં નટોએ ખેલ પાડ્યો. મધરાતે ખેલ શરૂ થયો. શ્રેષ્ઠીપુત્રે રાજાને નમી ચપટી ધૂળ માથે ચડાવી ત્યાં નટકન્યાએ ઢોલક ઉપર થપાટ મારી. નટકન્યાના ઢોલકની થપાટ સાથે યુવક વાંસ ઉપર ચઢી ગયો પણ રાજાની નજર તો આ રૂપકડી નટકન્યા ઉપર ઠરી ગઈ. નટકન્યાને પણ આ શ્રેષ્ઠીપુત્ર ગમી ગયો હતો અને તેને માટે તેને પ્રેમ થઈ ગયેલો તેથી તે પણ ઉત્સાહમાં હતી. તેને કારણે તે આમતેમ ઘૂમતી જાય અને ઢોલક વગાડીને નટને સાથ આપી ઉત્સાહિત કરતી રહેતી. નટકન્યાની નજર વાંસ ઉપર ચઢેલા પોતાના પ્રેમી ઉપર રહેતી પણ રાજાની નજર તો નટકન્યા ઉપર મંડાઈ ગઈ હતી.

શ્રેષ્ઠીપુત્રે દોરડા ઉપર વિધ વિધ મુદ્રાઓમાં જુદા-જુદા ખેલ કરી બતાવ્યા. દરબારગઢમાં ભેગા થયેલા પ્રેક્ષકો ખેલને દાદ આપીને તાળીઓથી વધાવતા જાય પણ રાજા પ્રશંસાની એક તાલી સરખી પણ ન પાડે. ચતુર નટકન્યા રાજાનો ઈરાદો સમજી ગઈ હતી. તેણે નટને છેલ્લો ખેલ કરી વાંસ ઉપરથી ઊતરી જવા ઈશારો કર્યો. એકત્રિત થયેલી માનવમેદની પણ સમજી ગઈ હતી કે રાજાનો ઈરાદો નેક નથી. તેની મુરાદ મેલી લાગે છે.

મધરાતે શરૂ થયેલ ખેલ ચાલ્યા કરે છે. નટ થયેલો શ્રેષ્ઠીપુત્ર દોરડા ઉપર છેક ઊંચે સરકી રહ્યો છે. સવાર થઈ ગઈ છે. લોકો પણ વીખરાવા લાગ્યા છે. ત્યાં વાંસ ઉપર ઊંચે ચઢેલા નટની નજર દૂર એક ઘરમાં ગોચરી લેવા આવેલ મુનિ ઉપર પડી. મુનિ યુવાન છે. પાત્રામાં ગોચરી વોરાવતી સ્ત્રી સુંદર છે. મુનિની નજર પાત્રામાં પડતી ગોચરી ઉપર છે. તેમના મુખ ઉપર ચારિત્રની આભા ચમકી રહી છે. તે નીચેથી ઊંચું પણ જોતા નથી. ભાવથી ગોચરી વોરાવતી સુંદર સ્ત્રીના મુખ ઉપર પવિત્રતાની ઝલક વર્તાય છે.

આ દૃશ્ય જોઈને નટને પોતાની પરિસ્થિતિ ઉપર ધિક્કાર આવ્યો. હું રાજાને રીઝવીને ઈનામ ઈચ્છું છું. રાજા નટડીને ઝંખે છે. હું ક્યાંથી ક્યાં આવી પહોંચ્યો? શ્રેષ્ઠીનો પુત્ર થઈને એક નાના દરબારને રીઝવવા વાંસ ઉપર કલાકોથી નાચી રહ્યો છું. આમ સંસારના સ્વરૂપની ભાવના ભાવતાં ભાવતાં તે વૈરાગ્યની સીડી ઉપર ચઢવા લાગ્યો. ખેલ ખેલને ઠેકાણે રહ્યો અને બે વાંસને ટેકે બાંધેલા દોરડા ઉપર જ તેને કેવળજ્ઞાન થઈ ગયું અર્થાત્ કે તે કૃતકૃત્ય થઈ ગયો.

જ્ઞાનની પૂર્વ આરાધના કર્યા વિના કે દર્શનની શુદ્ધિ થયા વિના, ચારિત્ર ગ્રહણ કર્યા વિના, ગૃહસ્થના વેશમાં નટકન્યા મેળવવા માટે વાંસ ઉપર ચડેલા શ્રેષ્ઠીપુત્રને બધું પળવારમાં હાંસલ થઈ ગયું. ભવોભવનાં કર્મબંધનો તૂટી ગયાં. બહુ અસામાન્ય કહી શકાય તેવી વાત ઘટિત થઈ ગઈ.

કેવળજ્ઞાનની પ્રાપ્તિનું આ ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. ગાઢ રાગને વશ થઈને વાંસ ઉપર બાંધેલા દોરડા ઉપર ચઢીને નૃત્ય કરતા ઈલાચીકુમારના જીવના ઉપયોગની દિશા અલ્પ નિમિત્ત મળતાં બદલાઈ જાય છે. ગાઢ રાગમાં રાચતો જીવ, મુનિને સ્વસ્થ જોઈને વૈરાગ્યની વાટ પકડે છે અને તત્કાળ ક્ષપક શ્રેણિ માંડીને ધ્યાનની ધારાએ ચઢે છે અને કેવળજ્ઞાનની અવસ્થામાં સ્થિતિ કરી લે છે. આ ઘટનામાં નિમિત્તનો પ્રભાવ તો છે જ પણ તેના કરતાં ઉપાદાનની નિર્મળતાનો પ્રભાવ વિશેષ વર્તાય છે.

ઈલાચીકુમારના જીવનું ઉપાદાન ઘણું તૈયાર થઈ ગયેલું હશે જેથી અલ્પ નિમિત્ત પણ તેને સક્રિય કરવા માટે પૂરતું થઈ પડે છે. ઈલાચીકુમારના જીવમાં રાગની પરિણતી ગાઢ હતી પણ શ્રેષ્ઠીપુત્ર હોવા છતાંય એક નટડીને પરણીને અપનાવા માટેની તેની તત્પરતા જ તેના શુદ્ધ થયેલ ઉપાદાનની પ્રતીતિ કરાવે છે. તે વિના તે મા-બાપ સાથે આટલી હઠ ન કરે અને નટકન્યા પરણાવવા માટે નટોના મુખિયાએ મૂકેલી આટલી આકરી શરત ન સ્વીકારે. તેની પ્રામાણિકતા જ તેના શુદ્ધ ઉપાદાનની દ્યોતક છે.

આપણું ઉપાદાન એટલું તૈયાર નથી હોતું તેથી જીવનભર સાધુ-સંતોનાં દર્શન કરતા રહેવા છતાંય અને તેમની નિકટતા હોવા છતાં પણ

આપણામાં વૈરાગ્યનો ભાવ જાગતો નથી. આ જીવનમાં જ્યારે તક મળી છે ત્યારે બને એટલી ઉપાદાનની શુદ્ધિ કરી લેવી જોઈએ. આ માટે જો આપણે આપણા આત્માના ઉપયોગ ઉપર સતત ધ્યાન રાખતા રહીશું અને તેને સુધારતા રહીશું તો આપણું ઉપાદાન ઉત્તરોત્તર શુદ્ધ થતું જશે, પછી તો અલ્પનિમિત્ત પણ કામ કરી જશે.

પૂર્વજન્મના સંસ્કાર :

પૌરાણિક સાહિત્યમાં નંદમણિયારનું એક કથાનક આવે છે. તેની વાત ઘણી સૂચક છે. તેમાં ધર્મનો મર્મ રહેલો છે. લોકો ઉપર ઉપરથી વાત વાંચી લે છે પણ તેના મર્મને ચૂકી જાય છે. નંદ મણિયાર ધાર્મિક વૃત્તિનો હતો. પરંપરાથી ધર્મનાં જે વિધ-વિધાનો કહેલાં છે તે નંદ મણિયાર ઊલટથી કરતો હતો. તિથિએ બને ત્યાં સુધી તે પૌષધ લઈને ઉપાશ્રયે રહેતો હતો. પૌષધ સંયમનું વ્રત છે. તેમાં શ્રાવક એટલા સમય પૂરતી સાધુચર્યા પાળે તે અનુસાર રાત્રિએ ભોજન તો શું પણ પાણીય પીવાનું ન હોય.

નંદ મણિયારે રાત્રીનો પ્રથમ પ્રહર તો સુપેરે વ્યતીત કર્યો પણ પછીથી તેને પાણી પીવાનું મન થયું. જેમ જેમ સમય જતો ગયો તેમ તેને ગળામાં પાણીનો શોષ પડતો ગયો અને ઉત્તરોત્તર તેની તૃષા વધતી ગઈ. નંદ વિધિ પાલનમાં ચુસ્ત હતો. તેથી તે સમતાપૂર્વક તરસના દુઃખને સહન કરતો રહ્યો પણ તે વખતે તેના મનમાં થયું કે આ દુનિયામાં તરસનું દુઃખ ઘણું મોટું છે. ખાધા વિના તો હજુ ચાલે પણ પાણી વિના કોઈ રહી શકે નહિ માટે મારે એક વાવ ખોદાવવી. જતાં આવતાં માણસો તેમાંથી પાણી પી શકે અને વધારાનું જે પાણી વહી જાય તેનાથી હવાડો ભરાતો રહે, તરસ્યાં પશુઓ હવાડામાંથી પાણી પી શકે.

પૌષધ તો પૂર્ણ થઈ ગયો પણ નંદ મણિયાર તેની વાવની વાત ભૂલી શક્યો નહિ. ધંધે તે સંપન્ન હતો. મનમાં ભાવ હતો. તેણે વાવ બાંધવા પાછળ મન મૂકીને પૈસા ખર્ચવા માંડ્યા. સમય જતાં વાવનું બાંધકામ પૂર્ણ થયું. વાવ સુંદર લાગતી હતી. લોકો હોંશે હોંશે તેનો ઉપયોગ કરતા હતા.

સવારે તો આસપાસના વિસ્તારમાં રહેતી પનિહારીઓથી વાવ જાણે ભરાઈ જતી હતી. બપોરે ધોમ ધખતો હોય ત્યારે વટેમાર્ગુઓ વાવમાં ઊતરીને તેના શીતળ પાણીથી પોતાની તરસ છિપાવતા. વાવની બાજુમાં કાઢેલા હવાડામાંથી ઢોર-ઢાંખર પાણી પીને, તૃપ્ત નજરે આસપાસ જોતાં. નંદ મણિયાર રોજ જાતે વાવ જોવા આવતો હતો અને વાવનો ઉપયોગ થતો જોઈને મનોમન આનંદતો. પંથકના લોકો વાવની વાત કરતાં નંદ મણિયારની પ્રશંસા કરતા જે સાંભળીને નંદ પોતે ખુશી ખુશી થઈ જતો હતો.

આમ ને આમ વર્ષો વીતતાં ગયાં. પછી તો નંદને જાણે વાવ સાથે પ્રીતિ થઈ ગઈ. તે રોજ સાંજે વાવે આવતો હતો. તેની પાસે બેસીને વાવનાં નીરને જોયા કરતો હતો. સમય વહેતો રહ્યો. નંદ મણિયાર વૃદ્ધ થઈ ગયો અને ધીમે ધીમે રોગો પણ તેના ઉપર પંજો ફેલાવતા તેને જર્જરિત કરતા રહ્યા. છેવટે નંદ મણિયાર મૃત્યુ પામ્યો પણ મરણની વેળાએ પણ તેના મનમાં વાવ રમતી રહી તેથી મરીને તે આ વાવમાં જ દેડકો થઈને જન્મ્યો. કર્મની વ્યવસ્થામાં જ્યાં **પ્રીતિ ત્યાં આસક્તિ અને આસક્તિ ત્યાં ઉત્પત્તિ** થાય. કર્મનો કાયદો અફર રહ્યો અને નંદ મણિયાર પોતે બંધાવેલી વાવમાં આમતેમ કૂદકા મારતો, દેડકાના ભવમાં પોતાનું આયુષ્ય વ્યતીત કરતો રહ્યો.

એક દિવસ વાવમાં પાણી ભરવા આવેલ સ્ત્રીઓ મોટેથી વાતો કરતી હતી કે આજે તો ભગવાન મહાવીરની ધર્મસભા-સમોવસરણમાં જવું છે. તેમની વાણી સાંભળીએ તો પણ ભવોભવનાં પાપ નાશ પામે. ચાલો ઉતાવળે પાણી ભરીને જઈએ. આ વાતો સાંભળતાં પેલા દેડકાને જાતિસ્મરણની ઝાંખી થઈ. તેને થયું કે ભગવાનનું શાસન પામીને હું ક્યાં ચૂકી ગયો કે મારે દેડકાના ભવમાં આવવું પડ્યું. તેને થયું કે કેવાં અહોભાગ્ય કે ભગવાન અહીં જ પધારેલ છે. તેમની વાણી સાંભળવા જાઉં. આ વિચાર ઉત્તરોત્તર પાકટ થતો ગયો. તેની આગળનાં આવૃત્ત કર્મો જરા વધારે ખસી ગયાં અને તે ઊલટથી કૂદકો મારીને પાણીના કૂવામાંથી બહાર આવ્યો અને પછી તો વાવના એકેક પગથાળ ઠેકતો ઠેકતો તે વાવની

બહાર નીકળ્યો. આમતેમ જોતાં તેને ખ્યાલ આવ્યો કે લોકોની ભીડ જે તરફ જઈ રહી છે ત્યાં જ ભગવાનનું સમોવસરણ રચાયું હશે. આમ ભગવાનને જોવાનું સાંભળવાનું ચિંત્વન કરતાં કરતો તે માર્ગ ઉપર આગળ વધવા લાગ્યો.

સમોવસરણના રાજમાર્ગ ઉપર ભારે ભીડ હતી. ઘણાં વાહનોની અવર-જવર હતી. ત્યાં તો રાજા શ્રેણિક પણ ભગવાન મહાવીરના સમોવસરણમાં જવા માટે ઘોડા ઉપર નીકળ્યા. તેમનો ઘોડો ઉતાવળે જઈ રહ્યો હતો. ઘોડાના પગ નીચે આકસ્મિક એ દેડકો આવી ગયો અને તેના પ્રાણ નીકળી ગયા. તેની ખબર મહારાજા શ્રેણિકને તો પડી જ નહિ. તેઓ પણ ભગવાનને સાંભળવા માટે તેમનાં દર્શન કરવા ઉત્સાહભેર આગળ વધતાં વધતાં સમોવસરણમાં આવીને પોતાની પર્ષદામાં ગોઠવાઈ ગયા.

આ બાજુ દેડકાનો જીવ પરમાત્માને સાંભળવા જવાના અધ્યવસાયમાં શુભ લેશ્યામાં છૂટેલો તેથી તે સીધો દેવલોકમાં જઈ પહોંચ્યો. ભગવાન મહાવીરના સમોવસરણમાં જવાનો પોતાનો અધ્યવસાય ચાલુ જ હતો. તેથી તે તુરત જ દેવલોકના દેવોને સહજ પ્રાપ્ત થયેલ લબ્ધિને કારણે દેવલોકમાંથી આવીને સમોવસરણમાં દેવોની પર્ષદામાં બેસી ગયો. સમોવસરણમાં ગૌતમસ્વામીના એક પ્રશ્નનું સમાધાન કરાવતાં ભગવાન મહાવીરે આ વાતનો ઉલ્લેખ કરતાં કહ્યું 'હજુ તો દેડકાનું શબ રાજમાર્ગ ઉપર પડેલું છે અને તેનો જીવ દેવ બનીને અહીં પર્ષદામાં આવીને બેઠો છે.'

તત્ત્વજ્ઞાનની આ ગહન વાતો છે એનાં ઊંડાણ વધારે છે. જો પારિભાષિક શબ્દોમાં આ વાતને કહીએ તો પનિહારીઓની વાતો સાંભળતાં દેડકામાં રહેલા મણિયારના જીવને જાતિસ્મરણ જ્ઞાન થયું પૂર્વજન્મના સંસ્કાર આગળ આવ્યા આત્માનો ઉપયોગ બદલાયો. ઉપયોગ આગળ વધતાં આત્મ-પ્રવર્તન અધ્યવસાયના રૂપમાં પરિણમ્યું અને દેડકાના જીવને સમોવસરણમાં જવાની રુચિ થઈ. ભાવ જાગ્યો. આ ભાવ ગાઢ બનતાં જીવની લેશ્યા બદલાઈ અને તે પ્રમાણે ચિત્તવૃત્તિ બદલાઈ અને તેનો મન-વચન-કાયાનો યોગ બદલાયો અને દેડકો ઠેકતો ઠેકતો વાવની બહાર

નીકળ્યો. શુભ લેશ્યા અને અધ્યવસાયમાં પ્રાણ ગયા હોવાને કારણે દેડકાનો બીજો જન્મ દેવલોકમાં થયો અને ત્યાંથી તેને મોક્ષપ્રતિની યાત્રા શરૂ થઈ ગઈ.

સાધનામાં જીવનો ઉપયોગ ઘણો મહત્ત્વનો છે. તેથી તો ધર્મમાં કહેવાય છે કે ઉપયોગે ધર્મ. જે જીવ ઉપયોગને સાચવી જાણે છે, અધ્યવસાયને શુભ રાખી શકે છે તેની લેશ્યા શુભ બની જાય છે અને પછી તે પ્રમાણે જીવના મન-વચન ને કાયાના યોગોનું પ્રવર્તન થાય છે. મોક્ષમાર્ગની ચાવી ઉપયોગ અને અધ્યવસાયમાં રહેલી છે. જેટલો ઉપયોગ શુદ્ધ તેટલો મોક્ષમાર્ગ ટૂંકો. આ વિષયમાં ઊંડાણ વધારે છે, પણ ઉચ્ચની પ્રાપ્તિ કરવી હોય તો ઊંડાણ સાધવાં પડે.

નિમિત્તની પ્રબળતા :

તે જન્મ્યો તો હતો સારા કુટુંબમાં પણ કોણ જાણે કેમ તેને વિદ્યા માટે પ્રીતિ જ ન હતી. કુટુંબનો કર્મકાંડનો ધંધો હતો પણ તેય શીખ્યો નહીં. ભણવા જાય નહીં. ધંધો શીખે નહીં. તે છોકરો પછી કરેં શું? ગામમાં ફર્યા કરે અને કુસંગે ચઢી ગયો. ક્યાંક ચોરી કરે તો કોઈ જગાએ મારા-મારી કરતો હોય. વયમાં આવતાં તો મોટા ગુનાઓ કરતો થઈ ગયો. તેની ગુનાઈત પ્રવૃત્તિઓની રાજદરબાર સુધી ખબરો પહોંચવા લાગી. તેની સામે ઘણી ફરિયાદો આવતાં રાજાએ તેને ગામ છોડી ચાલ્યા જવાની સજા કરી.

ગામમાં કોઈ રાખે નહીં, સગાં-સંબંધી તો શું, પણ સગા બાપ પણ તેને સંઘરવા તૈયાર નહીં. પછી જાય કયાં? રખડતો રખડતો તે જંગલમાં આવેલા ચોરોના અડ્ડા ઉપર જઈ પહોંચ્યો. નાની વયથી જ તે ગુનાઓ કરતો આવ્યો છે અને મોટા ગુનાઓ કરવામાં પાવરધો થઈ ગયો છે તે જાણીને ચોરોના નાયકને તે ગમી ગયો. નાયકે તેને આવકાર્યો અને પોતાના પુત્ર તરીકે અપનાવી લીધો. ચોરોનો નાયક કોઈ ગામ ભાંગવા જાય ત્યારે બીજા ધાડપાડુઓ સાથે આને પણ લેતો જાય. ત્યાં તે કોઈ દયા-માયા વગર ગામ લોકોને મારતો-ઝૂડતો અને કયારેક રહેંસી પણ નાખતો. તેનાં આ પરાક્રમની અન્ય ચોરો પણ પ્રશંસા કરવા લાગ્યા. થોડાંક વર્ષોમાં ચોરોનો

નાયક મરી ગયો ત્યારે આ માણસને સર્વ રીતે યોગ્ય માનીને ચોરોએ પોતાના નાયક તરીકે સ્થાપ્યો. વળી આ માણસનો પ્રહાર એટલો જબ્બર પડતો કે એક ઘા અને બે કટકા થયા વિના રહે નહીં. તેથી લોકો તેને દૃઢપ્રહારી તરીકે ઓળખવા લાગ્યા.

એક વખત ચોરોની આ ટુકડી કુશસ્થળ નામના સમૃદ્ધ ગામ ઉપર ત્રાટકી. આખા ગામમાં નાસભાગ મચી ગઈ. એમાં કેટલાક ચોરો બ્રાહ્મણોની વસતિ તરફ વળ્યા અને એક ઘરમાં પેઠા. બ્રાહ્મણ નદીએ નહાવા ગયેલો પણ તે દિવસે તેને ત્યાં દૂધની ખીર બનાવેલી. મહિનાઓ પછી સારું ખાવાનું મળશે તેવી આશા રાખીને છોકરાંઓ બ્રાહ્મણના આવવાની રાહ જોતા હતા. ત્યાં તો ચોરો આવી પહોંચ્યા. બીજું કંઈ તો આ દરિદ્ર બ્રાહ્મણના ઘરમાંથી મળ્યું નહીં, પણ ખીર મળી તે ચોરો ઝાપટવા લાગ્યા. આ જોઈને છોકરાંઓએ રડારોળ કરી મૂકી. એટલામાં તો બ્રાહ્મણ નદીએથી આવ્યો અને છોકરાંઓ માટેની ખીર ચોરોને ખાતા જોઈને તે વીફર્યો. બારણા પાછળની ભોગળ કાઢીને બ્રાહ્મણ ઝનૂનથી ચોરો ઉપર તૂટી પડ્યો. મરણિયો થયેલો બ્રાહ્મણ ચોરોને ભારે પડી ગયો એટલે ચોરો નાસવા લાગ્યા.

આ જાણીને ચોરોનો નાયક મદદે દોડી આવ્યો અને બ્રાહ્મણ ઉપર તલવાર ઝીંકીને તેને વાઢી નાખ્યો. આ જોઈને ઘરને આંગણે બેઠેલી ગાય વીફરી અને તે ખીલો તોડીને શીંગડાં ઉછાળતી દૃઢપ્રહારી ઉપર ધસી ગઈ. ચોરોના નાયકે તેના ઉપર પણ તલવાર ઝીંકી એટલે તે પળવારમાં કપાઈ ગઈ અને તરફડીને મૃત્યુ પામી. ઘરમાં હતપ્રભ બનીને ઊભી રહેલ બ્રાહ્મણી આ ઘોર હત્યા સહન ન કરી શકી. એટલે તે હાથમાં જે આવ્યું તે લઈને નાયક ઉપર ધસી ગઈ. બ્રાહ્મણીને આમ ધસી આવતી જોઈને દૃઢપ્રહારીએ બ્રાહ્મણીના પેટમાં પોતાની કટાર ખોસી દીધી જેનાથી તે તો પડી, પણ તેની સાથે તેના ઉદરમાં રહેલો ગર્ભ પણ વીંધાઈ ગયો હતો, જે નીચે પડીને તરફડવા લાગ્યો.

આ હિંસાકાંડ પળમાં રચાઈ ગયો. હતપ્રભ બનીને તે જોઈ રહેલાં બ્રાહ્મણનાં બાળકો કકળવા લાગ્યાં. તેમનાં આંસુઓથી ભીંજાયેલા ભયભીત

ચહેરાઓ જોઈને ચોરોનો નાયક કંપી ઊઠ્યો. કોણ જાણે કયાંથી તેના દિલમાં દયાનું ઝરણું ફૂટી નીકળ્યું. તેણે તલવાર બાજુએ મૂકી દીધી. તેની અંદર ભારે હલચલ મચી ગઈ. બીજા ચોરો કયાં છે તેઓ શું કરે છે, તે જોવા પણ તે ઊભો ન રહ્યો. લૂંટાયેલા માલ સામે પણ નજર ન નાખી અને તે ગામની બહાર ચાલી ગયો. ત્યાં એક વૃક્ષ નીચે મૂઢ થઈને ઊભો રહ્યો. પોતાના પ્રહારથી ખુશ થવાને બદલે તે અંતરથી કકળી રહ્યો હતોઃ આ મેં શું કરી નાખ્યું? આવી ઘોર હત્યાઓ મારે હાથે થઈ ગઈ! હવે મારું શું થશે? બ્રહ્મહત્યા, ગૌહત્યા, સ્ત્રીહત્યા અને ભ્રૂણહત્યાનું જઘન્ય પાપ મેં કર્યું. હવે તેમાંથી કેમ છૂટીશ?

તેના અંતરમાં પશ્ચાત્તાપનો ભાવ તીવ્ર બનતો ગયો. તેને થયું મેં જિંદગી એળે ગુમાવી દીધી. બ્રાહ્મણને ઘરે જન્મીને હું કયાંથી કયાં જઈ પહોંચ્યો? હવે મારું શું થશે? હું શું કરું? કયાં જાઉં ? – એમ ચિંતનની ધારાએ ચઢતો ગયો. યોગાનુયોગ એટલામાં ત્યાં એક મુનિ આવી પહોંચ્યા. દઢપ્રહારીએ તેમના પગમાં પડતાં પૂછ્યું, ‘‘મારો ઉદ્ધાર થશે ખરો? હું મહાપાપી છું.’’ મુનિએ કહ્યું, ‘‘પ્રાયશ્ચિત્ત અને સંયમથી ભલભલાં પાપકર્મ ખપી જાય. જેવા તારા ભાવ તેવું પરિણામ.’’ અને ચોરોના નાયકે મનોમન સંયમ લઈ લીધો. મનથી સંસાર છોડી દીધો અને પ્રાયશ્ચિત્ત કરવા માટે એ જ ગામની ભાગોળે જઈને ધ્યાનસ્થ મુદ્રામાં ઊભો રહ્યો. ન કંઈ આહાર લે કે ન પાણી લે. ભૂખ્યો અને તરસ્યો પશ્ચાત્તાપ કરતો તે ઊભો રહી ગયો. ગામલોકો તેને ઓળખી ગયા. તેને ગાળો આપી. તેનો તિરસ્કાર કર્યો, તેને અસહ્ય માર માર્યો પણ તેણે તે બધું શાંતિથી સહન કરી લીધું. તેને થયું કે મેં કરેલાં પાપની તુલનામાં તો આ કંઈ જ નથી. તે અંતરથી સૌને ખમાવતો રહ્યો.

કથાનક કહે છે કે આવી ઉગ્ર તપશ્ચર્યા, પશ્ચાત્તાપ અને સંયમને કારણે એક વખતના નર્કના અધિકારી દઢ પ્રહારીનાં બધાં કર્મ ખપી ગયાં અને તે તેજ ભવમાં કેવળજ્ઞાન પામ્યા. જન્મ, જરા અને મૃત્યુના બંધનમાંથી સદા માટે મુક્ત થઈ ગયા.

આત્માના બદલાયેલા ઉપયોગની આ વાત છે. હિંસા-ક્રૂરતા-ચોરી

ઈત્યાદિ મલિન કષાયોની પરિણતીને કારણે દૃઢપ્રહારીને બ્રાહ્મણ, ગાય અને સ્ત્રીની હત્યા કરતાં સંકોચ થતો નથી. પણ ભ્રૂણને તરફડતો જોઈને કષાયોની પરિણતી બદલાય છે. આત્માના ઉપયોગની દિશા બદલાય છે. પરિણામે અધ્યવસાય બદલાય છે. ક્રૂરતા-હિંસા ઈત્યાદિના ભાવો બદલાઈ જાય છે. તેને સ્થાને મૃદુતા અને કરુણાના ભાવો અંતરમાં જાગે છે. તેને લીધે લેશ્યા શુભ બની જાય છે. સાથીઓને છોડીને ગામ બહાર આવીને વૃક્ષ નીચે બેસીને પશ્ચાત્તાપ કરે છે. સદ્‌ભાગ્યે કોઈ મુનિ મળે છે. તેમના ઉપદેશથી સંયમ ગ્રહણ કરીને પ્રાયશ્ચિત્ત કરે છે. આત્માની પરિણતી શુભમાંથી શુદ્ધ થવા લાગે છે. કષાયોનું વિસર્જન થવા લાગે છે. કર્મનાં બંધન તૂટતાં જાય છે. આત્માનાં પરિણામો એટલાં વિશુદ્ધ થઈ જાય છે કે તેમને કેવળજ્ઞાન થાય છે.

અહીં ઉપયોગ બદલાવામાં નિમિત્ત ઘણો ભાગ ભજવે છે. નિમિત્ત એટલું પ્રબળ છે કે જીવના અંતરના ઊંડાણમાં પડેલા સંસ્કારોને તે સંકોરે છે. જીવનો ઉપયોગ બદલાય છે જે તેને એ જ ભવમાં મોક્ષની વાટે ચઢાવી દે છે. એનો અર્થ એ થયો કે સમયે જીવને યોગ્ય નિમિત્ત મળી જાય અને જીવનું ઉપાદાન સારું હોય તો ઉપયોગનો પંથ બદલાઈ જાય. માટે આત્માના ઉપયોગને જોયા કરવો અને તેને સુધારતા રહેવો એ બહુ મહત્ત્વની સાધના છે. સરળ છે, પણ ઉત્કૃષ્ટ ફળ આપનારી સાધના છે. માટે તો ઉપયોગને ધર્મ કહ્યો છે.

ભવાંતરની ગતિ :

જૈન આગમ સાહિત્યમાં મગધના રાજા શ્રેણિકનું નામ બહુ જાણીતું છે. ભગવાન મહાવીર ઉપર તેમને ઘણી આસ્થા હતી. તેમનું જીવન ભગવાનને સમર્પિત હતું. પરંતુ ભગવાન મહાવીરના પરિચયમાં તેઓ આવ્યા તે પહેલાંનું તેમનું જીવન તદ્દન જુદું હતું. તે વખતે તેઓ એક રાજવી તરીકે જીવન જીવતા હતા અને તેમની રહેણીકરણી તે સમયના રાજાઓને અનુરૂપ હતી.

રાજા શ્રેણિક એક વખત જંગલમાં શિકાર કરવા ગયા હતા. ત્યાં તેમણે

દૂર એક હરણીને જોઈ. તેમણે તે તરફ ઘોડો દોડાવ્યો. જીવ બચાવવા હરણી નાસી રહી હતી, પાછળ શ્રેણિક રાજાનો ઘોડો. શ્રેણિકે દૂરથી નિશાન લઈને હરણી ઉપર બાણ છોડ્યું. બાણ હરણીના પેટમાં ખૂંપી ગયું. તેનું પેટ ફાટી ગયું અને તેમાંથી બચ્ચું બહાર પડ્યું. હરણી અને બચ્ચું તરફડીને મરી ગયાં.

શ્રેણિકે નજીક આવીને જોયું તો હરણી પડેલી અને તેના ગર્ભમાં રહેલું બચ્ચું મરીને પડ્યું હતું. તે જોઈને તેમના દિલમાં કરુણાનો ભાવ થવાને બદલે ગર્વ થયો. તેમને લાગ્યું કે કેવું અચૂક મારું નિશાન! દૂરથી બાણ છોડ્યું તો પણ નિશાનચૂક થઈ નહીં અને મારા એક બાણથી બબ્બે જીવો વીંધાઈ ગયા. આમ વિચારીને શ્રેણિક પુનઃ પુનઃ આનંદવા લાગ્યા. યોગાનુયોગ તે સમયે તેમના બીજા ભવના આયુષ્યનો બંધ પડ્યો. ઘોર હિંસા અને તેની અનુમોદના કરેલી તેથી ત્રીજી નર્કના આયુષ્યનો બંધ પડી ગયો, જેની તેમને ખબર ન પડી.

કાળક્રમે ભગવાન મહાવીરના પરિચયમાં શ્રેણિક રાજા આવતા ગયા. જ્ઞાનની પ્રાપ્તિ થઈ. ધર્મ સમજાયો. જીવનમાં પરિવર્તન આવી ગયું. ધર્મમય જીવન થઈ ગયું. એવામાં ક્યાંક જીવની મરણોત્તર ગતિની ચર્ચા થતી હતી ત્યારે શ્રેણિકને પોતાના આગળના ભવની ગતિ વિશે જાણવાની ઈચ્છા થઈ. તેમણે ભગવાનને તે વિશે પૂછ્યું. ભગવાન મહાવીરે કહ્યું, ''શ્રેણિક તારું નરકગતિનું આયુષ્ય બંધાઈ ગયું છે. અહીંથી મરીને તું ત્રીજી નરકે જઈશ.''

આ સાંભળીને શ્રેણિકનો જીવ કકળી ઊઠ્યો. તેમણે કહ્યું, ''હું આટઆટલો ધર્મ કરું છતાંય ત્રીજી નરકે – તે કેવી રીતે બને? તમારા જેવા ભગવાન મને મળ્યા હોય પછી મારી એવી ગતિ કેવી રીતે થાય? તમે ગમે તે કરો. મને બચાવી લો.''

ભગવાન મહાવીરે કહ્યું, ''શ્રેણિક જરા યાદ કર, એક વખત તું શિકારે ગયો હતો ત્યારે તેં હરણીને અને તેના ગર્ભને એક બાણે વીંધી નાખ્યા હતા. વળી તેના ઉપર તે ખૂબ હર્ષ કર્યો હતો. તેથી તેં નર્કનું આયુષ્ય તો બાંધ્યું હતું, વળી તેને તેં નિકાચીત કરી દીધું હતું. હવે તે ભોગવ્યા વિના તારો છૂટકો નહીં થાય.''

આ સાંભળીને શ્રેણિક રાજા અત્યંત દુઃખી થઈ ગયા અને ભગવાનના ચરણમાં પડીને વીનવવા લાગ્યા કે મને કોઈ રીતે બચાવી લો. ભગવાન કંઈ કરો. મને સહાય કરો.

આ બાબત કંઈ થઈ શકે તેમ ન હોવા છતાંય ભગવાને શ્રેણિકને સાંત્વના આપવા કહ્યું, "તારા રાજ્યમાં કાલસૌરિક કસાઈ રહે છે તે રોજના કેટલાય પાડાઓ મારે છે. જો તેને તું આ હિંસા કરતો એક દિવસ માટે રોકી શકે તો કદાચ તું આ નર્કના ભોગવટામાંથી બચી જાય."

શ્રેણિકને લાગ્યું કે આ કામ મુશ્કેલ નથી. તેમણે કાલસૌરિકને બોલાવીને એક દિવસ માટે હિંસા ન કરવા સમજાવ્યો અને તેના બદલામાં અઢળક દ્રવ્ય આપવા માંડ્યું. પણ કાલસૌરિક માન્યો નહીં. તેણે કહ્યું, "રાજન, પાડા મારવા એ મારો ધંધો છે. પરંપરાથી તે ચાલ્યો આવે છે. તમે ગમે તેટલું દ્રવ્ય આપો પણ હું પાડા માર્યા વિના રહી ન શકું."

શ્રેણિકને જ્યારે લાગ્યું કે આ કસાઈ આમ નહીં જ માને એટલે તેમણે કાલસૌરિકને બંધનમાં નાખ્યો અને એક હવડ કૂવામાં ઉતાર્યો જેથી તે પાડા મારી શકે નહીં. બીજે દિવસે શ્રેણિકે તેને મુક્ત કરીને ધન આપ્યું. પછી ભગવાન પાસે જઈને તેણે કહ્યું, "ભગવાન! મેં ગમે તે રીતે કાલસૌરિકને એક દિવસ માટે હિંસા કરતાં રોક્યો છે. હવે તો હું નર્કના ભોગવવામાંથી બચી જઈશને!"

ભગવાને કહ્યું, "તું કાલસૌરિકને પૂછી જો કે તેણે આખો દિવસ કેવી રીતે પસાર કર્યો?" શ્રેણિકે કાલસૌરિકને બોલાવીને પૂછ્યું તો કાલસૌરિકે કહ્યું, "મહારાજ! માફી ચાહું છું. પાડા માર્યા સિવાય મારો દિવસ કેમ જાય? થોડીક વાર હું બેચેન રહ્યો પછી મેં કીમિયો કર્યો. કૂવામાં પાણી હતું નહીં. પણ રેતી ભીની હતી. મેં તેમાં પાડા ચીતરવા માંડ્યા અને પછી એકેકના ગળા ઉપર આંગળીના ઘા કરીને તેમને મારતો રહ્યો. આમ આખા દિવસમાં મેં રેતીમાંથી ચીતરેલા બસો પાડા માર્યા પછી મને નિરાંતે ઊંઘ આવી ગઈ."

શ્રેણિકે કલ્પાંત કરતાં ભગવાનને આ વાત કહી ત્યારે તેમણે કહ્યું, "શ્રેણિક, કરેલો ધર્મ નકામો નથી જતો. તારા ધર્મના પ્રતાપે તું આવતી

ચોવીસીનો પ્રથમ તીર્થંકર થઈશ. માટે હવે સ્થિરતા રાખ. કરેલું ભાગ્યે જ મિથ્યા થાય છે. બધાં કર્મના સામ સામે સરવાળા બાદબાકી થતા નથી.''

કર્મની ગતિની આ ગહન વાતો તો છે જ કે નિકાચીત કર્મ ભોગવ્યા વિના જીવનો છુટકારો થતો નથી. એમાં ભગવાન પણ વચ્ચે આવતા નથી. પણ સાથે સાથે તેમાં જીવના ઉપયોગની વાત રહેલી છે જે વિચારવા જેવી છે. શ્રેણિક રાજાને નર્કની ગતિની વાતથી ખેદ થાય છે. નર્કની ગતિમાંથી ઊગરી જવા તે કંઈ પણ કરવા તૈયાર છે. શ્રેણિકનો ઉપયોગ ભગવાનના પરિચયથી અને ધર્મના પરિશીલનથી શુદ્ધ થયેલો છે. તેથી ભાવિ ચોવીસીના પ્રથમ તીર્થંકર થવાનું આયુષ્ય પણ તેમણે ઉપાર્જન કરેલું છે.

તો બીજી બાજુ એ સમજવા જેવી કે ધ્યાન આપવા જેવી વાત છે કે કાલસૌરિક કસાઈના જીવનો ઉપયોગ શ્રેણિક રાજા પણ બદલાવી શકતા નથી. કાલસૌરિકના જીવની કષાયપરિણતી ક્રૂર હિંસા આચરવાની છે. રાજા જેવો રાજા ગમે તેટલું ધન આપીને કે કેદમાં નાખીને પણ તે પરિણતી બદલાવી શકતો નથી. રાજા તેને કૂવામાં ઉતારીને આખો દિવસ બાંધી રાખે છે. તો છેવટે તે માનસિક રીતે પણ હિંસા કરીને આનંદે છે. કાલસૌરિક ભારે કર્મી જીવ છે. તેની કષાયપરિણતી ગાઢ છે. પરિણામે તેના કલુષિત ઉપયોગમાં ફેરફાર થઈ શકતો નથી. નિશ્ચિત નર્કગતિનું કારણ.

સંસારથી બચવાનો કે પછી સંસારમાં સુખ-શાંતિથી રહેવાનો સરળમાં સરળ ઉપાય છે કષાયની પરિણતી ઓછામાં ઓછી રાખવાનો અને ઉપયોગની શુદ્ધિ કરવાનો. ઉપયોગનું પ્રતિબિંબ અધ્યવસાયમાં ઝિલાયા વિના રહેતું નથી. અધ્યવસાય પ્રમાણે લેશ્યા બદલાઈ જાય છે જેને પરિણામે જીવનાં વાણી-વર્તન બદલાઈ જાય છે અને કર્મની શૃંખલા સર્જાય છે. માટે જીવનમાં સતત ઉપયોગને જોતા રહેવો અને સુધારતા રહેવો - શુદ્ધ કરતા રહેવો. ઉપયોગની શુદ્ધિ એ ધર્મમાર્ગનું પ્રથમ ચરણ છે.

બદલાતા ઉપયોગ :

પોતનપુરના રાજવી પ્રસન્નચંદ્ર, ભગવાનની દેશના સાંભળીને સંસારથી ઉદ્વેગ પામ્યા અને પોતાના બાળકુંવરને રાજ્ય સિંહાસન ઉપર બેસાડી તેમણે દીક્ષા ગ્રહણ કરી લીધી. તેઓ સૂત્રાર્થના પારગામી થયા અને કર્મ ખપાવવા માટે ઉગ્ર તપ કરી રહ્યા હતા. એ અવસ્થામાં તેમણે કોઈના મોંએ સાંભળ્યું કે તેમના મંત્રીઓ બીજા પ્રદેશના રાજા સાથે મળી ગયા છે અને બાળકુંવરને ગાદી ઉપરથી ઉથલાવી પાડવા ષડયંત્ર રચી રહ્યા છે.

આ વાત સાંભળીને તેઓ એટલા ઉશ્કેરાઈ ગયા કે મનોમન તેઓ મંત્રીઓ સાથે યુદ્ધ કરવા લાગ્યા. એ સમયે ભગવાન મહાવીરને વંદન કરવા શ્રેણિક મહારાજ જઈ રહ્યા હતા. પ્રસન્નચંદ્ર રાજર્ષિને જોઈને તેઓ એટલા પ્રભાવિત થઈ ગયા હતા કે તેમણે ભગવાનને વંદન કરીને પૂછ્યું, ''રાજર્ષિ આ ધ્યાનમાં અત્યારે મૃત્યુ પામે તો તેમની કઈ ગતિ થાય? ભગવાને કહ્યું, 'સાતમીં નર્ક', શ્રેણિકને લાગ્યું કે મારા સાંભળવામાં ભૂલ થઈ હશે બાકી આવા ધ્યાનમાં બેઠેલા અને તપ કરતા જીવની આવી ગતિ ન થાય. તેથી તેમણે પુનઃ એ જ પ્રશ્ન કર્યો તો ભગવાને કહ્યું, ''સર્વાર્થસિદ્ધ વિમાનમાં જાય.'' ત્યાં તો દેવદુંદુભિ વાગતાં શ્રેણિકે પૂછ્યું, ''ભગવાન! દેવો આ શાનો મહોત્સવ કરી રહ્યા છે?'' ભગવાને કહ્યું, ''પ્રસન્નચંદ્રને કેવળજ્ઞાન થયું.''

બદલાતા ઉપયોગની આ વાત છે. પ્રસન્નચંદ્ર જ્યારે મનોમન યુદ્ધ કરી રહ્યા હતા ત્યારે તેઓ નર્કગતિનું આયુષ્ય બાંધતા હતા. પણ થોડીક વારમાં તેમનો ઉપયોગ બદલાયો કે આ હું શું કરી રહ્યો છું? મેં તો ચારિત્ર ગ્રહણ કરેલું છે. હું તો સંયમમાં છું અને આલોચના લઈ તે પુનઃ ધ્યાનમાં સ્થિર થયા. તે સમયે તેઓ સર્વાર્થસિદ્ધ વિમાનના દેવનું આયુષ્ય બાંધી રહ્યા હતા. પછી તો તેમના ઉપયોગની ધારા ઉત્તરોત્તર શુદ્ધ બનતી ગઈ અને તેમણે ક્ષપક શ્રેણી માંડી સર્વકર્મનો ક્ષય કર્યો તેથી તેમને કેવળજ્ઞાન થયું.

જીવના બદલાતા ઉપયોગમાં કેટલું બળ હોય છે તેનું આ ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

શબ્દસમજ

સંવર	=	રોકવું. કર્મને આવતાં રોકવાં
નિર્જરા	=	ખંખેરવું. કર્મને ખપાવવાં
ઉપયોગ	=	જીવનું સંવેદન-પ્રવર્તન, જીવની પરિણતી
કષાય	=	રાગ-દ્વેષજનિત ભાવો. ક્રોધ, માન, માયા, લોભ વગેરે જેનાથી સંસાર વધે.
પરિણતી	=	સંલગ્નતા-જોડાણ
અધ્યવસાય	=	જીવનો અભિગમ-રુચિ, નિર્ણય વિશે સ્પષ્ટતા
લેશ્યા	=	જીવની ભાવછાયા - જે છ રંગો જેવી હોય છે.
પ્રત્યાખ્યાન	=	પચ્ચક્ખાણ - પ્રતિજ્ઞા - સંકલ્પ
પ્રતિક્રમણ	-	પાછા હઠવું - કષાયમાંથી - પાપમાંથી
પ્રત્યાહાર	=	પાછા ખેંચવું. ઈન્દ્રિયોને વિષયોથી રોકવી
પચ્ચક્ખાણ	=	સંયમની પ્રતિજ્ઞા - સંકલ્પ
આત્મા	=	ચૈતન્ય
જીવ	=	ચૈતન્યની કષાય - કર્મસહિત અવસ્થા
કેવળજ્ઞાન ભાવ	=	આત્માની ફક્ત જ્ઞાનમય અવસ્થા. જેમાં જ્ઞાતા-દ્રષ્ટા હોય. સંવેદન હોય પણ તે પ્રતિ રાગ-દ્વેષ ન હોય.
ઉપાદાન	=	મૂળ વસ્તુ.
અનંત ચતુષ્ટયી	=	આત્માની ચાર અનંત સંપદાઓ : અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય (સામર્થ્ય), અવ્યાબાધ સુખ
સંજ્ઞા	=	મૌલિક વૃત્તિ - Instinct
સંજ્ઞી પંચેન્દ્રિય	=	મન અને પાંચ ઈન્દ્રિયોવાળો જીવ - મનુષ્ય
સ્વભાવ	=	મૂળ પ્રકૃતિ - અંતર્ગત ભાવ
વિભાવ	=	પર પ્રકૃતિ - આગંતુક ભાવ
ખમાવવું	=	ક્ષમા આપવી

સરળ સાધના

'મહાવીરનો સાધનાપથ' એક વિશિષ્ટ પુસ્તક છે. તેમાં સાધનાની ચીલા ચાલુ વાતો નથી, પણ સાધનાના સિદ્ધાંતનું સરળ ભાષામાં નિરૂપણ થયેલું છે. સાધનાનું લક્ષ્ય છે અનંત અવ્યાબાધ સુખમાં સ્થિતિ જે સિદ્ધ કરવા માટે આવશ્યક છે કર્મરહિત અવસ્થાની. આ માટેનો ટૂંકામાં ટૂંકો માર્ગ છે કર્મના સંવરનો અને નિર્જરાનો. તેની સાધના હાલતાં–ચાલતાં, હરતાં–ફરતાં, ઉઠતાં–બેસતાં ગમે તે સ્થિતિમાં કેવી રીતે થઈ શકે તેનું આ પુસ્તકમાં નિર્દેશન થયેલું છે. ધર્મના પ્રવર્તમાન વિધિ–વિધાનોની અંતર્ગત આ વાત કેવી રીતે રહેલી છે તે દર્શાવીને લેખકે મહાવીરના સાધનાપથની રૂપરેખા આપી છે. પુસ્તકને અંતે લેખકે 'ઉપયોગે ધર્મ'ની વાત સમજાવીને સાધનાનો માર્ગ જાણે સૌના માટે મોકળો કરી આપ્યો છે.

આજના અતિવ્યસ્ત જીવનમાં સાધના કરવા માટે સૌને ઉપયોગી થઈ પડે તેવું આ પુસ્તક છે. વૃદ્ધો અને પથારીવશ થઈને જિંદગી ગુજારતા લોકો માટે તો તે આશીર્વાદરૂપ થઈ પડે તેવું છે.

00223782